# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 14 ● પ્રકરણ : 02 ● સળંગ અંક : 158 26 મે 2008 વાર્ષિક લવાજમ : £25 / £40


## વિચારનિષ્ઠા કે વ્યક્તિનિષ્ઠા ?

○ ગોવિંદભાઈ રાવલ

વિચાર અપૌરુષેય છે. વિચારની વાહક વ્યક્તિ તો એક નિમિત્ત છે. મોટા ભાગના વિચારો ઐતિહાસિક આવશ્યક્તાની નીપજ હોય છે. કહેવાય છે કે વેદો અપૌરુષેય છે. નામી-અનામી એવા અનેક ઋષિમુનિઓને એમના અંતરમાં સ્ફુરેલાં સ્પંદનો એ છે વેદોની ઋચાઓ.

દરેક વિચાર, સમાજ જે મુકામ પર આવી થંભી ગયો હોય તેને એક કદમ આગળ લઈ જાય છે. દરેક વિચાર જીવનને પોષક-સંવર્ધક એવા કોઈ મૂલ્યની ઉદ્દઘોષણા કરે છે. દા.ત.

*– સત્યમેવ જયતે.*

*– અહિંસા પરમો ધર્મઃ.*

આવાં જીવનમૂલ્યોને જીવીને તેની ઉદ્દઘોષણા કરનાર વ્યક્તિ અમર થઈ જાય છે. દા.ત. સત્ય બોલતાં આંખ આગળ રામ ખડા થઈ જશે. પ્રેમ બોલતાં કૃષ્ણ, કરુણા બોલતાં બુદ્ધ, અહિંસા બોલતાં મહાવીર, સેવા બોલતાં ઈસુ, શાંતિ બોલતાં મહમ્મદ, સત્યાગ્રહ બોલતાં ગાંધીજી.

અસલમાં તો આ વ્યક્તિઓ જે તે જીવનમૂલ્યને એવું તો જીવી ગયા કે જે તે મૂલ્યનો એ પર્યાય બની ગયા. કાળાંતરે બને છે એવું કે – મૂલ્યને વિસારી આપણે વ્યક્તિને જ સેવવા લાગીએ છીએ. તેથી બાહ્ય ક્રિયાકાંડ, પાઠ-પૂજા, હોમ-હવન, મંદિર-મસ્જિદ, મૂર્તિ-દરગાહ વગેરે ક્રિયાકલાપમાં અટવાઈ મૂલ્યને વિસરી જઈએ છીએ.

માનવ સ્વભાવની આ એક નબળાઈ કે તે વિચારને વિસરી વ્યક્તિને પૂજવા મંડી પડે છે. આમાંથી Hero worship - વ્યક્તિ પૂજાનો ઠઠારો વધી જાય છે.

પ્રાચીનકાળમાં વેદ-ઉપનિષદ યુગમાં વ્યક્તિ પ્રામાણ્ય નહોતું પણ રામાયણકાળથી આ પરંપરા શરૂ થઈ. રામાયણમાં રામ, મહાભારતમાં કૃષ્ણ. અલબત્ત એમાં એ નરશાર્દૂલ કે પુરુષોત્તમ રૂપે નિરૂપાયા હતા. પણ ભાગવત, હરિવંશ અને તુલસી રામાયણમાં એ સાક્ષાત્ ઈશ્વર તરીકે ઉપસી આવ્યા. જૈનધર્મી અનીશ્વરવાદી, પણ તેમાં તીર્થંકરો ભગવાનરૂપે પૂજાય. બુદ્ધે તો પોતે જ મૂર્તિપૂજાનો વિરોધ કરેલો પણ એમની મૂર્તિઓ થઈ અને એની પૂજા પણ થવા લાગી. ખ્રિસ્તીઓમાં ઈસુ અને મેરીની ઈશ્વર જેવી જ પૂજા થાય છે. ઇસ્લામમાં મૂર્તિ પૂજા નથી પણ દરગાહોની કેટલી બોલબાલા છે ?

સ્વામી આનંદ કહેતા – માનવી અપૂર્ણ છે. અને એવી કોઈક જગા જોઈએ જ્યાં એ પોતાનું માથું ટેકવી ઊંડી સાંત્વના અનુભવે.

જે તે ધર્મોમાં જે અનેક સંપ્રદાયો ઊભા થયા છે તેમાં પણ તેના મૂળ પ્રવર્તક ભગવાન રૂપે જ પૂજાતા હોય છે. દા.ત. પ્રણામી સંપ્રદાયમાં પ્રાણનાથજી, સ્વામી નારાયણ સંપ્રદાયમાં સહજાનંદસ્વામી. આ ચેપ એવો છે કે એના ગાદીપતિ ગુરુઓ પણ લગભગ ભગવાનની જેમ જ પૂજાય છે. અરે, ક્યારેક તો ભગવાન કરતાં પણ અધિક.

ખુદ કબીરે જ કહ્યું,

*ગુરુ ગોવિંદ દોનો ખડે કિનકો લાગું પાય,*
*બલિહારી ગુરુ આપકી જિન્હેં ગોવિંદ દિયો બતાય.*

સત્‌ને ગુરુ માનવાને બદલે ગુરુને સત્ માની સંપ્રદાયો ચાલે છે.

આમ ધાર્મિક પરંપરાઓમાં તો વિચારનિષ્ઠાને બદલે વ્યક્તિનિષ્ઠા બળવત્તર છે પણ આજના યુગમાં જે નવો વિચાર આવ્યો – લોકશાહીનો; જેમાં વ્યક્તિ કોઈ શાહ નહીં, રાજા-બાદશાહ નહીં, પણ લોક જ શાહ. પણ વ્યવહારમાં ત્યાં પણ શું થાય છે ?

આજે લોકશાહી પક્ષીય ધોરણે ચાલે છે. પહેલાં તો ત્યાં જ લોકોનો લોપ થયો. પક્ષમાં પણ હાઈકમાન્ડ એ રાજા નથી તો શું છે ?

લોકશાહીએ આપેલાં જીવનમૂલ્યો, સ્વતંત્રતા, સમાનતા, સેક્યુલારિઝમ વગેરેની શું દશા છે ?

એના બદલે પક્ષોમાં વંશવાદ, વ્યક્તિવાદ, મૂડીવાદની બોલબાલા નથી શું ? કોઈ પ્રમાણિક, સેવાભાવી, અભ્યાસી, પણ સામાન્ય માણસ આજે ચૂંટણી લડી શકે ખરો ? લોકશાહી મૂલ્યોની કેળવણી કરવાને બદલે પક્ષો એમના દેશકક્ષાના કે પ્રાંતકક્ષાના હાઈકમાન્ડને નામે જ મત માગતા હોય છે.

મૂલ્યોની કેળવણી નથી ધર્મોમાં થતી, નથી લોકશાહીમાં થતી.

ગાંધીજીની પણ આપણે એ જ દશા કરી. ખુદ ગાંધીજી તો કહેતા કે મેં ગાંધીવાદ જેવો કોઈ ઉપદ્રવ કર્યો નથી. મારે દુનિયાને કશું નવું આપવાનું નથી. હું તો સત્ય અને અહિંસાની જ વાત કરું છું. (જે જીવન મૂલ્યો છે) હા, એમનું પ્રદાન જરૂર છે. એ મૂલ્યો સત્ય અને અહિંસાનું એમણે એવું સંયોજન કર્યું કે તેમાંથી ‘સત્યાગ્રહ’ના નવતર વિચારનો આવિષ્કાર થયો. ગાંધીજી દ્વારા એક નવું મૂલ્ય - સત્યાગ્રહ (અન્યાયનો અહિંસક પ્રતિકાર) આપણને મળ્યું. પણ ગાંધીજી પ્રેરિત આ મૂલ્ય કે તેમના નામ પર મુકાય છે. અને તેથી આપણી પરંપરિત માનસિકતા મુજબ આપણે ગાંધીવાદ પર - વ્યક્તિ પ્રમાણ્ય પર વધુ ભાર મૂકીએ છીએ.

અન્યથા ગાંધીજીએ તો પ્રાચીન મૂલ્યોનું સામાજીકરણ કરી તેમના દર્શનને ‘ગાંધીદર્શન’ તરીકે નહીં પણ ‘સર્વોદય દર્શન’ રૂપે નિરૂપ્યું છે. ***સર્વત્ર સુખિનો સન્તુ, લોકાઃ સમસ્તા સુખિનો ભવન્તુ - ભવતુ સર્વમંગલમ્.*** આ ‘સર્વોદય દર્શન’નાં મૂળ પણ એમને પ્રાચીન પરંપરામાંથી જ મળ્યાં છે.

આ વચનો બતાવે છે કે સર્વોદય વિચાર એ ઘણો પ્રાચીન છે પણ હા, જેમ તેમણે સત્ય અને અહિંસાનાં પ્રાચીન મૂલ્યોમાંથી ‘સત્યાગ્રહ’નો નવતર વિચાર જન્માવ્યો, તેમ સર્વોદય વિચારમાં પણ તેમણે ‘અંત્યોદય’નો નવતર વિચાર ઉમેર્યો. તેમણે સમજાવ્યું કે અંત્યોદય વિના સર્વોદય અધૂરો છે. આ પણ વિચારના ક્ષેત્રે ગાંધીજીની દેણ કહી શકાય.

પ્રાચીન કાળમાં જ્યારે સર્વના સુખની, મંગલની કામના સેવાતી હતી ત્યારે પણ શૂદ્રો અને સ્ત્રીઓની અવહેલના થતી હતી તેથી આધુનિક યુગમાં ગાંધીજીએ સાચા અર્થમાં સર્વોદય સિદ્ધ કરવા માટે અંત્યોદય પર ભાર મૂકી સર્વોદય દર્શનને પરિપૂર્ણ બનાવ્યું. પણ આપણે

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---

### લવાજમના દર

વાર્ષિક લવાજમ આ દેશ માટે £25 તેમ જ પરદેશ માટે £40 છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

◆

### લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]

Tel. : [+44] 020 - 8902 0993

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

### ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

**સંપર્ક : ભારતીબહેન પારેખ**

◆

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 2,000ની રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

---

### ગ્રાહક પત્રિકા :

Name : ..............................................................

Address : ..........................................................

.......................................................................

Post Code : .......................................................

Telephone : .......................................................

e.mail : ..............................................................

Subscription : £25 / £40

Date : ................................................................


પાછા વ્યક્તિનિષ્ઠામાં સરી ન જઈએ એ માટે થઈને તેમણે પોતે જ ગાંધીવાદને બદલે 'સર્વોદય દર્શન' તરીકે તેમના વિચારને પ્રતિષ્ઠિત કર્યો છે. હા, એક વાત કબૂલવી જોઈએ કે સર્વોદય વિચાર ખીલવવામાં અને તેમાં અંત્યોદય દૃષ્ટિ દાખલ કરવામાં રસ્કીનના Unto This Last પુસ્તકે ભારે પ્રેરણા આપી છે.

વિચાર તો એક વહેતો પ્રવાહ છે. એ વહેતો રહે તો જ નિત્ય નૂતન રહે. પણ વિચાર જ્યારે બધ્ધમત બની જાય ત્યારે તેનો વિકાસ અટકી જાય છે. ત્યારે વિચાર 'વાદ' બની જાય છે. આ દશા ધર્મોની થઈ અને લોકશાહી યુગના વિચારોની પણ થઈ. એને લઈ મૂડીવાદ, સામ્યવાદ, સમાજવાદ, અરે ગાંધીવાદ જેવા ગાંધીજીની ભાષામાં ઉપદ્રવો થયા. જૂના જમાનામાં તો કહેવાતું કે ***વાદે - વાદે જાયતે તત્ત્વબોધઃ.*** પણ અત્યારે તો જોવા મળે છે કે જ્યાં વાદ ત્યાં વિવાદ. વાદને પોતાનું જ ***મમ સત્યમ્*** હોય છે. વિનોબાની ભાષામાં ***મમ સત્યમ્ ઈતિ યુદ્ધમ્.*** આપણે જોઈ શકીએ છીએ કે આ બધા વાદો કેવા યુદ્ધો કરી રહ્યા છે ? મૂડીવાદ હોય કે સામ્યવાદ વિકાસને નામે એ ગરીબોનો અને પર્યાવરણનો ખાત્મો જ બોલાવી રહ્યા છે. અને એ વિકાસની કિંમત સમજે છે. જૂના જમાનામાં ઈચ્છિત પ્રાપ્તિ માટે 'પ્રાણી'નો બલિ અપાતો. એમ આ બધા વાદો વિકાસ માટે થઈને ન કેવળ મનુષ્યનો પણ જીવનના અસ્તિત્વનો જ બલિ આપી રહ્યા છે. એમને સમજાતું નથી કે આ અમે ઊભો કરેલો ભસ્માસુર અંતતોગત્વા તો અમને જ ગળી જશે.

માનવજાતે આજ સુધીમાં વિચારના ક્ષેત્રે જે જે પ્રદાન કર્યું છે તે દરેક વિચારે માણસને એ જ્યાં હતો ત્યાંથી જરૂર આગળ લીધો છે પણ કાળાંતરે જે તે વિચાર વિકસતો અટકી જાય છે ત્યારે એ પોતે જ એક સ્થાપિતહિત થઈને વિકાસની આગળની યાત્રાને રૂંધે છે.

વિચારની દુનિયામાં 'સર્વોદય વિચાર' છેલ્લો અને સર્વ સમાવેશક વિચાર છે. પણ એ પણ પૂર્ણ છે એવો દાવો ન કરી શકાય. અપૂર્ણ માનવના હાથે પૂર્ણનું સર્જન શક્ય નથી. એટલે સર્વોદય વિચાર એક વિકસતો વિચાર છે. તેમાં દેશકાળની જરૂર મુજબ ઘણું ઉમેરણ થશે. સતત સુધારા વધારા થતા રહેશે. માનવજાત જીવંત છે ત્યાં સુધી વિચારનો વિકાસ થતો જ રહેશે. માટે આપણે ***બાબા વાક્યમ્ પ્રમાણમ્***ની સંકુચિતતાથી ઉપર ઊઠી શુદ્ધ એવા વિચારને સેવીએ અને વ્યક્તિનિષ્ઠાને બદલે વિચારનિષ્ઠાને સ્વીકારીએ તો માનવજાતની આવતી કાલ ઉજળી જશે.

આ માટે ગુરુ, ગ્રંથ, વાદથી ઉપર ઊઠી ખુલ્લા મનથી નિતાન્ત વિચારને જ સેવીએ. પ્રાચીન કાળથી આપણી પ્રતિજ્ઞા છે કે અમે દરેક દિશામાંથી આવતા શુભ વિચારનું સ્વાગત કરીશું.

***આનો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ.***

*(સદ્દભાવ : "કોડિયું", માર્ચ ૨૦૦૮)*


[Vishvamanglam, ANERA - 383 001, Gujarat, India]


•

## આપ કી તારીફ

○ નિર્મિશ ઠાકર ○



**મધુમતી મહેતાને –**

દર્દ એ, ટ્રીટમેન્ટ જેની છે નહીં
સંગનો એવો તકાદો હોય છે !
ગીતમાં અટવાય છે એની ગઝલ
સાસરું જેનું શિકાગો હોય છે !



**અશરફ ડબાવાલાને –**

મધુમતીના પિયરથી છો ખડિયા આવે !
કવિ બન્યામાં ખૂબ ઝડપથી તળિયાં આવે !
ધબકારાના વારસ, રહેજો 'મૅડિકલ'માં ...
માત્ર ગઝલથી આવકમાં ઝળઝળિયાં આવે !

# અમેરિકાનો આડોશ પાડોશ

○ સૂચી વ્યાસ

નવાં નવાં અમેરિકા આવો અને જે એકલું લાગે, જે એકલું લાગે કે પૂછો ના વાત!! છેક કાઠિયાવાડથી આવેલાં રંગીલા માણસો જેને સતત વાતું, વાતું અને વાતું કરવા જોઈએ! માણહ માણહમાં રહેવાની ટેવ. સવાર પડેને કામવાળી ગામ આખાની વાતું લાવે...છાપાં વાંચવાની જરૂર ન પડે. કામવાળીનું છાપું પતે ત્યાં શાકવાળો આવે. શાકવાળો જાય ત્યાં પસ્તીવાળો આવે. અરે વચમાં અનેક ભિખારીઓ આવે. વળી બાએ કાયમના બાંધેલા બ્રાહ્મણ "દયા પ્રભુની" કરીને આવે. ઊભરાતા માણસોની વચ્ચે ધમાધમ જાગતા પાડોશમાં બપોર તો ઘડીકવારમાં પડી જાય.

હું બાપડી આવા વાતાવરણને છોડી ૧૯૭૦માં અમેરિકા આવી. પહેલે જ દિવસે સવાર પડી પણ સાવ સુનકાર! અંધારી કાળી ચૌદસની રાત જેવો દિ' ઊગવા લાગ્યો. ઉપરવાળા ઘરમાં સહેજ પગલાનો અવાજ આવતાં, હડી કાઢીને હું તો ઉપર ગઈ, બારણું ખખડાવ્યું અને એક ઊંચી, કદાવર ગોરી અમેરિકન સ્ત્રીએ બારણું જરીક ખોલ્યું. ભારતમાંથી ખાસ ખાદીભંડારમાંથી અમેરિકનોને આપવા ખરીદેલો મોંઘોદાટ સૅન્ડલવૂડ સાબુ લઈને ગઈ હતી. મેં મારી ઓળખ આપી, પેલો સાબુ ભેટ આપ્યો. બારણાની વચ્ચોવચ ઊભી રહી પેલી બાઈએ પોતાનું નામ 'સૅન્ડી' છે કહી ઓળખ આપી. મેં નવા પાડોશી તરીકે ઓળખ આપી. મિત્રભાવે, ઔપચારિક, વ્યવહારિક રીતે સાબુ આપ્યો. પટ્ટ કરતો સાબુ લઈ, 'થૅન્ક યૂ' કહી બારણું કર્યું બંધ!! મને તો આભમાંથી વીજળી પડી હોય એટલો બધો શૉક લાગ્યો. બસ હાંવ! આવા પાડોશીઓ ? ન વાત, ન ચીત, ન આવો, ન બેસો કહે!! આટલી બધી શુષ્ક જિંદગી કેમ જીવાશે? થોડા વખતે સમજાણું કે મોટા શહેરોમાં લોકો મળતાવડા નથી હોતા. બે ત્રણ મહિનામાં અમારા જ અપાર્ટમૅન્ટ કૉમ્પ્લેક્સમાં થોડા દેશીઓ રહેવા આવી ગયા અને એમાંથી એમને એમ આખું હિંદુસ્તાન ઊભું થઈ ગયું. દાળના તપેલાં, ભજિયાના થાળો સુગંધ પ્રસરાવવા લાગ્યાં. શીખંડ-પુરી, ચિકન-પુરીની સોડમથી શેરીઓ મઘમઘી ઊઠી.

૧૯૭૬માં અમે ડિટ્રોઈટ મૂવ થયા. નાનું શું કોન્ડોમિનિયમ ખરીદ્યું. સાવ જુદો જ અનુભવ નીવડ્યો. પહેલે દિવસે હજુ અમારો સામાન આવતો હતો ત્યાં લગભગ આઠથી દસ જેટલાં દંપતીઓ પોતાનાં બાળકોને લઈ આવી પહોંચ્યાં. આવકાર માટે કોક, કૉફી જેવું લાવી ભાવભીનો આવકાર આપ્યો. ભણેલા ગણેલા ગોરા માણસોનો આવો ઉષ્માભર્યો આવકાર. દિલ તો તરબતર થઈ ગયું. મિશિગનમાં ઠંડી બહુ પડે. પણ માણસો અતિશય હૂંફાળાં. એ હૂંફમાં અમને જરાયે ઠંડી ન લાગી.

મિશિગનમાં અમારી બાજુમાં એક વકીલ અને એક પ્લમ્બર રહે. બન્ને લોકો ઠાઠમાઠથી રહે. નવી મોટી ગાડીઓ, ઘરમાં રાચરચીલું ભવ્ય, દિવ્ય. ક્યારેક આપણને મનમાં થાય કે આ બન્નેમાં સાલું કોણ ચગે, ચડે? કોણ વધુ પૈસા કમાતું હશે? વકીલ સાહેબ જ વધુ પૈસાવાળા હશે એવી સર્વસામાન્ય સમજમાં અમે પાડોશીઓ હતાં. એક દિવસ વકીલ સાહેબના ઘરમાં નાનો અમથો એક પાઈપ તૂટી ગયો. ને લગભગ ત્રણ ચાર લોકોના ઘરમાં ભોંયરામાં પાણી ભરાણાં. આડોશપાડોશમાં ધમાલ મચી ગઈ. પ્લમ્બરના બારણાં ખખડાવી એમને ઉઠાડ્યા. નસનસમાં કામગારનું લોહી ધમધમતું હોય એવો એ પ્લમ્બર તો એના ઓજારો લઈને પહોંચી ગયો. અતિશય અદાથી એક સિગરેટની ફૂંક મારી કામ શરૂ કર્યું. અને દસ મિનિટમાં પૂરું કર્યું. વાહ વાહના પાડોશીઓના પોકારોને નમતી સલામ ભરી ફક્ત ૧૫૦ ડૉલરનું બિલ વકીલ સાહેબના હાથમાં ધરી દીધું. વકીલ એટલે દલીલ કરે. એમણે કહ્યું, "અમે વકીલ લોકો કલાકના ૧૫૦ ડૉલર ચાર્જ નથી કરતાં તે તમે પ્લમ્બર લોકો દસ મિનિટમાં ૧૫૦ માગો? બહુ કહેવાય!" સખ્ખત ખંધુ હાસ્ય આપીને પ્લમ્બરે જવાબ આપ્યો, "હા, સાહેબ, તમારી વાતમાં હું પૂરો સમ્મત છું કેમકે પ્લમ્બરનું લાઈસન્સ લીધું એ પહેલાં હું વકીલાત જ કરતો હતો". અમે સૌ પેટ દુખી જાય એટલું હસતાં હસતાં ઘરમાં ચાલ્યાં ગયાં.

જીવનનો સુંદરકાંડ ડિટ્રોઈટમાં વિતાવી ૧૯૮૨માં ફરી પાછા અમે ફિલા આવ્યાં. એક અલગારીનો જૂનો બંગલો ભાડે રાખ્યો હતો જેમાં છેલ્લા ૮-૧૦ વર્ષથી કોઈ રહેતું નહોતું. ૬૧૧ હાઈવે ઉપર, ઊંચો, એકદંડિયો મહેલ, ને લસકણો ડ્રાઈવવે સીધેસીધો ૬૧૧ માં જાય. કાચા પોચા, નબળાઓની તાકાત નથી કે ઘરના ડ્રાઈવવેમાં આવે. ને જો આવે ને પાછો રીવર્સમાં ગાડી ૬૧૧ હાઈવે પર લાવે તો ભડના દીકરાને ઈનામ આપું! *"માતાજીના ઊંચા મંદિર નીચા બાર / ઝરુખડે દીવા બળે રે લોલ"* આ ભુતાવળા બંગલાનું નામ હતું 'ઈરવીન બંગલો' ... ન કોઈ આગળ, ન કોઈ પાછળ, ન કાંઈ બાજુમાં - હા, બાજુમાં ઘર હતું જે છેલ્લા ૨૫ વર્ષથી બંધ હતું. ઘરની પાછળ એક વિશાળ બંગલો, ફરતી લગભગ બે એકર જેવી જમીન અને ફૂલોથી ભરપૂર બગીચો. અસંખ્ય ફળોના ઝાડ. આપણા ભુતાવળા બંગલાની પ્રત્યેક બારીમાંથી આ સ્વર્ગીય બંગલાનું દર્શન થાય. ભયાનક લટકટા લસકણા ડ્રાઈવવેમાં ફૂલો દોડી દોડીને આવે. દિવસ રાત જહેમતથી ઉગાડેલો ફાલ્યો ફૂલ્યો બગીચો જાણે આપણા માટે જ કેમ ન હોય! આવી મોટી પ્રોપર્ટીના માલિક, ભાઈ-બાપા-ડોસા ઍડ્વર્ડ લગભગ ઘરમાં હોય એનાં કરતાં બગીચામાં વધુ હોય. એડીબાપાનો રુવાબ, એનાં હાઈટ-બોડી બધું જોઈને બીક બીક લાગે કે ગાલાવેલા થઈને સામેથી વાત કરવા જશું તો કદાચ મોઢું તોડી બેસશે! મેં ક્યારેય હિંમત જ ન કરી. ક્યારેક જતાં આવતાં આંખો ચાર થાય તો એડીબાપા મોઢું ફેરવી લે, મનમાં કદાચ કહેતા હશે કે આ ઇન્ડિઆના દેશી નક્કામ છે. બાવીસ વર્ષના અમારા વસવાટમાં એડીબાપા સમ ખાવા બે વાર અમારી સાથે વાતચીત કરી હશે. પહેલી વાર જ્યારે અમારા પંદર વર્ષના વસવાટ પછી અમે ઈરવીન બંગલો ભાડે રાખવાને બદલે ખરીદી લીધો, ત્યારે પંદર વર્ષે એડીબાપાએ અમેરિકન રિવાજ પ્રમાણે બે વાક્યોમાં કહેલું 'વૅલકમ ટુ ધિસ નેબરહૂડ! આઈ ફાઉન્ડ આઉટ ફ્રોમ એબિન્ગ્ટન ટાઊનશિપ ન્યુસપેપર ધૅટ યૂ બોટ ધિસ પ્રોપર્ટી'. હવે આનો અર્થ એ થયો કે છેલ્લા ૧૫ વર્ષથી અમે 'વેલ્કમ' નહોતા? અને બીજી વાર, ૨૦૦૩માં અમે ઘર વેચી વિદાય લીધી ત્યારે કહેલું, 'યૂ વર ગુડ નેબર્સ'! મનમાં બોલ્યા હશે કે 'હાશ લપ ટળી.'

૨૦૦૩માં મોટી ઉમ્મરે ફરી નવા પાડોશમાં જતાં ડર લાગતો હતો. નવું સબડિવિઝન, નવા મકાનો જોતાં લાગ્યું કે આવા ઘરમાં તો નવા પરણેલાં નાની ઉમ્મરનાં કપલ્સ બાળકો સાથે આવશે જેમાં આપણા જેવા મોટાં, પુખ્તવયના માણસો સાથે કોણ બોલશે? કોણ સંબંધ રાખશે? છેલ્લા બાવીસ વર્ષથી એડીબાપાએ અમને બરોબર તૈયાર કરી દીધેલાં. અમે શાંતિપૂર્વક 'આખરી મંઝીલ'માં બિન્દાસ પ્રવેશ કર્યો.

બે ચાર દિવસ પછી બાજુના મકાનમાં નવ્વી નક્કોર, ચકચકિત, બ્લ્યૂ રંગની સ્પોર્ટ કાર ગાડી આવીને ઊભી રહી. ગ્રે રંગનો લેધર સૂટ પહેરેલો, ઊંચો, કદાવર, ત્રાંબાવરણો, સુશિક્ષિત માણસ બહાર આવ્યો. મારા મનમાં સહેજ ઉદગાર નીકળી ગયો 'માર્યા ઠાર, આ ડ્રગ ડીલર જેવો લાગે છે.' અતિશય વિવેકથી હાથ લંબાવી બોલ્યો, "મારું નામ હર્બર્ટ મરે છે. આજ સાંજ સુધીમાં હું અને મારા પત્ની ઘરમાં ગોઠવાઈ જશું." તે દિનથી આજ લગણ એ હરખપદૂડા હર્બીની દોસ્તી અમે માણી રહ્યાં છીએ. એકદમ ચેતન તત્વથી ભરપૂર હર્બી આખો દિવસ ખુલ્લા ગરાજમાં દોસ્તારોની મહેફિલ જમાવતો તમામ પાડોશીઓના ઘરની ઊભે પગે ચોકી કરે છે અને'પહેલા સગા પાડોશી'નો ધર્મ અક્ષરસઃ પાળે છે.

ભાઈ હર્બી FBI(અમેરિકાની છૂપી પોલિસ)ના નિવૃત્ત થયેલા અમલદાર છે. ડાના નામની પત્નીનો સેવાભાવી પતિ છે. રોજ સાંજે કામે ગયેલી પત્નીના ઘરે પાછા વળવાની રાહ જોતો, સ્વાગત સમિતિ સહિત હસતો હસતો ઊભો હોય!! જાણે ગરમાગરમ રસોઈ કરીને છાપેલું છાયલ પહેરીને ઊમરે વાટ જોતી નવવધૂ ! ડાનાની રાહ જોતો હર્બી પ્રત્યેક સાંજે અમારું પણ, એક નાનું બાળક માબાપ ઘરે આવે અને કેવા ખુશખુશાલ, પુલકિત ચહેરે બે હાથ લાંબા કરી દોડે એમ જ, આવકારે. ક્યારેક હર્બીનો હરખાતો ચહેરો સાંજે જોવા ન મળે તો આપણને અડવું લાગે.

# પહેલો સગો પાડોશી

○ હરનિશ જાની

અમે ન્યૂયોર્ક શહેરમાં ઘર ખરીદ્યું. અને ઈન્ડિયન તરીકે સારી છાપ પડે એ હેતુથી, અમે અમારા ઘરની આજુબાજુના બે ઘરો અને રસ્તાની સામેના બે ઘરોનાં પાડોશીઓને વાઈન અને ચીઝ માટે આમંત્ર્યાં. આપણાં ચાપાણી જ સમજો ને ! મારી પત્નીએ સાથે મોળાં સમોસાં અને પાતરાં પણ રાખ્યાં. તમે માનશો ? એ ચાર ઘરોના માલિકો વરસોથી ત્યાં રહેતા હતાં પણ એકમેકના ઘરમાં કદી ગયા નહોતાં ! તેઓને એકમેક સાથે બહારથી જ હાય હેલ્લોનો સંબંધ હતો. અમે તેમને એકમેક સાથે બોલતા કર્યાં. પરંતુ પાડોશી સાથે બોલવાની ટેવ તો અમદાવાદથી જ ચાલુ થઈ હતી. જ્યારે પાડોશીની વાતો નીકળે છે ત્યારે મને મારાં પહેલાં પાડોશીઓ અચૂક યાદ આવે છે.

સારા પાડોશી મળવા એ નસીબની વાત છે. સુખી જીવનનો આધાર પાડોશ પર રાખે છે. ભલેને લાફિંગ ક્લબમાં જાવ કે યોગના આસનો કરો, પરંતુ સારો પાડોશી નહીં હોય તો સુખી થવાના બધાં પ્રયત્નો વ્યર્થ જવાનાં અને એ માનસિક ત્રાસ તમને તંદુરસ્ત નહીં થવા દે. બધાંને જો કે સારા પાડોશી મળે એમ બનતું નથી. એ લગ્ન જેવી વાત છે. લગ્નમાં તો છૂટા થવાય, પરંતુ સસ્તાં ભાડાંનું ઘર કાંઈ રસ્તામાં નથી પડ્યું. આમ જોઈએ તો પાડોશી તો બધાં સારાં જ હોય છે. જેવા આપણે તેવા આપણાં પાડોશી. પરંતુ એમ ન પણ બને. જો તમારો પાડોશી, તમારો મકાનમાલિક હોય, તો પછી આવી બન્યું. આવી પરિસ્થિતિમાં તો એકલા તમારે જ તમારા પાડોશીને ખુશ રાખવાની કસરત કરવી પડે. જ્યારે પાડોશીઓ મકાનમાલિક અને ભાડૂતના સંબંધે જોડાય છે. ત્યારે ભાડૂતે બિચારાએ પાડોશીધર્મ ભૂલી જઈને ભાડૂતધર્મ પાળવાનો.

અમે નવાં પરણેલેલાં હતાં ત્યારે અમદાવાદમાં મણિનગરની એક સોસાયટીમાં પહેલું ઘર માંડ્યું હતું. આ એ જમાનાની વાત છે કે જયારે ફ્લેટ બધાં મુબઈમાં હતાં. અને સોસાયટીઓ બધી અમદાવાદમાં હતી. એક રિટાયર્ડ કાકા અને કાકીનાં ઘરમાં અમે અમારું નવું ઘર માંડ્યું હતું. એમના બંગલાની પાછળના ભાગમાં એમના એક રૂમમાં અમે દિવસે દીવાનખાનું બનાવતાં અને રાતે તે જ દીવાનખાનું અમારો બેડરૂમ બનતો. કોઈ મહેમાન આવ્યા હોય તો તે નીચે જમીન પરની પથારીમાં સૂએ. એટલે અમારા પલંગ પરથી નીચે જોઈએ તો ગેસ્ટરૂમ દેખાય. કાકાના બાથરૂમમાં, અમે અમારું કિચન બનાવ્યું હતું. જયારે ન્હાવું હોય ત્યારે કિચન, બાથરૂમમાં ફેરવી નાખતાં.

હવે આ મગનકાકા અને શાંતાકાકી અમારાં પાડોશી. એ પાછા અમારાં મકાનમાલિક. અમારા આ પાડોશીનાં પરાક્રમ ઓછાં નહોતાં. એમના મકાનમાં રહેવા ગયાને પહેલે જ અઠવાડિયે મેં મારી મિલમાં કામ કરતા એક પેપર વેચતા છોકરા પ્રવીણ પાસે પેપર ચાલુ કરાવ્યું. વહેલી સવારે પ્રવીણ “ગુજરાત સમાચાર” અમારી બારીમાંથી નાખી જાય. સાત વાગે ચા સાથે પેપર વાંચી ને હું મિલમાં નોકરી પર જાઉં. આમ થોડો વખત ચાલ્યું. તેમાં એક દિવસે બારીમાંથી પેપર ન પડ્યું. પરંતુ જયારે ઊઠીને બહારનું બારણું ખોલ્યું, ત્યારે જોયું તો પેપર ત્યાં પડ્યું હતું. ઉપર પાણીના છાંટા પણ હતા. તે દિવસે તો ‘હશે !’ કહીને વાત પતાવી. બીજે દિવસે પણ પેપર ત્યાંથી મળ્યું. તે દિવસે મારે પ્રવીણને કહેવું પડ્યું કે, ‘ભાઈ, પેપર બારીમાંથી નાખ. આવું ચુંથાયેલું છાપું ન લાવ.’

પ્રવીણ કહે કે, ‘એ તો તમારા મકાનમાલિકે મને કહ્યું છે કે મારે છાપું પહેલાં તેમને ઘેર નાખવું.’

‘અલ્યા, છાપું મારું અને પાડોશી તને ઓર્ડર કરે ? છાપું તો મારે ત્યાં જ નાખવાનું.’

બીજે દિવસે, છાપું બારીમાંથી મારા રૂમમાં પડ્યું. હું એનો આનંદ અનુભુભવું, તે પહેલાં તો આગલા બારણામાંથી કાકા પ્રવેશ્યા. સાથે હતો પ્રવીણ. હું મારું આશ્ચર્ય વ્યકત કરું તે પહેલાં કાકાએ ચાલુ કર્યું. ‘આ બે પૈસાનો પેપરવાળો મારે ત્યાં પેપર નાખવાની ના પાડે છે. મેં એને સમજાવ્યું કે હરનિશભાઈ ઊંઘે છે. હું જાગું છું. મને પેપર પહેલાં આપવાનું. કેમ મારી વાત ખરી કે નહીં? ’

હવે આ પ્રશ્નના જવાબનો ડાયલોગ જ હું ભૂલી ગયો. કાકાએ મને હુકમ કર્યો. ‘કહી દો આ છોકરાને કે દલીલ કર્યા સિવાય પેપર મારે ત્યાં નાખે.’

મને ન ગમતું કામ મારી પાસે કાકાએ કરાવ્યું. પ્રવીણ મારી સામે દયાભાવનાથી જોતો હતો. અને દૂર ખૂણામાં, પત્નીના મોંઢા પર હાસ્ય હતું. પાછળથી મને ખબર પડી કે કાકા ટૉયલેટમાં મારું પેપર વાંચતાં. મને પેપર પરના પાણીના છાંટાનું રહસ્ય સમજાયું. થોડો વખત ગાડું બરાબર ચાલ્યું.

એક દિવસે સવારના પહોરમાં મેં બારણાં પાસે “ગુજરાત સમાચાર”ને બદલે “સંદેશ” પેપર જોયું. આશ્ચર્ય તો થયું, પરંતુ ચલાવી લીધું. બીજે દિવસે પણ એ જ દશા. તે દિવસે મિલમાં પ્રવીણને મારે પૂછવું પડ્યું કે ‘“ગુજરાત સમાચાર’નું શું થયું ?’

જવાબ મળ્યો, ‘કાકાને એ નથી ગમતું.’ તે દિવસે કાકા જ મારી પાસે આવ્યા. બોલ્યા કે ‘તમે બહારગામના, તમને પેપરમાં બહુ સમજ ન પડે. મારું માનો, “સંદેશ” રાખો. “સંદેશ” વાંચો. તમને ટેવ પડી જશે.’ કહેવાનું મન તો થયું કે પાડવી હોય તો કોઈ પણ ટેવ પડે. પણ ન બોલાયું. હવે કાકાની કૃપાથી, હું “સંદેશ” વાંચતો થઈ ગયો.

વાત આટલેથી નહોતી અટકી. અમારી પાસે રેડિયો હતો. અમારા ઘરમાં વાગે તે એમના ઘરમાં સંભળાય. કારણ કે અમારું ઘર એમનો બીજો રૂમ હતો. કાકાએ એમના ઘરમાંથી બેઠા બેઠા ફરમાન કર્યું, ‘આ શું આખો દિવસ સિનેમાના ગાયનો સાંભળો છો. અમદાવાદ, વડોદરા સ્ટેશન પરના ન્યૂઝ લો.’ ના પાડવાની મારી હિંમત નહોતી. ઓછાં ભાડાંનાં ઘર મળવાં મુશ્કેલ હતાં. પછીથી કાકાના ન્યૂઝના સમય પણ મેં સાચવવા માંડ્યા. હવે આ ન્યૂઝની મુસીબત એ હતી કે એ સાંભળવા અમારા ઘરમાં જ બેસી પડતા. અમારે બે હાથ જોડીને કહેવું પડતું કે અમે નવા પરણેલાં છીએ. માબાપથી દૂર છીએ. અમારે ભાડૂતી ઘર સાથે ભાડૂતી માબાપ નથી

---

**એક વાર બરફના તોફાન પછી અમે બધા પાડોશીઓ સૌ સૌનો ડ્રાઈવવે સાફ કરતાં હતાં. કામ કરતં કરતાં ક્યાં સાડા બાર - એક વાગી ગયો ખબર ન પડી. કોઈક બોલ્યું ‘એક વાગી ગયો’. પાવડો ફેંકીને હર્બી દોડ્યો. મેં પૂછ્યું કે શું થયું. હર્બીએ વિધાન બહાર પાડ્યું. હાંફ્લો ફાંફળો શ્વાસ ઊંચો કરી ‘ડાના મસ્ટ બી હન્ગ્રી’. માળું હાળું કૌતક લાગે છે. એક બાળક ભૂખ્યું હોય અને માને ચિંતા થાય તેવી ચિંતા હર્બીને થઈ પડી. (મને અદેખાઈ આવી ગઈ.) *‘વર રાંધણિયો, વર ચીંધણિયો, વર બેડે પાણી ભરે / જો કન્યાના ભાગ્ય હોય તો વર ઘમ્મર ઘંટી તાણે’* ઘરમાં આવી પતિદેવને કહ્યું કે, "તમે દેશી ભાયડાઓ આવા સંસ્કારી, હરખપદૂડા હર્બી પાસે કાંઈક શીખો કે પત્નીની સેવા કેમ થાય !‘ ફટાક કરતાં પતિદેવ તરફથી ધનધનતો જવાબ એમની ટીખળી શૈલીમાં મળ્યો, "હર્બીની ડાના બીજી વારની બતકી છે. અમે પણ બીજી વારની બતકીના સેવાભાવી પતિ બનશું ત્યારે જોઈ લેજે અમારો સેવાભાવ, હોં"**

**આમ હર્બી જેવો જ એક બીજો પાડોશી કરોડાધિપતિ ટામ છે. આખી જિંદગી મોટા મોટા ટ્રક ચલાવી ચલાવી એક મોટા અકસ્માત પછી મોટો ધનનો ઢગલો પ્રાપ્ત કરી નાની ઉમ્મરે નિવૃત્ત છે. અમારા સબડિવિઝનનો પ્રમુખ છે. સાત આઠ ઘરમાં દર અઠવાડિયે ઘાસ કાપે છે, ગોંદરી કાપે છે. આપણા દેશી માનસને નવાઈ લાગે અને મનમાં એક પ્રશ્ન ઉઠે કે આપણી બાજુના સેવંતીલાલ શેઠ આવીને આપણું આંગણું વાળે ખરા!**

**અમેરિકી પાડોશી સાથે સિંધી, મદ્રાસી, ગુજરાતી, ખોજા - મુસલમાનો પણ છે. એક જમાનામાં ગિરનારના સંતો ‘અલખ નિરંજન’નો પોકાર કરતાં ત્યારે પ્રત્યુત્તર મળતો કે ‘અલખ નિરંજન’ એમ જ આખરી મંઝિલનાં આ જાગતા પાડોશમાં જ જાગતા પાડોશને માણીએ છીએ.**

(અક્ષરાંકન : કિશોર રાવલ : ગોપિકા ફોન્ટ્સ : raval.kishor@gmail.com)

e.mail : SVyas@nhsonline.org

જોઈતાં.

એક રવિવારે સવારના પહોરમાં કાકા આવ્યા. મને લાગ્યું કે જરૂર રેડિયો સાંભળવા આવ્યા છે. એમણે જ શરૂઆત કરી.

'આજે શું કરો છો ?'

મેં પાણી પહેલાં પાળ બાંધવા માંડી, 'ઓહ, આજે અમે બહાર જઈએ છીએ.' 'તો તો બહુ સારું. મારે તો રેડિયો સાંભળવો છે.'

હું કાંઈ બોલું તે પહેલાં કહે, 'તમે રેડિયો લઈને થોડા જવાના છો ? તમે મોટેથી મુકકી દેજો. હું આગલા રૂમમાં સાંભળીશ.' હવે આ માણસને કેમ પહોંચી વળાય ?

બીજા પાડોશી પાછળના બંગલા માલિક એક કાકી અને તેમની વહુ. ઘરના પુરુષોની તો હાજરી પણ ન દેખાતી. બિચારા નિરુપદ્રવી હતા. કાકીને અમે બે વરસમાં કયાં ય જતાં નથી જોયાં. આખો દિવસ તેમના બંગલાની પાળી પાસે ઊભા રહીને પીળા દાંત પર છીંકણી ઘસ્યા કરે અને છીંકણી ન ઘસતા હોય તો ય દાંત પીળા જ લાગે. કહેવાની જરૂર નથી કે છીંકણી ઘસતાં ઘસતાં થુંક્યા કરે. તેટલું ઓછું હોય તેમ છીંકણી ઘસતાં ઘ સતાં આપણી સાથે વાતો ચાલું કરી દેશે. તમારે સાંભળવી હોય કે નહીં, તે અગત્યનું નહોતું.

આ કાકી અમારા માથાની દવા હતાં. અમારે કૂતરાની જરૂર નહોતી પડી. અમારે પોપટની જરૂર નથી પડી. અમારા બારણાંથી તેમની પાળી માંડ દશ ફૂટ દૂર હતી. અમે સાંજે બારણું બંધ કરતાં હોય તો પહેલું પૂછે, 'કેમ, બહાર જાવો છો ?' આ સવાલ પાછળ એમનો ઉદ્દેશ તો એ હોય કે તેમને જાણવું હોય કે તમે કયાં જાવ છો ? આપણે કહીએ કે 'હા, જરા બહાર જઈએ છીએ.' તો બીજો સવાલ એ આવે કે, 'સિનેમા જોવા જતા હશો.' આપણે કહીએ કે 'એક જગાએ જઈએ છીએ.' તો પાછી ઈન્કવાયરી આવે કે સાસરે જતાં હશો. તેમને ખબર હતી કે મારું સાસરું અમદાવાદમાં જ હતું. જો આપણે કહીએ કે સિનેમા જોવા જઈએ છીએ તો પછી જાણવા માંગશે કે કઈ ફિલ્મ જોવા જાવ છો.

આમ ઓછું હોય તેમ એ સાસુ વહુ અમારે ત્યાં આવતાંજતાંની દેખભાળ રાખે. અમારાં મહેમાનને હું આવજો કહેવા બહાર નીકળું અને મહેમાન માંડ પાંચ ડગલાં દૂર જાય કે તો તરત જ સવાલ આવે કે 'તમારા ભાઈ ભાભી હતા ?' આ તો આપણે હેન્ડલ કરી શકીએ. પરંતુ જ્યારે પત્ની ઘેર ન હોય અને કોઈ અમારે ઘેર આવ્યું હોય એનો રિર્પોટ એ માજી મારાં પત્નીને આપે. એવો રિપોર્ટ તો કોઈ રાજકારણી પણ ન આપી શકે.'પેલાં નિશાબેનનો સ્વભાવ બહુ માયાળુ.'

'કોણ નિશાબેન ?' પત્ની પૂછશે.

'પેલાં, ગઈકાલે તમારે -ઘેર આવ્યાં હતાં તે.'

'ઓહ, ગઈકાલે નિશા મારે ત્યાં આવી હતી ?'

'હા, જ્યારે તમે નહોતાં ત્યારે.'

હશે કાંઈ કામ; હરનિશ મને પછી કહેશે.'

હવે આ ડાયલોગ હું અંદરથી સાંભળતો હોઉં. એટલે મારે માજીને કહેવું પડે કે, જ્યારે નિશા અને એનો પતિ હવે પછી અમારે ઘેર આવશે તો તમને પણ ચા પીવા બોલાવીશ.' આ બધાંની મૂળ મોંકાણ બે આંખોનું મિલન છે. બહાર જતી વખતે મને ખબર હોય કે કાકી બહાર ઊભાં છે. તો તેમને અવગણીને પત્ની અને હું ખોટી ખોટી ગુસપુસ ચાલુ રાખીને એમના તરફ જોયા સિવાય નીકળી જઈએ. જેથી ઈન્કવાયરીમાંથી બચી જવાય.

નજરની વાત કરીએ તો જગતમાં દરેક વાતની મ્હોંકાણ જ નજર છે. નજરની ભાષામાં જ પ્રેમ થયા છે અને પાણીપત થયા છે. અતુલ પ્રોડક્ટસમાં કામ કરતો હતો ત્યારે હું બેચલર હતો. મારા પાડોશી ગુણવંત દેસાઈ માણસ બહુ મીઠા – નિરુપદ્રવી. પરંતુ એ નોકરી પરથી આવતા હોય અને મારા ખુલ્લા બારણાંમાંથી, મને અંદર ખુરશી પર બેઠેલો જુએ અને અમારા નયનો મળે કે પોતાના ઘરમાં ન જતાં સીધા મારા ઘરમાં ઘુસી જાય. પછી કલાક બે કલાક ઈન્દિરા ગાંધી અને મોરારજી દેસાઈનાં પોલિટીક્સની વાત ઉપાડે. અને બે કલાક પછી જમીને જાય. મારે ત્યાં મારો નોકર અંબુ રાંધતો. એમની બેબી બિચારી, બે ચાર વાર બોલાવા આવે. એમને પત્ની નહોતી. મા હતાં. ગુણવંતભાઈએ મારા પર મોટામાં મોટો ઉપકાર કર્યો હોય તો એ કે એમને લીધે હું પોલિટીક્સને ધિક્કારતો થઈ ગયો. આમ જીવનના કેટલા ય કલાકો નિરર્થક ચર્ચાઓમાંથી બચી ગયા જે મેં ટેનીસ રમવામાં વાપર્યા. જો ગુણુણવંતંતભાઈ આવતા હોય અને એમેમને પહેલેલાં જો હું જોઈ જઉં તો હાથમાં ન્યૂઝપેપર લઈને ખોલીને તેમાં મોં છુપાવી દઉં અને અંદરથી જોઉં તો ગુણવંતભાઈ મારા ઘર તરફ પાસે આવી, ઘર તરફ જોઈ સહેજ ઉભા રહે. અને મારા તરફથી કાંઈ રિસ્પોન્સ ન મળતા ચાલ્યા જાય. આ કાંઈ ઝાઝું ન ચાલ્યુ. ગુણવંતભાઈને મારી વિકનેસ ખબર હતી. બપોરે હું નોકરી પર જાઉં ત્યારે એક કૂતરું ઓટલા પર ચઢી આવે અને ઓટલા પર જ સૂઈ જાય. સાંજે આવું તો એ કૂતરાને પણ માનથી નીચે ઉતરવાનુ કહેતો. ગુણવંતભાઈએ મને તેમ કરતાં જોયો હતો. હવે હું મારા પેપરમાંથી માથું ન કાઢું તો ય ગુણવંતભાઈ સીધા ઘરમાં ધસી આવે.

'તમારાં ઈન્દિરાજી, હવે કાકાને જંપવા દે તો સારું'થી ચાલુ કરી દે. ગુણવંતભાઈ મોરારજીની નાતના હતા. નસીબ જોગે હું ઈન્દિરા ગાંધીની નાતનો નહોતો. નહીં તો અમારા મતભેદ રાજકીય બનવાને બદલે સામાજિક બનત. ગુણવંતભાઈ ઘરમાં ભલે ધસી આવે પરંતુ એમના તરફ ન જોઉં. એમને અવગણું. એ તો એમનું બોલવાનું ચાલુ રાખે. મારી ધીરજની પરીક્ષા કરે. કલાક– અડધા કલાકે હું બોલું કે 'ઓહ, તમે આવ્યા છો ?' ઘણી વખતે હું કહું કે 'ગુણવંતભાઈ, તમારું ઘર બાજુમાં છે. અહીં નથી.' આ રોજની રામાયણ થઈ ગઈ. કારણ એક જ હતું કે અમારા બન્નેના ઘરમાં સ્ત્રી નહોતી. એમનાં મા હતાં. પણ મા સ્ત્રી ન ગણાય. મારા ઘરની બરાબર સામે ગોવિંદભાઈ કોંટ્રાક્ટર રહે. અને ગોવિંદભાઈને મારી દશા પર હસવું આવતું. એ મારો અને ગુણવંતભાઈનો ખેલ જુએ. અને મારી મશ્કરી કરે. 'જાની, ગુણવંતભાઈ આવતા દેખાય છે. પેપર વાંચવા માંડો.' હવે ઘણી વખતે ગુણવંતભાઈની સાથે સાથે ગોવિંદભાઈ પણ ઘરમાં ઘુસી આવે. ગોવિંદભાઈને દેશનાં પોલિટીક્સ કરતાં કંપનીના પોલિટીક્સમાં રસ. 'કેમ જાની, તમારી લૅબમાં તમારા બોસ, ભટ્ટસાહેબ શું કરે છે ? સાંભળ્યું છે કે કંપની તેમને અમેરિકા મોકલવાની છે.' એ એમની વાત પૂરી કરે તે પહેલાં ગુણવંતભાઈ બોલે કે 'ભટ્ટને મારો ગોળી, મોરારજીકાકા વડા પ્રધાન બનવા જોઈએ.' આમાં એક ખાનગી વાત એ હતી કે ગોવિંદભાઈને પીવાની આદત હતી. ગુણવંતભાઈને અને મને એ સમજાતું નહોતું કે નાનકડી અતુલ કૉલોનીમાં એમને દારૂ કયાંથી મળતો હશે. જે હોય તે, પણ ગોવિંદભાઈ કાયમ રાજા પાર્ટમાં આવી જાય. એટલે ગુણવંતભાઈ એમની સાથે કદી દલીલ ન કરે. તેમાં રાતે તો હું પણ તેમને છંછેડતો નહીં. ગોવિંદભાઈ, પોતાની પત્ની સાથે, આ પીવાની ટેવને કારણે કાયમ ઝગડતા હોય. અને ઘણી વખતે એ ઝગડી અને ઘર છોડીને નીકળી જતા. અને સીધા આવતા મારે ત્યાં. એમની હાલત, એટલી ખરાબ હોય કે સીધું ચલાય પણ નહીં. એ હાલતમાં ચાર કદમ દૂર મારું ઘર નજીક પડતું. સીધા મારા ઘરમાં ઘુસી આવતા. જેવા ગોવિંદભાઈ મારા ઘરમાં આવે કે ગુણવંતભાઈ પણ ખેલ જોવા પાછળ આવી ચઢે. હવે માણસને જો ચઢી હોય તો કયાં તો તે હસે અથવા તો રડે. જો હસે તો સાયગલની જેમ ગાયનો ગાવાં બેસી જાય. અને જો રડે તો તે ફિલોસોફર બની જાય. અને પોતાની જાતને ધિક્કારે, પત્નીને ધિક્કારે. અને સામે કોઈ બેઠું હોય એના મિત્ર બની જાય. તો તેનેને પોતે હવેથી નહીં પીએ એવું વચન આપે.

અમારો આ શિરસ્તો ચાર વરસ સુધી ચાલ્યો. આ બધાંનું કારણ સ્ત્રી હતી. ગુણવંતભાઈને સ્ત્રી નહોતી એટલે સમય મારે ત્યાં ગાળતા. ગોવિંદભાઈને ત્યાં સ્ત્રી હતી તેથી તે સમય મારે ઘેર ગાળતા હતા. અને મારા ઘરમાં સ્ત્રી નહોતી. એટલે આ બંધુઓ સાથે હું સમય ગાળતો. પડોશીની વાત જવા દો. પરમાત્માને ભૂલી જાવ. ધ્યાનથી વિચારશો તો લાગશે કે જગત આખાનું નિયંત્રણ સ્ત્રી કરે છે.

[4 Pleasant Drive, YARDVILLE, NJ 08620, U.S.A.]

E mail – harnish5@yahoo.com

# વિશ્વ-નીડે નીડર નર-નારી કિલ્લોલે થોકેથોક

ભૂદાનયજ્ઞ શરૂ થયો તે પહેલાંની વાત છે. એક દિવસ વિનોબા એમના આશ્રમમાં ખેતી કામ કરતા હતા. ત્યાં 'આઝાદ હિંદ ફોજ'ના કેટલાક માજી સૈનિકો આવ્યા અને સલામી આપીને બોલ્યા : 'જય હિંદ !'

વિનોબાએ જવાબમાં કહ્યું : 'જય હિંદ ! ... જય દુનિયા ! ... જય હરિ !'

'જય જગત્ શા માટે ?' તેવો સવાલ છેડતા છેડતા, અને આ ઘટનાની નોંધ લેતા લેતા, તેની જ પછીતે, આદરમાન પૂર્વસૂરિ સંપાદક પ્રબોધ ચોક્સી, યજ્ઞ પ્રકાશન પ્રકાશિત 'જય જગત્' ચોપડીના પૂરોવચનમાં, ઉત્તર ખોળે છે : 'ભગવાનની દુનિયામાં કૂંડાળાં ફરતાં કૂંડાળાં છે. સૌથી નાનું કૂંડાળું છે "હું". જે માણસ તેમાં જ રહે છે તે બધા સાથે બાટકે છે. પણ માણસ "હું"નું કૂંડાળું છોડીને કુટુંબના "અમે" નામના કૂંડાળામાં જાય છે. પણ ત્યાંયે બીજા "અમે"વાળા સાથે એની અથડામણ થતી રહે છે. પછી નાતજાતનાં, ગામનાં ને દેશનાં કૂંડાળાં આવે છે. ૧૯મી સદીમાં યુરોપમાં દેશનું કૂંડાળું બધાં નાનાં કૂંડાળાંને ગળી ગયું. સ્વદેશાભિમાન મહાન ગુણ મનાવા લાગ્યો. આપણે ત્યાં પણ અંગ્રેજો સામેની લડાઈ દરમિયાન આ ગુણ ઘણો ફૂલ્યોફાલ્યો.

'પણ ભારતની ભૂમિ પર તો તેથીયે મોટી વાત હજારો વરસ પહેલાં બોલાઈ ચૂકી હતી : જે કાંઈ જગત્ છે, અર્થાત્ આ બધું જે કાંઈ હરેફરે છે, તેમાં ઈશનો વાસ છે. આખું જગત્ એક કુટુંબ છે. સર્વનું સર્વદા કલ્યાણ થાવ ! આ વિચાર અહીંનાં હવા-પાણી ને માટીમાં ઓતપ્રોત થઈ ગયેલો. આ ભૂમિના કણકણમાં ને દાણેદાણામાં એ વિચાર ! ને આહાર તેવો ઓડકાર. એટલે દેશની રાષ્ટ્રીય સ્વતંત્રતા માટે જીવ સટોસટની લડાઈ ચાલતી હતી ત્યારે પણ રવીન્દ્રનાથ ટાગોર ને મહાત્મા ગાંધી જેવા રાષ્ટ્રપુરુષોએ આપણને સાંકડો રાષ્ટ્રવાદ ન શીખવ્યો. નાતજાત, ધર્મ-પંથ અને ભાષા-ભૂષાના ભેદોને લઈને રચાયેલાં નાનાં નાનાં કૂંડાળાં છોડીને એક રાષ્ટ્રની ભાવનાના કૂંડાળામાં એમણે આપણને આણ્યાં ખરાં, પણ એથીયે મોટું ક્ષિતિજ બતાવી દીધું – સમસ્ત જગતનું ! વિશ્વબંધુતા શીખવી.'

એ જ મહાન, ઉદાર અને સહુને ખમાવતી-શમાવતી ભારતની વાણી વિનોબાને મોંએ એ પછી સતત નીકળતી જ રહી : 'જય જગત્ !'

... છ દાયકા પહેલાં, એક જબરો અમેરિકી નાગરિક દુનિયા ફરવા નીકળેલો. વૅન્ડેલ વિલ્કી એનું નામ. ફરીને એણે એક પુસ્તક લખ્યું : 'વન વર્લ્ડ – 'એક જ દુનિયા'. એ પુસ્તક ઘણું વખણાયું. પણ દુનિયા એકતાને રસ્તે ન ગઈ.

વારુ, શનિવાર ને ૧૦ મે ૨૦૦૮ના રોજ જગત ભરમાં 'પેન્જિયા દિવસ' મનાવવામાં આવ્યો. તમે પૂછી પાડો, એ પહેલાં કહીએ કે આ 'પેન્જિયા' [Pangea] મૂળ ગ્રીક શબ્દ છે, તે 'pan' તથા 'gia' એમ બે શબ્દોથી બન્યો છે. આશરે ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ વરસ પહેલાં, પૃથ્વીના પટ પરે જમીનના ટૂકડા થતા ગયા, તે પહેલાં જે એક માત્ર વિશાળ કાય ખંડીય ભૂમિ વિસ્તાર હતો, તેને સારુ આ ભૂસ્તરશાસ્ત્રીય શબ્દ, 'સર્વ ભૂમિ' અર્થમાં, વપરાશમાં છે.

વિશ્વ સ્તરે વિવિધ ખંડોમાં અને પ્રદેશોમાં આ ઉજવણી થઈ. જગતને નજીક એકરૂપ અનુભવવાને સારુ વિવિધ ફિલ્મોનો ઉપયોગ થયો. કેમ ? તો કહે છે, સીમાઓ, તફાવતો, તેમ જ સંઘર્ષો વચ્ચાળે આ દુનિયાની જનતા વિભાજિત છે. આપણી વચ્ચે જે સાર્વજનિક સર્વસ્વીકૃત બાબતો છે તેને આપણે સહજપણે ધ્યાન પર લાવતા નથી. આ અવસરે, આથીસ્તો, આ આવરણો હટાવવાનું જ કેન્દ્રગામી ધ્યેય રહેલું હતું. તેને માટે ફિલ્મોનું માધ્યમ સ્વીકારાયું છે.

ચાર કલાક. ચોવીસ ફિલ્મો. અને જગતને જોવાની તદ્દન નવી રીત. બસ, આ સઘળાંને કેન્દ્રસ્થ રાખી, મારા વહાલા આ મહાનગર લંડનમાં, સાંજે છ વાગ્યે, આ જાગતિક સ્તરના 'પેન્જિયા દિવસ'નો શુભારંભ થયો. અને વળી એ જ ઘડીએ, મુંબઈ ઉપરાંત આફ્રિકા ખંડના કાઈરોને અને કિગાલીને, અમેરિકાના લોસ એન્જેલિસને અને રિયો દ' જિનેરોને સેટેલાઈટ વાટે જોડવામાં આવ્યા. એક પછી એક આ શક્તિમાન ફિલ્મોનું પ્રસારણ ચોમેરે કરવામાં આવ્યું. કાર્યક્રમમાં જીવંત સંગીતને ય આવરી લેવામાં આવ્યું. માનવકુળને પોરસાવે તેવાં વક્તાઓ, પ્રસારકો ને ગાયકો ય હતાં. જોર્ડનનાં રાણી લેખાતાં નૂર, સી.એન.એન.નાં ક્રિશ્ચિયાન અમાનપૉર, સંગીતકાર કર્મશીલ બૉબ ગેલ્ડોફ, ઈરાનનાં રોક સંગીતખ્યાત હાયપરનોવા જૂથ વગેરેનો આમાં સમાવેશ હતો. આ સમૂળો કાર્યક્રમ જગતની સાત સાત ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવ્યો. ઈન્ટરનેટ, ટેલિવિઝન તેમ જ મોબાઈલ ફોનનાં માધ્યમથી જગતનાં કરોડો લોકો દ્વારા તેનું પ્રસારણ માણી શકાયું.

આજકાલ ઈન્ટરનેટી માધ્યમમાં કેન્યાનાં અનેક મૂળ વતનીઓને ભારતનું રાષ્ટ્રગીત ગાતાં પાટનગર નાયરોબીના પરિસરમાં ને વળી મસાઈ પ્રદેશના ઊહુરુ પાર્કમાં દર્શાવાયાં છે. પોરસાઈએ એવી આ ઘટના છે. પણ, ધીરા ખમીએ, આવું બીજાં દેશો માટે ય સાચું છે. જાપાનીઓએ તુર્કીનું રાષ્ટ્રગીત ગાયું છે. ફ્રેન્ચ લોકોએ યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકાનું રાષ્ટ્રગીત છેડ્યું છે. ઑસ્ટ્રેલિયાએ લેબેનોનનું સન્માનગીત ગાયું છે. અને આમ દુનિયાના બીજાત્રીજા દેશો ય અરસપરસ સામેલ છે અને સૌ કોઈ પ્રશસ્તિગીત ગાતાં ગાતાં સૌને જોડે છે.

વિનોબા, બીજી બાજુ, આપણેને સધિયારો આપતા કહે જ છે : 'સંયોગો તો સંયોગોનું કામ કરશે જ, પણ આપણે આપણો પુરુષાર્થ કરવાનો છે.' અને આવો એક પુષાર્થયજ્ઞ અહીં મંડાયો છે. અને તેથીસ્તો, પછી, 'જય જગત્' નામક, ફક્ત બત્રીસ પાનની, આ ચોપડીમાં આપી, આ બત્રીસ લક્ષણા ઋષિપુરુષની આર્ષવાણી ઘૂંટવાસમ લાગે છે :

'આપણે એક નવો માનવ ઘડવો છે. ઋગ્વેદમાં જેને "વિશ્વમાનુષ" કહ્યો છે, તેવો માનવ હવે આપણે ઘડવો છે. આપણી સામે કોઈ જાતિવાળા, કોઈ ભાષાવાળા તો કોઈ પ્રાંતવાળા ને કોઈ ધર્મવાળા માનવો આવે છે. અને અમુકતમુક રાષ્ટ્રવાળા માનવ કહેવડાવવું એમાં તો આપણામાંથી ઘણાખરાને ગૌરવ જ લાગે છે. ને તેથી હિંદુસ્તાનનાં તમામ છાપાંમાં પાકિસ્તાનની નિંદા આવે છે ને પાકિસ્તાનનાં તમામ છાપામાં હિંદુસ્તાનની પુષ્કળ ખોદણી આવે છે. તેવું જ રશિયા ને અમેરિકા વચ્ચે છે. આમ દેશાભિમાન એ પણ માનવની એકતાને તોડનારી વસ્તુ બની ગઈ છે. હવે એ જોડનારી વસ્તુ નથી રહી. અરે, ભગવાનનું નામ-સ્મરણ પણ જોડવાને બદલે તોડે એવી હાલત જોવા મળે છે. રામનું નામ બોલો તો ખ્રિસ્તી ને મુસલમાન ખિજાય અને અલ્લાહને યાદ કરો તો હિંદુઓ છંછેડાય. બીજાં બધાં કામ તો જરૂર પડે ભેગાં મળીને કરીએ છીએ, પણ ભગવાનનું નામ લેવા માટે તો આપણે ધરાર ભેગા ન જ થઈ શકીએ, એવી દુર્દશા છે ! તે કરતાં તો નાસ્તિકો સારા. એ લોકો એક મંચ પર ભેગા થઈ શકે છે. પણ જરા વિચારો તો ખરા ? શું ભગવાનનું કામ એનાં સંતાનો વચ્ચે ફાટફૂટ પડાવવાનું હોઈ શકે ખરું ? જરા સમજીએ તો દેખાશે કે આપણને ભગવાન નથી લડાવતો, ઊલટાં આપણે જ ધર્મને નામે હૃદયને સંકુચિત કરી નાંખ્યાં છે.

'જાતિ, ભાષા, પ્રાંત, પંથ, ધર્મ, પક્ષ, આ બધું જ આપણને તોડનારું ને લડાવનારું બની ગયું છે. આપણે એ બધું ધરમૂળથી બદલી નાંખવું છે અને "વિશ્વમાનુષ"નું નિર્માણ કરવું છે.

'પરિસ્થિતિ અર્થાત્ દૈવને દોરવનારો ભગવાન તો તેવી બાજી ગોઠવી જ રહ્યો છે, પણ આપણેયે તેમાં સમજીબૂઝીને થાય તેટલો ટેકો કરવાનો છે. માનવ પ્રયત્નરૂપી પ્રાર્થના કરે છે, ત્યારે પરમાત્મા પરિણામરૂપી પ્રસાદ આપે છે. પરિણામ આપણા હાથમાં નથી, પણ પ્રયત્ન કરી છૂટવો એ આપણો ધર્મ છે.'

આ વીસમી સદી દરમિયાન, મહાત્મા ગાંધીની આગેવાનીમાં હિંદે જે મહાન પુરુષો દીઠાં તેમાં જવાહરલાલ નેહરુ પણ અગ્રિમ હરોળમાં સોહે છે. એ હિંદના જ નહીં, જગતના ય જવાહર પૂરવાર થયા છે. ઠીક પચાસ સાલ પહેલાં, પ્રાગ્જ્યોતિષ્પુર ખાતે, જવાહરલાલ નેહરુએ ‘વિરાટનું આહ્વાન’ કરેલું. એ માણીએ અને વાગોળીએ :

‘તમારે નવી પેઢીનાં યુવકયુવતીઓએ, આ જે મહાન નવા યુગનો પૃથ્વીને પાટલે આરંભ થયો છે તેનો મર્મ સમજવો જોઈએ. આ યુગ કેવો મહાન છે ? માનવીના હાથે બનેલા પદાર્થો (સ્પુતનિક) વાયુમંડળ વીંધીને અવકાશને ચીરતા ચંદ્ર-તારાને પડકાર આપવા મંડ્યા છે. … કાળા માથાના તમામ માનવીની જેમ મારાયે દહાડા ગણાય છે. મારી આંખો હજી ભવિષ્યમાં માનવીનાં કેવાં કેવાં પરાક્રમો જોવા પામશે તે હું નથી જાણતો. પણ આજની પેઢીનાં તમે જવાનિયાઓ આ પૃથ્વી પર કંઈ કેટલાય અદ્દભૂત પરિવર્તનો જોવા સરજાયાં છો તેની કલ્પના તો કરો. … માટે ધૂળ જેવી સાંકડી નેળોમાંથી બહાર નીકળી આવો, ક્ષુદ્ર સંઘર્ષોને પડતા મૂકો અને જે મહાન યુગમાં તમે જીવી રહ્યા છો તેનો ખ્યાલ કરો. તમે જાતે મહાન બનવા પ્રયત્ન કરો, કારણ આ નવો જમાનો તમારી પાસે એવી મહાનતાનો તકાદો કરે છે.’

**પાનબીડું :**

### સ્વરાજ-સ્વર્ગે નિરાળે

*જનમન હો જ્યાં નિર્ભય, માનવ ઉન્નત રાખે જ્યાં ડોક,*
*જ્ઞાન હો જ્યાં મુક્ત, જગનાં એક થાયે સહુ લોક;*
*‘મારા-તારા’ના વાડા-વિહોણે આંગણે ઝૂમે અશોક,*
*વિશ્વ-નીડે નીડર નર-નારી કિલ્લોલે થોકેથોક.*

*સત્ય કેરા ગહન ઉરથી વચન-ધારા ઝરે,*
*અણથક બાહુ લંબાવી બિંદુ પૂર્ણ સિંધુને વરે,*
*નિર્મલ-પ્રજ્ઞા સરસ્વતી ના નિર્જીવ રણે ઝૂરે,*
*જનમન ચેતન ફોરે, માનવ ઉન્નત મસ્તક ફરે.*

*નિત્ય ઊંચે ચિંતન-વ્યોમે ચડાવજે પળે પળે,*
*નીરવ નયન કર્મક્ષિતિજ નિઃસીમ થાતી નિહાળે,*
*ચિત્ત હો મન-મુક્ત માનવ ઉદયલોક વિરાજે,*
*જગતને પ્રભુ જગાડ એવે સ્વરાજ-સ્વર્ગે નિરાળે !*


**– રવિ ઠાકુર**

(‘ગીતાંજલિ ૩૫ ઉપરથી મુક્તાંતર : પ્રબોધ ચોકસી)

•

## શીકે લટકતું ગોરડન બ્રાઉન છાપ લેબર પક્ષનું ભાવિ

ચાળીસ ચાળીસ વરસે કૂવાનાં નીર અમારે ત્યાં જાણે કે ડૂકી ગયાં હોય તેવો આભાસ પેદા થયો છે. પાટનગર લંડન સહિત ઈંગ્લૅન્ડ અને વેલ્સમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે ૧ મે ૨૦૦૮ના દિવસે સાર્વત્રિક ચૂંટણીઓ થઈ, તેની જ વાત આપણે અહીં માંડીએ છીએ. તેમાં લેબર પક્ષની ચોમેર પથારી ફરી ગઈ હોય તેવું પહેલી નજરે વર્તાય છે. લેબર પક્ષના નેતા અને વડા પ્રધાન ગોરડન બ્રાઉનને પોતાનું રાજકીય ભાવિ અકબદ્ધ રાખવાને સારુ, સાંચવી રાખવા માટે, આંખ મીંચી, મંડી પડવાનો વારો હવે આવી બેઠો છે. એમણે તો કહી દીધું : ‘આ સઘળી જવાબદારીઓ



મારે શિરે છે.' લેબર માટે તે 'નિરાશાજનક' રાત નીવડી છે. પછીનો સપ્તાહઅંત પણ 'રાજીપાનો રહ્યો નહોતો'. ... પરંતુ બીજાં બધાં એટલેથી જ અટકે તેમ નથી. ઝાઝે દૂર ઝાંખવાની ય જરૂર નથી. કેટલાક સાયલોક્સ શા મહત્ત્વાકાંક્ષી રાજકારણીઓ, પોતાની છરી સરાણે ચડાવી, ઊભડક પગે, રાહ જોતા બેઠા હોય, તેમ નજરે પડે છે.

બ્રિટિશ બ્રૉડકાસ્ટીંગ કૉર્પોરેશનના 'સન્ડે એએમ' કાર્યક્રમમાં, સંચાલક એન્ડ્રયુ મારને વડા પ્રધાન કહેતા હતા : પેટ્રોલના તેમ જ ખાધાખોરાકીની સામગ્રીના વધતા જતા ભાવતાલ તથા જીવન જરૂરિયાતની ઉપયોગિતા અંગે વધતા જતા ખર્ચને કારણે મતદારો ચિંતામાં રહ્યા છે, તેની મને સમજણ છે. આ વિપરિત પરિસ્થિતિમાંથી પાર પડી શકાશે તેવી ખાતરી ઉચ્ચારતા ગોરડન બ્રાઉન કહેતા હતા કે અર્થતંત્ર સાથે સંકળાયેલા કોયડાઓ ઉકેલવાનું અમારે સત્વરે રાખવું રહ્યું. આપણે સૌ અત્યારે ભારે ચિંતાકારક આર્થિક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. ભવિષ્યને માટે ઉજળું ભાવિ આંકીને મીઠાં સોણલાં જોવાનું ટાળી નહીં જ શકાય. ભર્યાભાદર્યા આશાવાદ સાથે હવે પછીના આ નવા તબક્કામાં મુલકને લઈ જવાનો છે, તેથીસ્તો, તેને લગીર નજરઅંદાજ કરવાનો નથી. અને પછી એ કહે : બેચાર દિવસ માટેના મથાળાં બાંધી લેતાં આ સમાચારોમાં હું અટવાઈ જવાનો નથી, મારે પૂરી કર્મણ્યતાથી આ દેશનાં કામો આગળ લઈ જવાનાં છે. ખરી નેતાગીરી તે જ કહેવાય. આમ ગોરડનભાઈની નેતાગીરી હવે ચોપાટનો ખેલ અનુભવશે. ચોતરફ ખેલદાં ગોઠવાઈ ગયાં છે. સોગઠી ચલાવવામાં આવી રહી છે. કોણ કોણ ઘર ફરે છે, કોની કોની સોગઠી ઊઠી ગઈ છે અને કોને કોને પડ લાગે છે ? – તે, ભલા, આજે કોણ કહી શકે !?!

કન્સરવેટિવ સાંસદ અને છાયા પ્રધાન મંડળના લિયમ ફોક્સ જ કહેતા હતા કે ગોરડન બ્રાઉન કોઈક 'માનસિક ખોભણમાં અટવાયેલા' છે અને તેમણે મતદારો સાથે 'મુરબ્બીવટ રાખવો' યોગ્ય નથી. બીજી તરફ, જાણીતા કટારલેખક એન્ડ્રયુ રૉનસ્લીએ "ધ ઑબ્ઝર્વર"માં લખતા કહ્યું છે તેમ, કન્સરવેટિવ પક્ષના નેતા ડેવિડ કેમેરુનની આ સફળતાની સાથે સાથે ટોરી પક્ષ યાને કે કન્સરવેટિવ પક્ષની પોઠમાં જબ્બર પડકારો પણ જોવા સાંપડે છે. આમ સભાની (હાઉસ ઑવ્ કૉમન્સની) ભાવિ ચૂંટણીઓ વખતે સૂચિત વડા પ્રધાન રૂપે ડેવિડ કેમેરુન કેવા નિખરશે તેનું સતત નિરીક્ષણ પણ હવે થતું રહેવાનું છે.

અમેરિકાના મિસૂરિ શહેર ખાતે અમેરિકી અને વૈશ્વિક આર્થિક પ્રવાહોની હાલ એક ચર્ચાસભા બેઠી હતી. અમેરિકી રાષ્ટ્રપ્રમુખે પોતાની રજૂઆત કરતાં કરતાં હળવાશે કહેલું કે અનાજનો ભાવધારો ભારત અને ચીન જેવા દેશોની વધતી સુખાકારીને કારણે પૌષ્ટિક આહારની માગ ઊંચકાયાથી છે. તે પાંત્રીસ કરોડવાળા હિન્દવી મધ્યમવર્ગી બજારની પણ વાત છેડતા હતા. શાસક પક્ષોના પ્રતિસ્પર્ધીઓને જ્યોર્જભાઈએ, જાણે કે, તાસકમાં લાડુ પીરસી આપ્યા !

ખાધાખોરાકીના ભાવ ઊંચકાયા છે તેનું એક કારણ બળતણની મોંઘારત છે. પેટ્રોલ મોંઘું થતું રહ્યું છે, અને તેની અન્ય પેદાશો પણ. જૈવિક બળતણ પેદા કરવાની ચેષ્ટાઓ પણ સતાવે છે. મહાસત્તાઓના અનેક પ્રકારના સાચાખોટા ધખારાઓને કારણે હોડ બકાતી રહી છે. મન અને જીવન ઊંચક થઈ ગયાં છે. તેને લીધે પૈસો વેડફાય છે અને બેન્ક તેમ જ તેની આનુષંગિક સેવાઓ તાણ અનુભવતી થઈ છે. તેની અસર હેઠળ આવાસો, તેને માટે લેવાતી ધીરાણોને સારુ માઠી અસર અનુભવે છે. વળી, ગીરે પદ્ધતિએ મકાન લેનારાંઓની વલે વધી પડી છે. આવી ગીરે પદ્ધતિમાં માસિકી હપ્તામાં ખેંચ ઊભી થાય તો મકાન આંચકી લેવાના દાખલાઓ વધતા જાય છે. આજની દુનિયામાં અમેરિકાને શરદી થઈ હોય તો જગતને છીંક આવે છે. ભારત - ચીનને તાવ આવતો હોય તો બીજાત્રીજાને ચૂક આવે છે. જગત આખું હવે બદલાઈ ચૂક્યું છે. વિશ્વગામનું ચિત્ર ઊભું થયું છે. અમેરિકાની એક બેન્ક ફાડચામાં જવા પેઠી અને લાંબે પટે બ્રિટનની સરકારને દરમિયાનગીરી કરવાની થઈ. અમેરિકાની બીજી બેન્ક પણ મુશ્કેલીઓ અનુભવે છે. આ અને આવા સવાલો આ દેશના નાગરિકજીવનને હચમચાવી બેઠા છે.

## લંડન કૉલિંગ

આટલું કમ હોય તેમ, શિક્ષણના સવાલો છે. રાષ્ટ્રીય તબીબી સેવાઓના કોયડાઓ છે. રોજગારીની તકો છે પણ કેટલાક વિસ્તારોમાં કાપકૂપ થયા કરે છે. છેલ્લા અંદાજપત્રમાં આવક વેરાના લઘુતમ દસ પેન્સના દરમાં સુધારો લાવીને વીસ પેન્સનો દર કરવાનો થયો, તો તેના વિપરિત પડઘા પણ પડતા રહ્યા છે. જ્યાં ત્યાં અમેરિકી અર્થતંત્રની અસર પેઠી છે અને તેની પછીતે મહાકાય કોરપોરેશન સંસ્કૃતિનો વ્યાપ પથરાતો જાય છે. અને આ સૌને નાગરિકો કરતાં ગ્રાહકો ઘડવાનું જ વાજબી લાગે છે. આજના સમૂહ માધ્યમોનું કલેવર આની તો શાખ પૂરે જ છે. છેવટે, પૈસો તેમાં જ અંકે થવાનો છે. પ્રકાશ ન. શાહ પૂછી પાડે છે તેમ, મધ્યમવર્ગી લોકોની સુખાકારીની ચિંતા થઈ, પણ બાકીના સમાજનું શું ? 'જાણે કે તેમનું કોઈ જ અસ્તિત્વ નથી'. અને લાગલા પછી પ્રકાશભાઈ લખે છે, 'સમાજ કહો, દેશ કે રાષ્ટ્ર કહો, એને નામે સઘળાં ગર્જનતર્જનચિત્કાર કરનારાઓની દુનિયા પેલા પાંત્રીસ કરોડના મધ્યમવર્ગી બજારથી શરૂ થઈ એમાં જ પૂરી થઈ જાય છે.'

### બ્રિટિશ ઇસ્ટ આફ્રિકન એશિયન દુકાવાલાનો વલોપાત

*હતો આફ્રિકામાં ત્યારે :*
ગણીગણીને સિક્કા થયા ખરબચડા મારા હાથ,
જતી રહી પેલી સ્પર્શની નરમાશ.
ખોટું થયું ! ખોટું થયું !

*બ્રિટનમાં આવી જોયું કે :*
આ દેશમાં જીવવાની રીત છે નિરાળી,
હોઠો પર ભલે રમતું હાસ્ય,
પણ અવાજમાં છે પીડા ચાંદા પડેલી જીભની.

*કરું છું પશ્ચાતાપ :*
મારા પાયામાં જ્યાં હતી ખોડ
ત્યાં દીવાલો પર ચડાવું ક્યાં આળ ?
મોડું થયું ! મોડું થયું ! ખૂબ મોડું થયું.

– ભદ્રા વડગામા

(મૂળ અંગ્રેજી કાવ્યનો ભાવાનુવાદ)

### વૃદ્ધોની પ્રાર્થના

હે પ્રભુ, હે પરવરદીગાર !

આપ તો જાણો જ છો કે હું ઘરડો થતો જાઉં છું;

મને વાતોડીયો થતાં બચાવ. દુનીયાની નાની મોટી દરેક બાબતે મારે મારો મત વ્યક્ત કરવો જ જોઈએ એવો મારો ખ્યાલ નીર્મુળ કર;

બીજાના બધા મામલા સીધાસુતરા કરી આપવાની મારી ચળમાંથી મને મુક્ત કર;

પાર વીનાની વીગતોથી લાંબી પારાયણ કરવામાંથી મને દુર રાખ, મને પાંખો આપ કે હું સીધો વાતના મુળ મુદ્દા પર પહોંચી જાઉં;

મારાં દુખો અને મારા શરીરમાં થતી પીડાઓની વાત કરવા બેસું ત્યારે મારા હોઠ ભીડી દેજે. વરસોના વહેવા સાથે દુઃખો તો વધતાં જ જાય છે, સાથોસાથ તેનાં ગાણાં ગાવાની મીઠાશ પણ મને ગમતી જાય છે.

મને એ ઉમદા પાઠ શીખવ કે પ્રસંગોપાત્ત હું ખોટો પણ હોઈ શકું.

મને વીચાર કરતો ભલે રાખ; પણ જ્યાં ત્યાં ચંચુપાત કરતો અટકાવ. હે પ્રભુ ! એમ કર, કે બીજાને હું મદદ રુપ થાઉં; પણ તેમના પર ધણીપણું ન કરું.

મારા ડહાપણ અને અનુભવોના ભંડારનો લાભ બીજાને આપી શકતો નથી તેની ગમગીનીથી મન દયાજનક બની જાય છે; પણ હું ઇચ્છું છું કે મારે થોડાઘણા (ભલે થોડાક જ) મીત્રો હોય. ( કારણ કે આ ભંડારની વાતો કર્યા કરીશ તો કદાચ જે મીત્રો છે તે પણ મારાથી દુર થઈ જાય એવો ભય રહે છે.)

(મૂળ અંગ્રેજી. ભાવાનુવાદ : **બળવંત પટેલ**)

e.mail : patel.balvant@gmail.com

વારુ, બૃહદ્ લંડન વિસ્તાર સારુ 'ગ્રેટર લંડન ઑથરિટી' નામની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે. તેમાં પણ લેબરે બહુમતી ખોઈ છે. તેને સારુ બે ગુજરાતીઓ ચૂંટણી લડેલાં. લેબર પક્ષ વતી અનસૂયાબહેન સોઢા ચૂંટાઈ શક્યાં નથી. જ્યારે તે જ પક્ષના નવીન શાહ કન્સરવેટિવ પક્ષના ચાલુ સભાસદને હરાવીને વિજેતા નીવડી શક્યા છે. ઈંગ્લૅન્ડ તથા વેલ્સની આ ચૂંટણીઓમાં લેબરને ૩૩૧ સભ્યો ખોવા પડ્યાં છે. હવે તેને ૨,૩૬૮ સભાસદો છે. જ્યારે કન્સરવેટિવ પક્ષને ૩,૧૫૪ કાઉન્સિલરો છે અને તેને નવા ૨૫૬નો તેમાં ફાયદો મળ્યો છે. લિબરલ ડેમોક્રેટિક પક્ષને ૧,૮૦૫ સભાસદો છે અને તેને ૩૪ કાઉન્સિલરોનો ફાયદો થયો છે. ટૂંકામાં કહેવું હોય તો, કન્સરવેટિવ હવે ૬૫ કાઉન્સિલ પરે વર્ચસ્ જમાવે છે. જ્યારે લેબર ફક્ત ૧૮ પર અને લિબરલ ડેમોક્રેટ બાર પર. જ્યારે ૬૪ કાઉન્સિલોમાં કોઈની જ બહુમતી બનતી નથી. એથી ત્યાં યુતિ શાસન થશે.

દાયકાઓ સુધી રાજકારણીઓએ ઉપનગરો પ્રત્યે દુર્લક્ષ સેવવાનું રાખ્યું છે. હવે ઉપનગરો જાગ્યા છે. કેન લિવિંગસ્ટનને ઠેકાણે લંડનના નવા મેયર બનેલા બોરિસ જોન્સન તેમને તારણહાર લાગે છે. નગરની બસોમાં છકેલા યુવાજૂથની ધાંધલધમાલને ટપોરનારા તરીકે, મધ્ય લંડનમાં કન્જેશન દર સામેનો રંજનો ઉકેલ શોધનાર તરીકે, હાથી-પેટી મોટી ગાડીઓની દોટમ્દોટ પરના અંકુશમાં હળવાશ લાવનાર તરીકે બોરિસ જોન્સન ઉકેલ આણશે તેવો તેમનો મત બનતો હોય, તો ય નવાઈ નહીં. વિદુષક તરીકેની બોરિસ જોન્સનની છાપ છે. તે શી ભલીવારી કરશે?

પરંતુ એક વાત નક્કી. ટોની બ્લેઈરના જમાનામાં જે અનેક મુશ્કેલીઓ પેદા થઈ તે વારસામાં ગોરડન બ્રાઉનને ફાળે આવી છે. જગતના નિષ્ઠાવંત, પ્રામાણિક, દૂરંદેશ વિચારક તરીકે ગોરડન બ્રાઉનની ઉચ્ચ ગણના થાય છે. વ્યક્તિ તરીકે તે ગંભીર કિસમના આદમી છે. તેમ કેન લિવિંગસ્ટનની જોમવંત લંડનપ્રેમી આગેવાન તરીકેની છાપ છે. આજે ચોમેર જે મુશ્કેલીઓ છે, તેનો સામનો કરવાને સારુ આમ પ્રજાને ગંભીર આગેવાનો જાણે કે ખપના નથી. તેમને ક્યાંક વિદુષક અને ભરમાળ પેદા કરતા કરાવનાર આગેવાનોની હાલ પસંદ છે. આ બ્રિટનમાં જ સાચું છે તેમ નથી, અમેરિકામાં ય સાચું છે. આવતી કાલે ભારતમાં ય તે હકીકત બની શકે છે.

•

## "આવાઝ" – પૂર્વ આફ્રિકાવાસી એશિયાઈઓનું અંગ્રેજી સામયિક

જાન નિસાર અખતરનું એક ગીત છે : 'આવાઝ દો, આવાઝ દો હમ એક હૈ, હમ એક હૈ.' ખય્યામનાં સંગીત નિર્દેશનમાં, મહમ્મદ રફીનો કંઠ તેને મળ્યો છે. અહીં કવિ લલકારતા આગળ ચાલે છે : 'એક હૈ અપની ઝમીં, એક હૈ ગગન, એક હૈ અપના જહાઁ, એક હૈ અપના વતન, અપને સભી સુખ એક હૈ, અપને સભી ગમ હૈ ... આવાઝ દો ... ... '


વારુ, "આવાઝ"ની આવતે અઠવાડિયે લંડનમાં પધરામણી છે. ... અને, વાચકદોસ્ત, ફિલ્મની વાત અહીં આપણે કરતા નથી; "આવાઝ" નામના સામયિકની અને તેના વિખ્યાત સંપાદકો : ઝરીના પટેલ અને ઝાહિદ રાજન વિશેની નોબત પીટી રહ્યો છું. બંને, વળી, નાયરોબીસ્થિત જબ્બર લેખકો અને કર્મશીલો ય છે.

હિંદના આથમણા કાંઠાથી, સૈકા પૂર્વેથી, અનેક લોકો દેશપરદેશ ખેડતા આવ્યા છે. એમાંના ઘણાં આફ્રિકા જઈ વસેલા. કહે છે ને દોરી લોટો લઈને પેટિયું રળવા એ કોમ નીકળી પડેલી ! દક્ષિણથી ઉત્તર લગીના આ વિસ્તારમાં, ઠેરઠેર આપણી ગુજરાતી વસાહત રોજગારી અર્થે પથરાઈ હતી. આ ખંડના ઊગમણા વિસ્તારમાંના કાંઠા પ્રદેશમાં, તેમ જ પીઠપ્રદેશમાં આવેલા મોઝામ્બિક, મલાવી, ઝિમ્બાબ્વે, ઝામ્બિયા, ટાન્ઝાનિયા, કેન્યા, બુરૂન્ડી, રવાન્ડા, કોંગો, યુગાન્ડા, સોમાલિયા, સુદાન અને ઈથિયોપિયામાં ય એ વસાહતનાં સગડ મળી જ આવે. આપણી આ ફેરાની વાતમાં, આ પટને, ચાલો, થોડોક સંકોરીને ચાલીએ. જંગબાર કહેતા ઝાંઝીમ્બાર, ટાંગાનિકા, કેન્યા અને યુગાન્ડા સુધી તેને સીમિત કરીએ અને પછી કેન્યાને કેન્દ્રબિન્દુ બનાવી લઈએ.

ઈતિહાસની અટારીએ નેજવું કરીને ઝાંખીએ, તો સમજાશે કે જંગબારના ફઝલભાઈ જાનમહમ્મદ માસ્તરથી, સન ૧૮૯૪માં આરંભાયેલો પત્રકારત્વનો એ પ્રવાસ હજુ જારી છે. ઝરીના પટેલ અને ઝાહિદ રાજન તે વણઝારનાં આજે આગેવાનો છે. એક દા, દક્ષિણ આફ્રિકામાં મોહનદાસ કરમચંદ ગાંધી, ટાંગાનિકામાં ઉછરંગરાય ઓઝા અને વી.આર. બોલ, કેન્યામાંના મણિલાલ દેસાઈ, હારૂન અહમદ, પ્રાણલાલ શેઠ, તેમ જ બીજા અનેકો જેવા પત્રકારોની બોલબાલા હતી. તમે માનશો ? આ દરેકની નસનસમાં ગુજરાતી લોહી વહ્યું છે ને વિરાસતમાં એ દરેકને ગુજરાતી ખમીર મળ્યું છે.




ઝાહિદ રાજન



ઝરીના પટેલ

ગિરધારી લાલ વિદ્યાર્થી (૧૯૦૭-૧૯૮૫), એડી પરેરા (૧૯૧૫-૧૯૯૫), મણિલાલ અંબાલાલ દેસાઈ (૧૮૭૯-૧૯૨૬), પ્રાણલાલ પુરુષોત્તમ શેઠ (૧૯૨૪-૨૦૦૩), અચરૂ રામ કપિલા (૧૯૨૦-૨૦૦૩), સુગરા વિસરામ(૧૯૨૩), પિયો ગામા પિન્ટો (૧૯૨૭-૧૯૬૫), પ્રિયા રામરખા (૧૯૩૫-૧૯૬૮), સોફિયા મુસ્તફા (૧૯૨૨-૨૦૦૫), મખ્ખન સિંઘ (૧૯૧૩-૧૯૭૩) અને આપા સાહેબ પંત (૧૯૧૨-૧૯૯૨) જેવાં હિન્દવી ધૂરંધર આગેવાનોને કેન્દ્રમાં રાખીને "આવાઝ"ના મજેદાર અંકો થયા છે તેમ, 'ઈન્ડિયન કોર્ટેઝાન્સ', હિન્દી જમાતની 'એન્ત્રપ્રનેરિયલ સ્પિરિટ', 'આફ્રિકા - ઍ ચોતારા ફ્યૂચર ?' તથા 'ઘોસ્ટ્સ ઑફ મબીરા' સરીખા સાંપ્રત સવાલોને કેન્દ્રમાં રાખીને ય ભર્યાભાદર્યા અંકો "આવાઝે" દીધા છે. ટૂંકામાં કહેવું હોય તો આ દરેક અંકમાં આ વસાહતી ઈતિહાસની કાચી સામગ્રીની મંજૂષા જોવા મળે. 'ઝેન્ડ ગ્રાફિક્સ લિમિટેડ' દ્વારા પ્રકાશિત "આવાઝ" નામક સામયિક ઉપરાંત, ઝરીના પટેલકૃત 'ચેલેન્જિસ ટુ કલોનિયલઝિમ' તથા 'અનક્વાઈટ - ધ લાઈફ એન્ડ ટાઈમ્સ ઑવ્ મખ્ખન સિંઘ', શિરાઝ દુરાણીકૃત 'નેવર બી સાયલન્ટ' તેમ જ બ્લાન્ચ રૉચ દ' સૂઝાકૃત 'હારનેસીંગ ધ ટ્રેડ વીન્ડ્સ' નામે પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે.





પૂર્વ આફ્રિકામાંની દક્ષિણ એશિયાઈ વસાહતનાં ઐતિહાસિક, રાજકીય, તેમ જ સાંસ્કૃતિક પ્રશ્નો બાબતોને કેન્દ્રમાં રાખીને ચર્ચાનો ચોરો આ સામયિક, "આવાઝ"માં મંડાતો રહ્યો છે. આ વસાહતનાં મૂળ સુધી

જઈને તેને વિશેની વિવિધ સંશોધનસામગ્રીઓ એકઠી કરવાનું કામ આ સામયિક વાટે થતું આવ્યું છે. કાળી મજૂરી કરતાં કરતાં તાલેવંત બનેલી આ વસાહતની બાકીસાકી જમાત હવે ધંધોધાપો કરે છે, અશ્વેત કેન્યાવાસીઓને રોજગાર આપે છે, અને પછી, પોતીકા બેન્ક ખાતાઓમાં તગડો નફો ય જમા કરતી રહી છે.

આ વસાહત પાસે આજે ધન છે, દોલત છે, પરંતુ તે એકલગંધી બનીને પોતાનામાં અલમસ્ત જીવન જીવે છે. રાજકીય ક્ષેત્રે એક વખતની સક્રિય જમાત, હવે સંપૂર્ણપણે બંધિયાર બની બેઠી છે. આપણી આ જમાત બાબત કોઈકે ઝાહિદ રાજનને, આથીસ્તો, પૂછી પાડેલું : ઐતિહાસિક મુદ્દે જોઈએ તો હિન્દીઓ મુલકના દરેક સ્તરે વિસ્તરી ગયાં હતાં અને તેમની બોલબાલા હતી. કામદાર મંડળમાં તેમની આગેવાની હતી. બ્રિટિશ સંસ્થાનવાદ સામેની આઝાદીની લડતમાં પણ તેઓ પૂરેવચ્ચ આગેવાની આપતા હતા. તેમણે ઠેરઠેર નિશાળો બાંધી છે અને હૉસ્પિટલોની સ્થાપના કરી છે. એવું તો શું થયું કે આ નાગરિક કૂચ જારી રહેવાને બદલે, હવે, સરિયામ ઠપ્પ થઈ બેઠી છે ? ઝાહિદભાઈએ આ સારુ ત્રણ મુદ્દાઓને કારણરૂપ દર્શાવ્યા છે : એક, સાઠીમાં કેન્યામાં કેન્યાકરણ (કેન્યાઈઝેશન) લાદવામાં આવ્યું અને તેને કારણે જમીનની ફેરવહેંચણી કરવામાં આવેલી. વળી, સરકારી નોકરીઓમાં અશ્વેત આફ્રિકીઓ માટે અનામતની પ્રથા દાખલ થઈ અને અર્થતંત્રમાં પરવાનાઓ ને ઈજારાઓને સ્થાન અપાતું થયું. બે, ૧૯૭૨માં ઈદી અમીને જે રીતે એશિયાઈ વસાહતીઓની યુગાન્ડામાંથી હકાલપટ્ટી કરેલી તેની અસર. અને ત્રણ, ૧૯૮૨ના અરસામાં, તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ ડેનિયલ આરપ મોઈ સામે જે નિષ્ફળ બળવો થયેલો, તેથી માઠી પરિસ્થિતિ પેદા થઈ હતી. આ સમય દરમિયાન, નાયરોબીમાં જે દંગાફસાદ થયા તેમાં ભારે નુકસાન પહોંચેલું અને તેમાં હિન્દીઓની મિલકતો ઝાઝેરી હતી. પરિણામે, હિન્દીઓ શહેરમાંથી દૂર ખસતા ખસતા પરાંઓમાં અને અન્યત્ર સ્થળાંતર કરી ગયાં છે.

એક જમાનામાં કેન્યાનાં જનજીવનમાં હિન્દીઓ સક્રિય હતા અને આગેવાની પણ આપતા હતા, તેની સામે કોમ હવે કોરાણે ફેરવાઈ ચૂકી છે. હા, આ વસાહત કમાણી કરે છે અને વળી દાનધર્માદા ય કરે છે. પણ પહેલાંની જેમ વિરોધ પક્ષોને સહાયક ભાગ્યે જ થાય છે. હિન્દીઓ એક




**સાહેબ, આપણી નવી જેલનું ઉદ્દઘાટન કોને હાથે કરાવશું ? સંજય દત્ત કે સલમાન ખાન ? ફરદિનખાનનું તો વેઈટ નહીં પડે !**

તરફ વૈશ્વિક નાગરિક હોય તેમ ચોમેરે વિકસતા રહ્યા છે. પરંતુ તેની ઝાઝેરી અસર અહીંની વસાહતમાં જોવાની સાંપડતી નથી, તેમ આ તંત્રીઓ માને છે. પરિણામે, આ અને આવા અનેક મુદ્દાઓની ચર્ચા આ સામયિકમાં નિયમિતપણે થતી આવી છે.

પૂર્વ આફ્રિકાની હિન્દવી વસાહતના એક જબ્બર પૂર્વસૂરિ તરીકે અલીભાઈ મુલ્લા જીવણજીનું નામ પહેલી હરોળમાં સોહે છે. આપણી વસાહતનો અવાજ સબળ કરવા, એમણે, સન ૧૯૦૨માં, “આફ્રિકન સ્ટેન્ડર્ડ” નામે અખબાર શરૂ કરેલું. પ્રતિકૂળ પરિસ્થિતિમાં એમને તે છાપું વેંચી કાઢવા વારો આવેલો. આજે “ઈસ્ટ આફ્રિકન સ્ટેન્ડર્ડ” નામે દૈનિક રૂપે તે ચાલુ રહ્યું છે. સને ૧૯૧૪માં ‘ઈસ્ટ આફ્રિકન ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ’ની સ્થાપના કરવામાં પણ એમણે આગળ પડતો ફાળો આપેલો. નાયરોબી શહેરની વચ્ચે આપણા આ વડીલ આગેવાને શહેરીજનો માટે એક બગીચો રચાવી આપેલો. એમની સ્મૃતિમાં આજે આ ઉદ્યાન મઘમઘી રહ્યો છે. એ ધૂરંધર શ્રેષ્ઠીનાં દોહિત્રી ઝરીનાબહેન પટેલ કર્મશીલ ઉપરાંત જાણીતાં લેખિકા અને આ સામયિકનાં એક તંત્રીપદે છે. એમના સાથીદાર ઝાહિદભાઈ રાજન પૂર્વ આફ્રિકાના માનવ અધિકાર આંદોલનમાં પણ સક્રિય રહ્યા છે. ભારતીય સમાજને કેન્દ્રમાં રાખતાં રાખતાં, આફ્રિકા તેમ જ યુરોપના બૌદ્ધિક જગતમાં ફેલાઈ જઈ, કેન્યાના રાષ્ટ્રવાદી વ્યવહારને વાચા આપવાનું આ સામયિકનું વલણ હોવાનું, આ બંને તંત્રીઓ દૃઢતાથી માનતાં આવ્યાં છે. પૂર્વ આફ્રિકાના વિકાસમાં દક્ષિણ એશિયાઈ જમાતે જે ફાળો આપ્યો છે તેની ગાથા સતત રજૂ કરવાનું કામ પણ આ સામયિકે સુપેરે હાથમાં લીધું છે, એમ સ્પષ્ટ વર્તાય છે.

•

## કોઈ મહેફિલથી ઊઠી જાય … … …

પત્રકારત્વની અનુપારંગત(એમ.ફિલ.)ની પદવી માટેના અભ્યાસક્રમના ભાગરૂપ કરવામાં આવેલા એક સંશોધનનિબંધમાં, સંશોધનકર્તા, આશા વિહોલ જણાવે છે કે આધુનિક ટેક્નૉલોજીના આ યુગમાં, સમાચારપત્રો અને વીજાણુ માધ્યમો વચ્ચે ઇન્ટરનેટી સમાચારપત્રો, નેટ-ચૅનલો, મોબાઈલ પત્રો, કે મોબાઈલ ચૅનલો હવે કંઈ નવી વાત નથી. આજે દર ત્રીજી વ્યક્તિ ઇન્ટરનેટ પર પોતાનું ખુદનું સમાચાર પત્ર કે સામયિક ચલાવી શકે છે. એટલે આજે માધ્યમો એ આપણી જરૂરિયાત પણ છે અને આપણી તાકાત પણ છે. સમૂહ માધ્યમો દ્વારા વ્યક્તિ પોતાની વાત સમાજ સમક્ષ રજૂ કરી શકે છે. … … સમાજમાં વૈચારિક ક્રાંતિ લાવવાનું કામ આ ટમટમિયા તારલા … કરે છે.

ત્રણ ત્રણ વરસની આવરદા જોઈને, હવે આ સપ્તાહઅંતથી, ઇતિહાસને પાને અંકાઈ જતાં ‘સન્ડે ઇ-મહેફિલ’ને ઓવારે, આવા કોઈ એક વિજાણુ સામયિકનું ટમટમિયું અનુભવવા મળ્યું છે. તેની છેલ્લી સાપ્તાહિકીમાં, સંપાદક ત્રિપુટી વતી, મુખ્ય સંપાદક ઉત્તમ ગજ્જર નિવેદિત કરે છે :

“‘સન્ડે ઇ-મહેફિલ’ અંગે અમારે કંઈ આવું જ થયું છે. મહેફિલ શરૂ થઈ એક નાનકડા ઉપક્રમ રૂપે. ઉદ્દેશ પણ સીમિત હતો – ગુજરાતી ભાષાના વ્યાપ અને વિકાસ માટેનો. ભારત બહાર દૂર દેશાવરમાં, અને ભારતમાં ગુજરાત બહાર, અન્ય રાજ્યોમાં સ્થાયી ગુજરાતી બન્ધુઓ-પરિવારોને દર અઠવાડિયે નિયમિત, વીક-એન્ડની પ્રથમ સવારે અચૂક પહોંચી જાય તે રીતે, ઇ-મેઈલથી, એકદોઢ પાના જેટલું ગુજરાતી સાહિત્યમાંથી પસન્દ કરેલ વાચનક્ષમ અને રસપ્રદ લખાણ, ગુજરાતી લિપિમાં, પી.ડી.એફ. ફાઈલ બનાવી પેશ કરવું. (Portable Document Format – પી.ડી.એફ. એટલા માટે કે જેની પાસે ગુજરાતી ફોન્ટ ન હોય તે પણ તેના વાચનનો લાભ લઈ શકે.) આશય માત્ર એટલો જ કે મૂળ ગુજરાતના ગુજરાત બહાર વસતા ગુજરાતીઓને કમ સે કમ સપ્તાહમાં એક વાર ગુજરાતી લખાણ, ગુજરાતી લિપિમાં વાંચવા મળી રહે, જેથી ગુજરાતી ભાષા, ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી લિપિ સાથેનો તેમનો સમ્પર્ક જળવાઈને જીવંત રહે. કવિ ખબરદારની અત્યંત જાણીતી

પંક્તિ ‘જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત’ આ ઉપક્રમ પૂરતી તો ‘જ્યાં કોઈ વાંચે ગુજરાતી, ત્યાં અવશ્ય મુજ ગુજરાત,’ બની ગઈ ! અમારા મનમાં તો આટલું જ કે, સપ્તાહના સાતે સાત દિવસ નહીં તો ય કમ-સે-કમ બે દિવસ તો મિત્રો, પરિચિતોના ઘર-આંગણે ગુજરાતી ભાષા-સાહિત્ય-લિપિનો સૂર્ય ઊગે અને પ્રકાશતો રહે ! ... ... એક પેટા ઉદ્દેશ પણ ખરો, પણ પેટા જ, આનુષંગિક જ માત્ર. ગુજરાતી ભાષાની જોડણી વિશે પુનઃવિચારની આવશ્યકતા છે એમ, ઘણા ગુજરાતી ભાષકોની જેમ અમને પણ પ્રતીત થયું છે. આ અંગે ‘ગુજરાતી ભાષા પરિષદે’ જે અભિગમ અપનાવ્યો છે તે યોગ્ય અને ગુજરાતીને સરળ બનાવવામાં ઉપકારક છે તે અમે સ્વાનુભવે પ્રમાણ્યું છે.”

**“સન્ડે ઇ.મહેફિલ”ના સંપાદકોનું આ નિવેદન, ઊંઝા જોડણી સાંચવીને, “ઓપિનિયન”ના આ અંકમાં, પૂરા સદ્દભાવ સાથે, અન્યત્ર સમાવિષ્ટ કરેલું છે. વાચકોને તેમાં રસ પડશે તેવી શ્રદ્ધા પણ છે. : તંત્રી**

આ સંપાદક ત્રિપુટીની ય કથા મજેદાર છે. એક ઉદ્યોગપતિ, એક નિવૃત્ત શિક્ષક અને એક નિવૃત ઈજનેર. ઉદ્યોગપતિનો ઉછેર દરિયાપાર કેન્યા(પૂર્વ આફ્રિકા)માં; શિક્ષકનો ઉછેર સરદાર ભૂમિ બારડોલી નજીક અને કર્મભૂમિ નર્મદનગરી સુરત; ઈજનેરનો ઉછેર ચરોતરમાં અને કર્મભૂમિ ગાંધીનગર. આ પંચાશી વર્ષના યુવાન તરવરિયા ઉદ્યોગપતિ નામે રતિલાલ ચંદરયા વિશે ઝાઝેરી તે શી વાત કરવી ? એ ખુદ હવે ગુજરાતી ભાષાના વડેરા મશાલચી બની ગયા છે. ઈજનેર નામે બળવંત પટેલ ૪ જૂન ૧૯૩૨ના રોજ જન્મ્યા. ગુજરાત યુનિવર્સિટીમાંથી ઈજનેરની પદવી હાંસલ કરી અને ગુજરાતના અધિક્ષક ઈજનેરપદેથી તે નિવૃત્ત થયા. મુખ્ય સંપાદક ઉત્તમ ગજ્જરનો જન્મ ૨૮ જૂન ૧૯૩૫ના રોજ બારડોલી જિલ્લાના કડોદ ગામમાં થયો. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક બની તેમણે જીવનભર પૂરાં પાંત્રીસ વરસ ગુજરાતમાં શિક્ષણકામ કર્યું છે. ૧૯૬૦માં મધુકાન્તાબહેનને એ પરણ્યા અને દંપતીને ત્રણ સંતાનો છે. દીકરો તથા પહેલી દીકરી અમેરિકામાં સ્થાયી થયાં છે. જ્યારે બીજી દીકરી અમદાવાદમાં છે.

આ સામયિકમાં, કુલ ૧૫૫ સાપ્તાહિક વાંચનસામગ્રીઓ લેવાઈ, જેમાં બ્રિટનમાંથી મંજુલા પારેખ, રાજીવ સવાણી, ભદ્રા વડગામા, વિનય કવિ તથા વિપુલ કલ્યાણીનો, ઈટલીના પ્રદ્યુમ્ન તન્ના તેમ જ સ્પેનના ફાધર વૉલેસનો સમાવેશ છે. વળી અમેરિકાના બીજાં ૨૯ કવિલેખકોને ય આવરી લેવામાં આવ્યાં છે. એમાં ઠઠ્ઠા-ચિત્રકાર મહેન્દ્ર શાહ પણ આવી ગયા છે. આ ડાયસ્પોરિક સંપાદનમાં આ ત્રિપુટીને હરનિશ જાનીનો સક્રિય સાથ સહકાર સાંપડેલો. વળી, મોટા ભાગની સાપ્તાહિકીઓમાં મહેન્દ્ર શાહનાં કાર્ટૂનોએ દેખા દીધી છે. સામે પાર, ભારતમાંથી ૧૨૦ વાચનસામગ્રીઓને સ્થાન અપાયું છે. ડાયસ્પોરિક કવિ લેખકોને આવડું મોટું ફલક કદાચ આ પહેલાં મળ્યાંનું જાણમાં નથી. આ ધડો અન્યોએ લેવા જેવો છે.

આ સાપ્તાહિકીની પસંદગીની પાછળ મહેન્દ્ર મેઘાણીની મુદ્રા જાણે કે સતત ઉપસતી આવી છે. મહેન્દ્રભાઈએ લોક મિલાપ પુસ્તક ભંડાર અને આનુષંગિક પ્રસારણમાં જે કામ કર્યું છે તેની કેવડી જબ્બર અસર જગત ભરમાં પેદા થઈ છે તેનો અંદાજ આજે ય ઘણાંને નથી. આ મહેફિલમાં પણ મહેન્દ્ર મેઘાણીએ રોપ્યાં બી વૃક્ષ બનીને નીખર્યાં હોય તેવો સતત અનુભવ થતો આવ્યો છે.

આ ૧૫૫મી અને છેલ્લી મહેફિલનું નિવેદન આગળ ધપે છે : ‘ગુજરાતી પરિવારોની વાચનભૂખ ઉઘડી હોય, ગુજરાતમાંના કે ગુજરાત બહારના સર્જકોની રચના અને સર્જકોથી અરસપરસ પરિચિત થવાયું હોય, આ ત્રણ વર્ષના ગાળામાં શરૂ થયેલી અનેક ગુજરાતી વેબસાઈટ અને ગુજરાતી બ્લોગ તરફ બહુ જ મોટા પ્રમાણમાં વાચકો વાચન તરફ વળ્યા હોય, વાચકોની લાખો આંખો ‘ઊંઝાજોડણી’થી અર્થભ્રમ વિના વાંચતી થઈ હોય, દોઢ ડઝન જેટલી વેબસાઈટ-બ્લોગ ‘ઊંઝાજોડણી’માં શરૂ થયાં હોય, દેશ-વિદેશના હજારો વાચકોએ ફોન્ટ મંગાવી સ્ક્રીન પર ગુજરાતી લખવું શરૂ કર્યું હોય, સમજદારી અને ઉષ્માભરી મૈત્રીનું વર્તુળ આવડું મોટું થયું હોય આવી આવી, નાની જણાતી અનેક બાબતોમાં, આ ‘સન્ડે ઈ-મહેફિલે’ ત્રણ વર્ષમાં ચપટી જેટલો ય ફાળો આપ્યો હોય તો તેટલું પુણ્ય પણ અમારાં ઘરડાં હૈયાંને હરખાવે છે. વળી, એ દરમ્યાન જ ગુજરાતી ભાષાનો શબ્દ-સાગર સમો ‘ગુજરાતી લેક્સિકન’ તૈયાર થઈ સેવાર્થે લોકસમર્પિત થયો. હજી તો ત્રણ વર્ષ પૂરાં થાય ત્યાં તો તેના મુલાકાતીઓની સંખ્યા મિલિયન - દસ લાખની થવામાં છે, તેનો રોમાંચ અને તેની ધન્યતા તો અવર્ણનીય છે અને અમારાં હૈયાંને ભીંજવે છે ! ગુજરાતી વેબસાઈટ પૂરતો આ રેકર્ડ તો નહીં હોય કદાચ ! ખેરવિખેર વસેલા ગુજરાતી વાચકોને અમારી લાખલાખ સલામ !’

વિલાયત અને અમેરિકાના ગુજરાતી ડાયસ્પોરિક જગતની વાત કરીએ તો આ મહેફિલે ગુજરાતીનો ડાંડિયો પીટ્યા રાખ્યો છે. તેમણે ગુજરાતીની હવા ઊભી કરી છે, એક રીતે કહેવું હોય તો વાતાવરણ ઊભું કરી આપ્યું છે. હવે પછીની પેઢીને સારુ કાર્યક્ષેત્ર માટે ફળદ્રુપ જમીન તૈયાર કરી આપી છે. આનો ય જોટો કદાચ મળવો મુશ્કેલ છે. અને આથી, આ સાપ્તાહિકીની ખોટ લાંબા સમયગાળા સુધી લાગ્યા વગર રહેવાની નથી.

ભારત સરકારના ‘ટેકનોલોજી ડેવલપમેન્ટ ફૉર ઇન્ડિયન લૅંગવેજીસ પ્રોગ્રામ’ અન્વયે, તાજેતરમાં, ‘સેન્ટર ફૉર ડેવલપમેન્ટ ઑવ્ ઍડવાન્સ્ડ કમ્પ્યૂટીંગ’ દ્વારા ગુજરાતી સૉફ્ટવેર ઉપકરણ તૈયાર થયું છે અને તેનું ય લોકાર્પણ થયું છે. ‘ગુજરાતીલેક્સિકૉન’ આંદોલને તેમાં સિંહફાળો આપ્યો છે. આ ઉપકરણમાં કહે છે કે ચારસો જેટલા વિવિધ ગુજરાતી ફોન્ટ્સ આપવામાં આવ્યા છે. અમદાવાદના જુગલકિશોર વ્યાસે, પોતાના સરસ મજાના બ્લોગમાં, આ ઘટના બાબત આંખે દેખ્યા અહેવાલ તરીકે સરસ રજૂઆત પણ કરી છે. ગુજરાતી ભાષાના એક વડેરા ભાષાશાસ્ત્રી દયાશંકર જોશી હમણાં અહીં વિલાયતમાં વસે છે. તેમના ય મત મુજબ આ ફોન્ટ્સના કીબૉર્ડને વૈજ્ઞાનિક તરીકાએ ગોઠવવાનું કામ હવે થવું જોઈએ. હકીકતે, ગુજરાતી ફોન્ટ્સ બાબત નરી અરાજક્તા ઠેર ઠેર ભરી પડી છે. અંગ્રેજી સમેતની ભાષાઓમાં એકવાક્યતા છે તેવું જગત, ભલા, આપણે ક્યારે ભાળી શકીશું ? ગુજરાતી લેક્સિકોન આંદોલનને પગલે પગલે, આ ‘સન્ડે ઇ.મહેફિલે’, આ બાબતની ચર્ચા માટેનો ચોતરો તૈયાર કરી આપ્યો છે.

વારુ, ફરીવાર, આ સાપ્તાહિકી તરફ વળીએ. સંપાદક ત્રિપુટીમાંના બળવંત પટેલના મત મુજબ, ઉત્તમભાઈએ બધું એકલા જ સંભાળ્યું છે. બળવંતભાઈ લખતા હતા : ‘જેમ તમે એકલા “ઓપિનિયન” સંભાળો છો. તમને તેમની વ્યસ્તતા અને તેમણે ઉપાડેલા અને ઉપાડતા ભારનો ખ્યાલ વધુ સારી રીતે આવશે. આનંદની અને અગત્યની વાત તો એ કે આ કામ માટે તેમને દૃષ્ટિ અને કૌશલ્ય બન્ને છે અને પ્રચુર માત્રામાં, અને નામની જેમ ઉત્તમ થાય તેની ચીવટ પણ ગજબની છે.’

ઉપસંહારરૂપે, ઉત્તમ ગજ્જર લખતા હતા તે પ્રસન્ન ચિત્તે વાંચીને મમળાવીએ : ‘અમારા ત્રણેનો આ રાજીખુશીનો નિર્ણય છે, સંતોષના ઓડકાર સાથેનો. નવરા બેસવાના નથી. કામોના ડુંગર પડ્યા છે. ભાષાની ભક્તિની કો-ક દિશામાં જોરથી દોટ મૂકીશું. એટલે સુધી તો મારાં નવાં ઘૂંટણેય આવી જશે. અમે ત્રણે ખૂબ જ પ્રસન્ન અને બહુ જ આનંદમાં રહીએ છીએ. આ દિશામાં ઘણું થયું. હવે કશું બીજું. અલબત્ત, ગમે તે કરીશું, પણ કેન્દ્રમાં છે ‘ઊંઝા’. ... હાલ કશું નક્કી નથી. હાલ માત્ર મુક્તિ ! મારી ચપટીક નવરાશ જો તમારી સહાય અર્થે વાપરી શકું તો હું ધન્યતા અનુભવીશ.’

ઉત્તમભાઈ, અમે ય અમારો ઓશિંગણભાવ સહૃદય વ્યક્ત કરીએ છીએ.

**પાનબીડું :**

શબ્દ ક્યાં પહોંચે છે તે જાતે નીરખવા માટે,

ભાનની સૃષ્ટિની સીમાને પરખવા માટે,

દિલના વિસ્તારની દુનિયાઓમાં વસવા માટે,

કોઈ મહેફિલથી ઊઠી જાય તો મૃત્યુ ન કહો.

- હરીન્દ્ર દવે

vipoolkalyani.opinion@btinternet.com

## કાવ્યજાહ્નવી

(મિશ્ર)

ન પ્રાસનાં બંધન, તાલ, માત્રા,
યતી તણી જાળ થકી જ સ્ફુરી
આત્મા તણા ભવ્ય હિમાદ્રિએથી
ધીમે સરી નાચતી કાવ્યજાહ્નવી
હસી સમાઈ રવિલેખિનીમાં.

કવીન્દ્રની મંજુલ ગીતહેલી
કોકિલની રમ્ય સ્વરાવલિ શી
જ્યાં આત્મને આત્મ પીછાણતો ત્યાં
ખેંચી જતી માનવ-સ્નેહમંદિરે
દાઝેલને અંતર ઘા રુઝાવવા.

સુધા તણી તૃપ્તિ ન એ, અનન્ય
ગીતો તણી ગુંજન માધુરી એ
ભરી સૂતા આત્મ મહીં સુચેતના
રમી રહે સ્મૃતિ મહીં સદૈવ.

(કવીવર રવીન્દ્રનાથ ટાગોરના
અવસાન પ્રસંગે લખાયેલું કાવ્ય)

•

## તવ પ્રણય

(શિખરિણી)

રસ્યાં સોને આ સૌ કિરણ રમતાં પર્ણ જૂથમાં
અને અભ્રો આભે અહીંતહીં સરે આળસભર્યાં.
વહે મારે ભાલે અનિલ નીજ છોડી શીતલતા
– બધું એ, હું જાણું, તવ પ્રણય વિના નવ કશું.
ઉષાના તેજે આ નયન છલતાં - એ હૃદયને
અનેરા સંદેશા તવ પ્રણયના શા સુણવતાં !
ઝૂકેલું છે તારું વદન મુજ નેત્રો પર - અહો !
અને સ્પર્શી મારું હૃદય ચરણોને તવ રહ્યું.

•

## ન જાણ્યું

(મંદાક્રાન્તા)

તે દિને એ નવકમલ ખીલ્યું, મને ભાન ના કૈં,
મારું ક્યાંયે મન ભમી રહ્યું, છાબ ખાલી પડી'તી.
ને મેં દીધું નવકુસુમપે ધ્યાન ત્યારે જરીયે.
આજે પાછો અનુભવ વ્યથાનો થતો કો' મને ને,
ચોંકું મારાં સ્વપન મહીંથી-આ અનેરી સુવાસ
માણું મીઠી સમીર મહીં દક્ષિણના આવતી શી !
એ માધુરી મુજ હૃદય આતુર પીડે વ્યથાથી,
છોડ્યો જાણે પુરણ થઈ ગીષ્મે જ ઉત્સુક શ્વાસ.
ત્યારે મારી સમીપતમ એ આટલે 'ને મમત્વ
મારું એના ઉપર પણ 'ને પૂર્ણ માધુર્ય એનું
ખીલ્યું મારા હૃદયતલમાં-એ કશું મેં ન જાણ્યું.




*કવિવર રવીન્દ્રનાથ ટાગોરની અંગ્રેજી 'ગીતાંજલિ' અને બીજાં અંગ્રેજી કાવ્યોનો ગુજરાતી પદ્યાનુવાદ.*


*અનુવાદકઃ* **હયદર અલી જીવાણી**

*ટેક્સાસ, અમેરિકા :*
hjivani@houston.rr.com


*હયદરભાઈ લખે છે : 'મારાં હસ્તલિખિત કાવ્યો વર્ષો સુધી સંઘરી રાખી જેમણે આજે તે બધાં સુલભ કરાવી આપ્યાં તે વડોદરાના મારા પરમ મિત્ર પી.એમ. દોશીના ઋણ સ્વીકાર સાથે. આ કાવ્યોને પ્રકાશમાં લાવવામાં મિત્ર બળવંતભાઈ પટેલ :* balvantpatel@icenet.net *પણ યશના હકદાર છે. વળી, સદ્દભાવે અક્ષરાંકન ઉત્તમભાઈ ગજ્જરે કરી આપ્યું છે :* uttamgajjar@hotmail.com'

## અમાપ દાન

તું હર્ષ પામે કરી અંતહીન,
મને અને જીવનપાત્ર ખાલી,
કરી ક્ષણે તું ક્ષણમાં ભરે એ.
નાની શી આ વાંસની બંસરીમાં,
અનંત સંગીત નવું ભરીને,
હોઠે લગાડી સઘળે ફરે તું,
પહાડ ને કોતર કંદરામાં.
અમર્ત્ય તારો કરસ્પર્શ પામી,
મારું ભૂલે અંતર હર્ષસીમા,
ને એ કથે ભાવ અકથ્ય કેટલા !
અમાપ તારાં સહુ દાન મારા,
નાના કરોમાં ઠલવાય આવી.
યુગો વીત્યા-તું અવિરામ તોયે,
વર્ષી રહે દાન અને હજીયે
સ્વીકારવા છે અહીં સ્થાન ખાલી.

## તે ન જાણે

(વસંતતિલકા)

મારી સમીપ વસનાર ન જાણતા કે
તું તો વધુ નીકટ એ સહુથી મને છે.

સુણાવતા કથન જે નિજ એ ન જાણે
કે છે ભરી વણકથી તવ વાણી ઉરે.

મારા પથે ભીડ જમાવી રહ્યા ન જાણે
કે સંગ હું તુજ અહીં ફરું એકલો છું.

જે રાખતા મુજ પરે પ્રીત એ ન જાણે
કે સ્નેહ એ મુજ ઉરે તુજને જ લાવે.

•

## ગીત તારાં

(વસંતતિલકા)

ગાઈશ હું મધુર ગીત સદૈવ તારાં
તું શબ્દ દે, પ્રિય મને, સ્વર દે મને તું.
આવી વિરાજ કમલાસનપે, કરી દે
જો પ્રાણ પ્રેમ તવથી પરિપૂર્ણ તું તો
ગાઈશ હું મધુર ગીત સદૈવ તારાં.
તું જો સુણીશ મુજ ગાન, ઉદાર નેત્રો
તારાં રહે વરસતો મુજપે સુધા ને
દુખો તણા સમયમાં તવ સ્નેહભીનો
મૂકે તું હસ્ત, અભિમાન ન આવવા દે
પ્રાપ્તિ થતાં સુખતણી મુજ ઉરમાં તો
ગાઈશ હું મધુર ગીત સદૈવ તારાં

(નૈવેદ્ય)

•

## કૃતાર્થ ક્રંદન

(મિશ્ર)

બહુ દિનો વંચિત અંતરે જે
સંચિત આશા, તવસ્પર્શ તૃષ્ણા
નિમેષમાં લુપ્ત બની ગઈ; મેં
શાને કર્યું ક્રંદન આજ જાણ્યું.
ઉજાગરા ધન્ય ! કૃતાર્થ ક્રંદન !
સહી શકું ના અવ હું વિશેષ;
બજી ર૧ા જે મનમાં સૂરો તે
શબ્દો થકી કેમ શકું બતાવી ?
ઝૂકી રહી અંતરની લતા આ,
ને ઝીલવાને અવ પુષ્પભાર

એનો ન રહી શક્તિ લેશ મારી.
રહ્યું હવે તો ઘરમાં ન જાય.
વિદીર્ણ હે પ્રિયા ! હવે કરી દે
મારું ભર્યું અંતર હર્ષથી તું
આનંદનો સ્રોત ન જો વહેશે
બહાર તો પામું હું કેમ શાંતિ ?

(ગીતાલી)

•

## અણમૂલ ઊંઘ

(મંદા ક્રાન્તા)

રાત્રી વીતી ગઈ નીરખતાં રાહ એની જ વ્યર્થ;
છે ભીતિ કે ક્યહીંક મુજ દ્વારે અચિંત્યો પ્રભાતે,
હોઉં નિદ્રા મહીં શ્રમિત ત્યારે જ આવી જશે એ.
રાખી એનો પથ સુહૃદ, ખુલ્લો જ, ના રોકશો કો'.
જાગી ઊઠું નવ ચરણના નાદ એના થકી હું
તો કોઈયે જરીય શ્રમ લેજો જગાડ્યા તણો ના.
પંખીઓના કલરવ થકી, વાયુ ઝંઝા થકી વા
ઊડે નિદ્રા મુજ ચહું ઉષાના પ્રકાશોત્સવે ના.
ઓ નિદ્રા, ઓ અણમૂલ અરે ઊંઘ મારી, ચહે તું
એનો પામી મધુર કરનો સ્પર્શ થાવા વિલીન.
એને મારી સમીપ જ અહો, ઊંઘતીમીરમાં કો'
સ્ફુર્યા સ્વપ્ના સમ અહીં ઊભો જોઈ ખૂલી જશે આ
મીંચ્યાં મારાં નયન નીરખી સ્મિતનાં તેજ એનાં.
સૌ રૂપોમાં પ્રથમ, સહુ તેજો મહીંયે પહેલાં
એવાં એનાં મુજ નયન આ પામજો દર્શ રમ્ય.
એની દષ્ટિ થકી પ્રથમ હો હર્ષકંપિત મારો
જાગ્યો આત્મા !
નિજ તરફ આવું ફરીને કદી હું,
તો હો પાછું ત્વરિત જઈ પ્હોંચ્યા સમું એ પ્રતિ જ.

•

## દરદવેદના

(પૃથ્વી)

તને નવ મળ્યા તણું જીવન આ મહીં ભાગ્ય જો
રહો સતત દર્દ તો નજર તુજ ચુક્યા તણું,
ભૂલું ન ક્ષણ કાજ એ; દરદવેદના જાગૃતિ
અને સ્વપનની સહુ ક્ષણ મહીં ઉરે હો ભરી.

અહીં અવનિના અતિ ભીડભરેલ ચૌટા મહીં
વીતે દિવસ ને ભરું કર મહીં નફા રોજના
મને તવ થજો ઉરે : નવ કશુંય મેં મેળવ્યું,
ભૂલું ન ક્ષણ કાજ એ; દરદવેદના જાગૃતિ
અને સ્વપનની સહુ ક્ષણ મહીં ઉરે હો ભરી.

સમીપ પથની શ્રમિત બની જાઉં બેસી અને
બિછાવી દઉં વેળુમાં મુજ પથારી ત્યારે થજો
મને; હજી પ્રવાસ દીર્ઘ મુજ કાજ બાકી પડ્યો,
ભૂલું ન ક્ષણ કાજ એ; દરદવેદના જાગૃતિ
અને સ્વપનની સહુ ક્ષણ મહીં ઉરે હો ભરી.

સજાવટ ભરેલ હોય મુજ વાસ, વેણુ બજે
અને પ્રસરી અટ્ટહાસ્ય સઘળે રહે ગાજતાં;
મને સતત એ સ્મરોઃ નવ તને દીધું નોતરું.
ભૂલું ન ક્ષણ કાજ એ; દરદવેદના જાગૃતિ
અને સ્વપનની સહુ ક્ષણ મહીં ઉરે હો ભરી.

•

## જાણું, હું જાણું

(મિશ્ર)

જાણી લઉં ક્યાંક તને રખે ના
એ કારણે તું મુજ સંગ ખેલે
ને હાસ્ય કેરા ઝબકારથી તું
છુપાવી રાખે તુજ આંસુડાંઓ-
જાણું, હું જાણું તવ એ કળાને;
જે બોલવું તે કદી તું ન બોલે !
હજાર બહાના કરીને સરે તું
રખે તને ના મૂલવી હું બેસું;
દઉં તને ના અકળાવી ક્યાંક
એ કાજ બાજુ પર તું રહે છે-
જાણું, હું જાણું તવ એ કળાને;
જ્યાં આવવું ત્યાં કદી તું ન આવે !
વિશેષ તારો અધિકાર સૌથી
એ કારણે આમ રહે તું મૌન
ને ટાળી દે છે મુજ ભેટને તું
ક્રિડાભરી ધ્યાનવિહીનતાથી-
જાણું, હું જાણું તવ એ કળાને;
લેવાનું જે તે કદીયે ન લે તું !

•

## હે પ્રેમ !

(મિશ્ર)

હે પ્રેમ ! તેં મૃત્યુની ભવ્યતાથી
મારું કર્યું જીવન છે મહાન.
મારા વિચારો, સહુ સ્વપ્ન મારાં
એમાં વળી તેજભરેલ રંગો
વિયોગનાં કિરણના પૂર્યા તેં -
અસ્તાચળે અંતિમ જિંદગીના
કો જ્યોતનાં કિરણ અશ્રુધોયાં
ઝાંખી કરાવે જરી સ્વર્ગની, ત્યાં
પ્રીતિભર્યાં તારકવર્તુળોથી
આવી રહી ચૂંબનજ્યોત નીચે.
આ પૃથ્વીના શોકની સર્વશ્રેષ્ઠ
એ ભવ્યતાઓ કરી દીપ્ત દેતી
અવર્ણ્ય એના ઝબકાર માત્રે.
હે પ્રેમ, તેં જીવન-મૃત્યુ યુગ્મ
મહાન આશ્ચર્ય સમું બનાવ્યું
અદ્દભુત કૌતુક જ કાજ મારે.

•

## પ્રતીક્ષા

(શિખરિણી)

પ્રતીક્ષાએ બેસું અહીં, પકડવા તેજ મથતી
લહું છાયા; ઝીણાં ઝરમર અને નીર વરસે.
લહી કેલી એની પુલકિત બનું અંતરમહીં.
લઈને સંદેશા દૂત કંઈ અજાણ્યા ગગનથી
જતા વેગે પંથે નમન અણસારો કરી મને.
ભર્યું છે આનંદે હૃદય મુજ આ, મંદલહરી
વહી જાતા ધીમા અનિલ તણીમાં ઘાસ મધૂરો.
ઉષાથી સંધ્યા હું અહીં જ મુજ દ્વારે ઘર તણા
રહું બેસી, જાણું નીરખીશ ઘડી હર્ષ તણી હું.
ગીતો ત્યાં સુધીમાં મુજ ગણગણું, એકલ હસું;
ભરેલું વાયુમાં વચન મધૂરું છે મિલનનું.

•

## છોડી સમાધિ

આલાપ ને ગાન સ્તુતિતણાંનો
ઘોંઘાટ તું બંધ કરી હવે દે.
એકાંત અંધારખુણામહીં તું
મંદિરનાં આ સહુ દ્વાર ભીડી
કોનું કરી પૂજન છે રહેલ ?
જો ખોલીને નેન સહેજ તારો
અહીં નથી ઈશ સમીપ તારી.

કૃષિક જ્યાં ભૂમિ કઠોર ખેડે,
જ્યાં ભાંગતો પથ્થર પંથકાર
ત્યાં એ સહુ સંગ વસી રહેલ
વૃષ્ટિમહીં તાપમહીં ય સાથે;
એનાં ય ધૂળે ખરડાય વસ્ત્ર.
પવિત્રતાની કફની ઉતારી
આવી અહીં રહે ઉતરી ભૂમિપે
ધૂળેભરી એ સમ તું ય નીચે.
મુક્તિ ? મળી ક્યાં શકશે જ મુક્તિ ?
માલિક હર્ષે નિજ સર્જનોનાં
સ્વીકારતો બંધન : એ ય બદ્ધ
સદૈવ છે આપણ સૌની સંગે.

મૂકી પૂજા પુષ્પ તું એક પાસ
સમાધિ છોડી અવ આવ બહાર.
ચિરાઈ વસ્ત્રો તવ જાય છોને
વા ધૂળમાં યે ખરડાય તો શું ?
પ્રસ્વેદથી ભાલપરે શ્રમિત
ઊભો રહે, આવ, સમક્ષ એની.

# ‘સન્ડે ઈ-મહેફીલ’ના વાચકમીત્રોનેભાવપ્રેમથી વીદાય-સલામ

○ ‘સ.મ.’ના સંપાદકો

આગામી રવીવારથી આપના Inboxમાં ‘સન્ડે ઈ-મહેફીલ’ની **PDF File** હવે નહીં આવે.. ‘કેમ, કંઈ કારણ? ત્રણ ડોસાઓ (રતીભાઈ-૮૬; બળવંતભાઈ-૭૬ અને ઉત્તમભાઈ -૭૪)માંથી કોઈને કંઈ થયું કે શું ?’ આવો સવાલ થશે જ. પણ ના, ના, એવું કોઈ કારણ નથી. ભલે અમે ડોસા, પણ હજી તો અમે કડેધડે છીએ. કુદરતની કૃપા છે અને તમારો અઢળક પ્રેમ તો છે જ!

તા. ૨૫ મે ૨૦૦૫થી શરુ થયેલી, ‘સન્ડે ઈ-મહેફીલ’ની, ૧૫૫ સપ્તાહ સુધી એક પણ રવીવારનો ખાડો પાડ્યા વીના સતત એકધારી ચાલુ રહેલી આ ‘રંગારંગ-વાચનયાત્રા’ને, હવે વીરામ આપવા મન થયું છે. બસ, એ જ કારણ. તો ચાલો, વીગતે વાત માંડીએ.

યાત્રા કોઈ વાર માત્ર સ્વૈરવીહાર અને નીરુદ્દેશીય હોય છે; પરંતુ મોટે ભાગે તેનો ઉદ્દેશ, માર્ગ, (યાત્રા લાંબી હોય તો) વચ્ચેનાં વીરામ સ્થાનો, પડાવ, અંતીમ સ્થળ, અપેક્ષીત ફળ અને અનાયાસ પ્રાપ્ત થવાનો સંભવ હોય તેવું ફળ – આ બધાનો જડબેસલાક નહીં, તો પણ સારો એવો સવીગત ખ્યાલ યાત્રાએ ઉપડનારને હોય એ સ્વાભાવીક છે. યાત્રા કશુંક પામવા માટે હોય કે ક્વચીત યાત્રી પાસે કંઈક આપવા જેવું હોય તો તે સમાજને અર્પણ કરવા માટે પણ હોય. યાત્રા અને સામાન્ય સફર વચ્ચે દેખીતો કોઈ ભેદ નથી હોતો. ભીન્નતા હોય છે પ્રવાસીના માનસીક અભીગમમાં. કોઈ વાર એવું પણ બને કે શરુ થઈ હોય એક સફર ચોક્કસ મર્યાદીત હેતુથી; પરંતુ સફર કરતાં કરતાં પ્રવાસીનો માનસીક અભીગમ એવો ઘડાતો જાય છે કે તે યાત્રા બની જાય છે!

આવું જ કોઈક વાર બને છે કોઈ ઉપક્રમ વીશે; શરુ થયો હોય થોડુંક કંઈક કરવાના ઉદ્દેશથી, કંઈક પ્રયોગાત્મક બાબત નાણી જોવા. સાવ નવો જ ઉપક્રમ હોય ત્યારે ખ્યાલ પણ ન હોય કે આમાં એવા રમમાણ થઈ જવાશે કે આખું સપ્તાહ એમાં જ ડુબ્યા રહીશું! ખ્યાલ તો એવો હોય કે અઠવાડીયાના બે-એક દીવસ પુરતા થઈ રહેશે. બને એવું કે યાત્રામાં નાનું મોટું અંતર રોજ કાપતા હોઈએ છીએ તેમ, હાથ ધરેલ ઉપક્રમ રોજ ઓછીવત્તો સમય માગી જ લે છે. જો કે એમ પણ સાથે સાથે બને કે, કામ કરતાં કરતાં ન ધારેલ મૈત્રી મળે, નવા મીત્રોનો અપાર સ્નેહ મળે અને ઉપક્રમ સામાન્ય કાર્ય ન રહેતાં મૈત્રીયાત્રા-સ્નેહયાત્રા બની જાય!

‘સન્ડે ઈ-મહેફીલ’ અંગે અમારે કંઈ આવું જ થયું છે. મહેફીલ શરુ થઈ એક નાનકડા ઉપક્રમ રુપે. ઉદ્દેશ પણ સીમીત હતો--ગુજરાતી ભાષાના વ્યાપ અને વીકાસ માટેનો. ભારત બહાર દુરદેશાવરમાં અને ભારતમાં ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં સ્થાયી ગુજરાતી બન્ધુઓ-પરીવારોને દર અઠવાડીએ નીયમીત વીક-એન્ડની પ્રથમ સવારે અચુક પહોંચી જાય તે રીતે, ઈ-મેઈલથી એક દોઢ પાના જેટલું ગુજરાતી સાહીત્યમાંથી પસન્દ કરેલ વાચનક્ષમ અને રસપ્રદ લખાણ, ગુજરાતી લીપીમાં, પીડીએફ ફાઈલ બનાવી પેશ કરવું. (પીડીએફ એટલા માટે કે જેની પાસે ગુજરાતી ફોન્ટ ન હોય તે પણ તેના વાચનનો લાભ લઈ શકે.) આશય માત્ર એટલો જ કે મુળ ગુજરાતના ગુજરાત બહાર વસતા ગુજરાતીઓને કમ સે કમ સપ્તાહમાં એક વાર ગુજરાતી લખાણ, ગુજરાતી લીપીમાં વાંચવા મળી રહે, જેથી ગુજરાતી ભાષા, ગુજરાતી સાહીત્ય અને ગુજરાતી લીપી સાથેનો તેમનો સમ્પર્ક જળવાઈને જીવંત રહે. કવી ખબરદારની અત્યંત જાણીતી પંક્તી ‘જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત’ આ ઉપક્રમ પુરતી તો ‘જ્યાં કોઈ વાંચે ગુજરાતી, ત્યાં અવશ્ય મુજ ગુજરાત,’ બની ગઈ! અમારા મનમાં તો આટલું જ કે, સપ્તાહના સાતે સાત દીવસ નહીં તોય કમ-સે-કમ બે દીવસ તો મીત્રો, પરીચીતોના ઘર-આંગણે ગુજરાતી ભાષા-સાહીત્ય-લીપીનો સુર્ય ઉગે અને પ્રકાશતો રહે!

એક પેટા ઉદ્દેશ પણ ખરો, પણ પેટા જ, આનુષંગીક જ માત્ર. ગુજરાતી ભાષાની જોડણી વીશે પુનઃવીચારની આવશ્યકતા છે એમ, ઘણા ગુજરાતી ભાષકોની જેમ અમને પણ પ્રતીત થયું છે. આ અંગે ‘ગુજરાતી ભાષા પરીષદે’ જે અભીગમ અપનાવ્યો છે તે યોગ્ય અને ગુજરાતીને સરળ બનાવવામાં ઉપકારક છે તે અમે સ્વાનુભવે પ્રમાણ્યું છે. સરસ્વતીચંદ્રકાર આદરણીય વીદ્વદ્દવર્ય ગોવર્ધનરામ ત્રીપાઠીજીએ તેની જીકર કરેલી તે હકીકતથી અમે ખોટે રસ્તે નથી જ તેનો અહેસાસ અમારાં મન-હ્રદયને મળ્યો. તેથી મહેફીલનાં લખાણો-કવીતા-ગઝલો સુધ્ધાં ‘ઉંઝાજોડણી’માં આપવા વીચાર્યું, જેથી આ લખાણો સરલતાથી કોઈ પણ જાતના અર્થભ્રમ વીના વાંચી શકાય છે કે કેમ અને તે પણ વીશ્વસ્તરે, તેની ચકાસણી થઈ શકે. અવશ્ય, આ પેટા ઉદ્દેશ જ હતો. અમને દહેશત પણ હતી કે ઉંઝાજોડણીમાં નહીં માનનાર સાહીત્યકારો પોતાની રચનાઓનો લાભ મહેફીલને આપવા સંમત થશે કે કેમ! (પ્રથમથી જ અમારો નીર્ણય પણ હતો કે, એક પણ લખાણ લેખકની પરવાનગી વીના અને તે પણ ‘ઉંઝાજોડણી’માં હશે તેવી સ્પષ્ટ સમજ આપી, તેમની અનુમતી વીના, મહેફીલમાં પ્રસીદ્ધ ન કરવું.) અહો! કેટલા આનંદની વાત છે કે કેટલાક ઉંઝાજોડણીના પ્રખર વીરોધી સર્જકોએ પણ સ્નેહથી, ઉમળકાથી પોતાનાં લખાણોનો લાભ મહેફીલને આપવાનું સૌજન્ય (‘કૃપા કરીને’ કહીએ તો ય ખોટું નથી!) દાખવ્યું. તેમનું સૌજન્ય, તેમનો ગુજરાતી ભાષા માટેનો પ્રેમ પ્રણામને પાત્ર છે.




*પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ મહેન્દ્રભાઈ શાહનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com*

આ ઉપક્રમનો પ્રારંભ કર્યો હતો 50-60 ભાવકોથી. પ્રતીસાદ કેવો સાંપડશે, તેનો વ્યાપ કેવો હશે – તેનો બીલકુલ ખ્યાલ ન હતો, હકીકતે એવો કોઈ ખ્યાલ કર્યો જ નહોતો. આવો કોઈ ખ્યાલ કર્યો હોત તો પણ; તેને જે પ્રતીસાદ સાંપડ્યો છે, તેનો સાચે જ કોઈ ખ્યાલ આવ્યો ન હોત. બહુ બહુ તો અમે ધાર્યું હોત કે બે-ત્રણ વરસમાં 1000-2000 ભાવકો સુધી પહોંચાય તો ભયો ભયો! આનન્દની વાત છે કે કેવળ એક વર્ષના ગાળામાં ભાવકોનો આંકડો 4500ને આંબી ગયો અને આજે ત્રીજે વરસે તો તે 8500ને કુદાવી ગયો છે!

એક સામાન્ય ઉપક્રમ તરીકે શરુ કરેલ આ મહેફીલ અમારા માટે એક યાત્રા બની ગઈ તે એ કારણે કે, તે હવે પાના દોઢ પાનાંની પીડીએફ ફાઈલના સ્વરુપે કેવળ ગુજરાતી સાહીત્યનો અંશ ન રહેતાં, વીશ્વના સાતે ખંડમાં વસતા આઠ આઠ હજારથી વધુ ભાવકો સાથેની મૈત્રીનો ધાગો-સેતુ બની ગઈ છે. દર સપ્તાહે ભાવક મીત્રોને મહેફીલ પહોંચતાં જ તેમના પ્રેમાળ પ્રતીસાદોથી અમારાં હ્રદય સ્નેહભીનાં થવા માંડતાં અને જોતજોતામાં અમારે મન એ એક ઉપક્રમ જ ન રહેતાં મૈત્રીનું મુર્ત સ્વરુપ બની ગઈ-મૈત્રીયાત્રા બની ગઈ!

મૈત્રીની આ યાત્રા તો અનંત છે, પણ જેનાથી મૈત્રીનો આ મહાસાગર લહેરાય છે તે ઉપક્રમને સંજોગવસાત્, અત્યંત ભારે હ્રદયે વીરામ આપવો પડે એમ છે. આમ, આ ૨૫ મે, ૨૦૦૮ની ૧૫૫મી મહેફીલથી આ યાત્રા વીરમશે. વીરામ તો ન જ કરવો જોઈએ એમ અમારાં

હૃદય પણ કહે છે. પ્રારંભમાં અમારો ખ્યાલ હતો કે સપ્તાહના બે-એક દીવસ મહેફીલ માટે પુરતા થઈ પડશે કૃતીની પસંદગી, પરવાનગી, અક્ષરાંકન, ફોટો, પરીચય, રવાનગી વગેરે કામગીરી માટે. અનુભવે જણાયું કે સપ્તાહના પ્રત્યેક દીવસે તેને માટે મોટા ભાગનો સમય ફાળવવો જ પડે છે અને તેમ છતાં દર સપ્તાહે મળતા ભાવક મીત્રોના મળતા અનેકાનેક ઉમળકાભર્યા પ્રતીસાદ-સંદેશની સ્વીકાર પહોંચને પહોંચી વળવું પણ મુશ્કેલ બની ગયું છે. ત્રણ-ચાર દીવસ બહારગામ જવાના પ્રસંગો અનીવાર્ય ન હોય તો ટાળવા જ પડે. આ કારણે સગાં-સબંધી, મીત્રો, પરીચીતોની ખાસી નારાજગી પણ વહોરવી રહે છે. જો કે મહેફીલના કામની સમજ આપતાં મોટે ભાગે ઉદારદીલે તેઓ દરગુજર કરે છે; એ રાહત પણ નાની નથી. તેમને પણ અહીં યાદ કરી લઈએ, આભારવશ હૈયે. પણ સરવાળે સમજાયું છે કે, હવે મહેફીલને વીરામ આપ્યા વીના કોઈ આરો દેખાતો નથી.

છતાં આને અલવીદા કહેવા હૃદય માનતું નથી, તેથી આને વીરામ કહી મનનું સમાધાન કરીએ છીએ. આ યાત્રા પુનઃ શરુ થશે કે કેમ તેનો અમને કશો ખ્યાલ નથી; થશે તો ક્યારે કે કેવા સ્વરુપે, કયા હેતુઓથી થશે તેનો પણ કશો અંદાજ નથી. ફરી આ ને આ જ સ્વરુપે ચાલુ થાય એવો કોઈ સંભવ અત્યારે તો પ્રતીત થતો નથી એ સ્વીકારવું રહ્યું. જે ઉદ્દેશ અને પેટા ઉદ્દેશથી મહેફીલ શરુ કરી હતી તેનો ક્યાસ કાઢવો જોઈએ તેવી ગડમથલ અમારું મન કરે છે; પણ એવી કોઈ આવશ્યકતાય હૃદયને જણાતી નથી. કારણ કે અમે નહીં કલ્પેલ તેવો અઢળક સ્નેહ અમને ભાવકમીત્રોએ આપ્યો છે. તે જ અમારા ઘડપણની મોટી અને સાચી મુડી છે.

ગુજરાતી પરીવારોની વાચનભુખ ઉઘડી હોય, ગુજરાતમાંના કે ગુજરાત બહારના સર્જકોની રચના અને સર્જકોથી અરસપરસ પરીચીત થવાયું હોય, આ ત્રણ વર્ષના ગાળામાં શરુ થયેલી અનેક ગુજરાતી વેબસાઈટ અને ગુજરાતી બ્લોગ તરફ બહુ જ મોટા પ્રમાણમાં વાચકો વાચન તરફ વળ્યા હોય, વાચકોની લાખો આંખો 'ઉંઝાજોડણી'થી અર્થભ્રમ વીના વાંચતી થઈ હોય, દોઢ ડઝન જેટલી વેબસાઈટ-બ્લોગ 'ઉંઝાજોડણી'માં શરુ થયાં હોય, દેશ-વીદેશના હજારો વાચકોએ ફોન્ટ મંગાવી સ્ક્રીન પર ગુજરાતી લખવું શરુ કર્યું હોય, સમજદારી અને ઉષ્માભરી મૈત્રીનું વર્તુળ આવડું મોટું થયું હોય આવી આવી, નાની જણાતી અનેક બાબતોમાં, આ 'સન્ડે ઈ-મહેફીલે' ત્રણ વર્ષમાં ચપટી જેટલોય ફાળો આપ્યો હોય તો તેટલું પુણ્ય પણ અમારાં ઘરડાં હૈયાંને હરખાવે છે. વળી, એ દરમ્યાન જ ગુજરાતી ભાષાનો શબ્દ-સાગર સમો 'ગુજરાતી લેક્સીકન' તૈયાર થઈ સેવાર્થે લોકસમર્પીત થયો. હજી તો ત્રણ વર્ષ પુરાં થાય ત્યાં તો તેના મુલાકાતીઓની સંખ્યા મીલીયન-દસ લાખની થવામાં છે તેનો રોમાંચ અને તેની ધન્યતા તો અવર્ણનીય છે અને અમારાં હૈયાંને ભીંજવે છે ! ગુજરાતી વેબસાઈટ પુરતો આ રેકર્ડ તો નહીં હોય કદાચ ! ખેરવીખેર વસેલા ગુજરાતી વાચકોને અમારી લાખલાખ સલામ !

હવે આ પળે ખુબ જ આવશ્યક કામ તો એક જ છે. અને તે, અમને જેમનો જેમનો સામેથી- સ્નેહથી સાથ સહકાર મળ્યો છે તેમનો હૃદયપુર્વક આભાર માની તેમના ઋણને માથે ચડાવી તેમનું અભીવાદન કરવાનો, તેમના પ્રતી અંતઃકરણપુર્વક આભાર વ્યક્ત કરવાનો. અમે સાચે જ કૃતજ્ઞ છીએ : –

૧. મહેફીલ માટે પોતાની કૃતી લેવાની પરવાનગી આપનાર દેશ-વીદેશ સ્થીત સૌ સર્જકોના, જે વીના આ ઉપક્રમ શક્ય જ નહોતો.

૨. આવી પરવાનગી મેળવવામાં સહાયભુત થયેલ અને તેમનો પરીચય અને ફોટો મેળવવામાં પણ સક્રીય મદદ કરનાર સૌ ઉત્સાહી, સેવારત, સાહીત્યરસીક મીત્રોના.

૩. વીદેશમાં વસતા સાહીત્યકારોની કૃતીઓ મેળવી, તેના સંપાદનનો કાર્યભાર સંભાળી લેનાર અઝીઝ મીત્ર હરનીશભાઈ જાનીના. તેમ જ અહીં ગઝલ-સંપાદનમાં સક્રીય મદદ કરનાર આચાર્ય કવી મીત્ર મનસુખ નારીયા અને વીજ્ઞાન-શીક્ષક મીત્ર સુનીલ શાહના.

૪. મહેફીલ ઓર રમણીય બની જેમનાં વ્યંગ-ચીત્રોથી તે, અમેરીકાસ્થીત કાર્ટુનીસ્ટ મીત્ર મહેન્દ્રભાઈ શાહના. અને સુરતસ્થીત કાર્ટુનીસ્ટ અને સર્જક મીત્ર નીર્મીશ ઠાકરના.

૫. સ્વેચ્છાએ 'વીજયા ફોન્ટ'માં ટાઈપ કરવાનું શીખી, અક્ષરાંકન કરી આપી અને છેક પ્રુફ રીડીંગ સુધીની સહાય કરનાર મીત્રો, સુનીલ શાહ, જુગલકીશોર, વીજેશ શુક્લ, મધુકાંતા ગજ્જર અને અમે અમેરીકા હતાં ત્યારે સર્વ વાતે મદદ કરનાર મીત્ર કીશોર રાવલ વગેરે જીગર-જાન દોસ્તોના.

૬. પાંચ હજારથી વધારે વાચકો થયા અને સૌ વાચકોને અમારાથી જાતે(મેન્યુઅલી) મોકલવાનું મુશ્કેલ બનતાં, મ`ગ્નેટ ટ`ક્નોલોજીના ભાઈ અશોક કરણીયા અને તેમના સ્ટાફનાં મીનાબહેન છાયા અને જાગૃતીબહેન વાલાણી વગેરે તરવરીયાં યુવાન-ભાઈબહેનો અમારી વહારે ધાયાં અને આજે નીયમીતતાથી સાડા આઠ હજાર ઉપરાંત મીત્રોને મહેફીલ પહોંચાડતા રહ્યાં તેમના.

૭. અણસાર આપ્યા વીના, નીઃસ્વાર્થભાવે, કેવળ ઉમંગ અને પુરા ભાવથી 'સન્ડે ઈ-મહેફીલ' માટે એક વેબસાઈટ http://sundaymahefil.googlepages.com/ બનાવી આપી અને દર સપ્તાહે ચેન્નાઈ બેઠેબેઠે તેને અપલોડ કરતા રહી અમને સરપ્રાઈઝ ભેટ ધરનાર સુરતના ભાઈ હીમાંશુ મીસ્ત્રીના.

૮. અમદાવાદના ભાઈ જુગલકીશોરે પોતાના બ્લોગ આ નવી-સરળ જોડણીમાં શરુ કર્યા. પોતાની હથોટી મુજબ વ્યાકરણ-છંદની સરળ સમજ પણ ઉંઝાજોડણી મારફત તેમાં પીરસવા મંડ્યા. તે જ રીતે અમેરીકામાં રહ્યે ગુજરાતીભાષા-સાહીત્ય માટે સતત ચીંતન-ચીંતા સેવનારા અને રાતદીવસ મથનારા ભાઈ સુરેશ જાની તથા ભાઈ ચીરાગ પટેલે પણ 'ઉંઝાજોડણી'માં વીશેષ રસ દાખવી પોતાના બ્લોગ દ્વારા 'ઉંઝાજોડણી'માં વાચકોને રસપ્રદ વાચન સામગ્રી પીરસવાનો યજ્ઞ સફળતાથી ચાલુ રાખ્યો છે. સુરતની 'સત્યશોધક સભા'નું 'સત્યાન્વેષણ', અમદાવાદનું 'નયામાર્ગ', મહેમદાવાદનું 'વૈશ્વીક માનવતા', મુંબઈનું 'વીવેકપંથી' આ તમામ 'ઉંઝા જોડણી'માં પ્રગટતાં સામયીકો પોતાની વેબસાઈટ દ્વારા વીશ્વના વાચકોને સુલભ બન્યાં છે. 'ગુજરાતી ભાષાપરીષદ', અમદાવાદ પોતે દર બે માસે 'નયા માર્ગ'માં 'ભાષાવીચાર પુર્તી' પ્રકાશીત કરે છે. ભાઈ મનીષી જાની અને કીરણ ત્રીવેદી તેનું સંપાદન કરે છે તે બધી પુર્તીઓ તથા 'ઉંઝાજોડણી'ની કેટલીક તાત્ત્વીક ચર્ચાઓ, દસ્તાવેજો, ઐતીહાસીક પત્રો, રામજીભાઈ પટેલે કાળજીપુર્વક તૈયાર કરેલી અત્યાર સુધીમાં 'ઉંઝાજોડણી'માં પ્રકાશીત થયેલાં સઘળાં પુસ્તકોની યાદી, લેખો વગેરે સચવાય અને ભવીષ્યે પણ સૌને તે સુલભ બને તે માટે http://unzajodni.googlepages.com/home
http://vivekpanthi.googlepages.com/home નામની એક વેબસાઈટ પણ બની છે જેની કામગીરી સુરતના ભાઈ સુનીલ શાહ સંભાળી રહ્યા છે. ઉંઝાજોડણીમાં પ્રકાશીત બીજાં સામયીકો પણ હવે નેટ પર આવવાની તૈયારી કરી રહ્યાં છે. ટુંકમાં, આજે દોઢ ડઝનથીયે વધારે બ્લોગ/વેબસાઈટ 'ઉંઝાજોડણી'માં શરુ થઈ ચુક્યાં છે. 'સન્ડે ઈ-મહેફીલ'ના જેવા જ હેતુ સાથે શરુ કરાયેલા આ સઘળા ઉપક્રમોએ સન્ડે ઈ-મહેફીલને પરોક્ષ રીતે બળ તો પુરું પાડયું જ છે, એનું પ્રાગટ્ય પણ સફળ બનાવ્યું છે તે બદલ આ સૌ મીત્રોનો દીલથી ખુબ ખુબ આભાર.

૯. 'ગુજરાત મીત્ર', 'દીવ્ય ભાસ્કર', 'મુંબઈ સમાચાર' વગેરે દૈનીકો તથા 'નયા માર્ગ', 'વીવેકપંથી', 'સૌજન્ય માધુરી', 'સત્યાન્વેષણ', 'ઓપીનીયન'(બ્રીટન), 'માતૃભાષા',(ઓસ્ટ્રેલીયા) 'ગુજરાત દર્પણ'(અમેરીકા) વગેરે સામયીકોના તંત્રી-સંપાદકો અને લેખક મીત્રોના, જેમણે 'સન્ડે ઈ-મહેફીલ'ની પ્રવૃતીની ખાસ નોંધ લઈ તે અંગેના અહેવાલ-લેખ પ્રસીદ્ધ કર્યા તે માટે.

૧૦. અને ખાસ તો મહેફીલના સુજ્ઞ અને ગુણગ્રાહી વાચક-ભાવકમીત્રોના, જેઓ પોતાના પ્રેમાળ પ્રતીભાવો અને મૈત્રીની ઉષ્મા વડે અમને સતત પ્રોત્સાહીત કરી સજાગ રાખતા રહ્યા અને જેમણે આ સાદા સીધા ઉપક્રમને અમારા માટે ઉમદા યાત્રામાં પરીવર્તીત કર્યો છે તેમના.

અને છેલ્લે ! જે જે મીત્રોએ એક યા બીજા સ્વરુપે અમને સહાય કરી છે તે સહુના અમે દીલથી આભારી છીએ… તો મીત્રો, સ્નેહભર્યા પ્રણામ સાથે વીરામ, આવજો. ... 'જય ગુજરાતી' !

લી. આપના,


રતીલાલ ચંદરયા, e-mail: rpchandaria@comcraft.com
બળવંત પટેલ, e-mail: patel.balvant@gmail.com
ઉત્તમ ગજ્જર, e-mail: uttamgajjar@hotmail.com


May 25, 2008 સંપાદકો, 'સન્ડે ઈ-મહેફીલ'

# રાજકારણી, પત્રકાર અને નવલકથાકાર

○ દીપક મહેતા

સાલ છે ૧૬૮૫ની. ઈંગ્લેન્ડના રાજા જેમ્સ બીજા સામે થયેલો બળવો નિષ્ફળ ગયો છે. કેટલાય બળવાખોરો મરાયા છે, પણ હજી ઘણા નાસતા ફરે છે. તેમાંનો એક બળવાખોર એક ચર્ચમાં છુપાયો છે. ચર્ચના આંગણામાં જ કબ્રસ્તાન છે. નવરા બેઠા કરવું શું, એટલે પેલો બળવાખોર માણસ કબર પરનાં નામો વાંચી રહ્યો છે. કોણ જાણે કેમ, પણ તેમાંનું એક નામ તેના મનમાં જડાઈ જાય છે. એ નામનું મુખ્ય પાત્ર ધરાવતી તેની નવલકથા ૧૭૧૯ના એપ્રિલ મહિનામાં પ્રગટ થાય છે અને જોતજોતામાં એ પાત્ર અને એ નવલકથાનું નામ લોકોમાં ગાજતું થઈ જાય છે. કબર પર લખાયેલું અને સ્મૃતિમાં જડાઈ ગયેલું એ નામ તે રોબિન્સન ક્રુઝો અને પેલો ભાગેડુ બળવાખોર તે તેનો લેખક ડેનિયલ ડેફો. ઘણા વિવેચકો ડેફોને અંગ્રેજી નવલકથાનો પ્રારંભક માને છે.

ડેફોનો જન્મ કયાં થયો, કયારે થયો એ ખાતરીપૂર્વક કહી શકાય તેમ નથી. કેટલાકને મતે ૧૬૫૯માં જન્મ, કેટલાક માને છે કે એ ૧૬૬૧માં જન્મેલો. હા, અવસાનની નક્કી તારીખ જાણી શકાઈ છે- ૧૭૩૧ના એપ્રિલની ૨૪મી તારીખ. આજે એના અવસાનને ૨૭૭ વર્ષ થયાં. માતાનું નામ એલિસ, પિતાનું જેમ્સ. કુટુંબની અટક ફો. પાછળથી ડેનિયલે બદલીને ડેફો કરી, જરા ઉમરાવ કુટુંબની અટક હોય તેમ લાગે તેથી. પિતાનો ધંધો ખાટકીનો. ખાધેપીધે સુખી કુટુંબ. ઈંગ્લેન્ડના ઈતિહાસમાં યાદગાર બની ગયેલા કેટલાક પ્રસંગો બન્યા ત્યારે ડેનિયલ હજી બાળક હતો. ૧૬૬૪માં ડચ મનવારો થેમ્સ નદીમાં ઘૂસી આવી હતી અને લંડન પર હુમલો કર્યો હતો. ૧૬૬૫માં આવેલો પ્લેગ ૭૦ હજાર લોકોને ભરખી ગયો હતો. ૧૬૬૬માં લંડનમાં પ્રચંડ આગ લાગી હતી. ડેફો રહેતો હતો તે વિસ્તારમાં તેનું પોતાનું અને બીજાં બે ઘર બચી ગયાં હતાં, બાકીનાં બધાં ભસ્મીભૂત થયાં હતાં. ડેનિયલ ૧૩ વર્ષનો થયો ત્યાં તેની માતાનું અવસાન થયું. લંડનની ચાર્લ્સ મોર્ટન એકેડમીમાં ડેનિયલે થોડો અભ્યાસ કર્યો. પિતાની ઈચ્છા તો તેને પાદરી બનાવવાની હતી, પણ ડેનિયલે ઝંપલાવ્યું રાજકારણ અને વેપારમાં. યુરોપના દેશોમાં ઘણું ફર્યો. રાજકારણ અને વેપાર અંગે પુષ્કળ લખ્યું. રાજકારણમાં બદનક્ષીભરી ટીકા કરવાના ગુનાસર જેલમાં ગયો. વેપારમાં પૈસા ન ચૂકવી શકવાથી જેલમાં ગયો. માથે ૧૭ હજાર પાઉન્ડનું દેવું થયું. તેણે એક વાર કહ્યું હતુંઃ ‘મને પાઠશાળામાં જેટલી ફિલસૂફી શીખવા મળી છે તેના કરતાં વધારે મુશ્કેલીઓને કારણે શીખવા મળે છે. સ્વતંત્રતા એટલે શું એ હું પુસ્તકોમાંથી સમજ્યો છું તેના કરતાં વધુ તો કારાવાસને પ્રતાપે શીખ્યો છું. મેં રાજાનો રાજમહેલ પણ જોયો છે અને ગુનેગાર માટેની જેલની કોટડી પણ જોઈ છે. અડધા વરસ કરતાંય ઓછા સમયગાળામાં મેં જીવનનાં તેજ અને છાયા બન્ને જોઈ લીધાં છે.

૧૬૮૪માં ડેનિયલે મેરી ટફેલ સાથે લગ્ન કર્યાં. તેમને સાત સંતાન થયાં. વેપારમાં તે જરૂર પ્રમાણે ટોપી ફેરવતો અને રાજકારણમાં જરૂર પ્રમાણે પાટલી બદલતો. ૧૭૦૩માં જેલમાં ગયો, પણ રોબર્ટ હાર્લે અને ટોરી પક્ષ માટે જાસૂસી કરવાનું કામ સ્વીકારીને જેલમાંથી છૂટી ગયો. કારાવાસ દરમિયાન તેણે ‘હાઈમ ટુ ધ પિલરી’ નામની કવિતા લખી જેની નકલો લંડનની શેરીઓમાં વેચાવા લાગી અને એ વાંચીને લોકો ડેનિયલની સુખાકારી માટે પ્રાર્થના કરવા લાગ્યા. ટોરી પક્ષની સરકાર પડી તે પછી ડેનિયલ વ્હિગ પક્ષની સરકાર માટે જાસૂસી કરવા લાગ્યો! તેણે પોતે છાપાં- સામયિકો કાઢયાં, ચલાવ્યાં, ઘણાં જુદાં જુદાં નામે પુષ્કળ લખ્યું. દુનિયાના અનેક દેશોમાં ડેનિયલ ડેફોનું નામ જેને પ્રતાપે જાણીતું થયું તે ‘રોબિન્સન ક્રુઝો’ની પહેલી આવૃત્તિ ૧૭૧૯માં પ્રગટ થઈ ત્યારે તેમાં કયાંય લેખક તરીકે ડેફોનું નામ છાપ્યું નહોતું અને સીમાસ્તંભ બની ગયેલી આ નવલકથા માટે તેને પુરસ્કાર મળ્યો હતો રોકડા દસ પાઉન્ડનો! લંડનના ડબ્લ્યુ. ટેલર નામના લોકપ્રિય પુસ્તકો છાપતા એક પ્રકાશકે તે પ્રગટ કરી હતી. આ નવલકથાના અનુસંધાનમાં ૧૭૧૯ અને ૧૭૨૯માં ડેફોએ બે નવલકથા લખી, પણ તેને પહેલી જેટલી લોકપ્રિયતા ન મળી. મોલ ફલેન્ડર્સ, અ જર્નલ ઓફ ધ પ્લેગ યર, કર્નલ જેક અને રોકસાના તેની બીજી નવલકથાઓ છે. ડેફોને નામે નોંધાયેલાં પુસ્તકોની કુલ સંખ્યા ૫૪૫ જેટલી થવા જાય છે. જોકે ઘણા વિવેચકો માને છે કે હકીકતમાં ડેફોએ પોતે ૨૭૬ પુસ્તકો જ લખ્યાં હતાં અને બાકીનાં બીજા લેખકોનાં પોતાને નામે ચડાવી દીધા હતાં. જોકે આજે આમાંનાં મોટા ભાગનાં પુસ્તકો ભુલાઈ ગયાં છે, પણ આજ સુધી સતત વંચાતી અને વેચાતી રહી છે તેની નવલકથા રોબિન્સન ક્રુઝો. એ પ્રગટ થયા પછી એ પ્રકારની નવલકથાના લેખન-પ્રકાશનમાં જુવાળ આવ્યો. એ પ્રકારની કથાઓ પછી તો ‘રોબિન્સને ડ ફિકશન’ તરીકે ઓળખાવા લાગી. ■

(સદ્દભાવ : ‘વર્ડનેટ’, “મુંબઈ સમાચાર”, ૨૪.૦૪.૨૦૦૮)

[55, Vaikunth, Cooperative Society, Lallubhai Park,
Andheri (West), MUMBAI - 400 058, India]
e.mail : deepakbmehta@hotmail.com

●

**ગુજરાતના ઘડવૈયા (સ્વ-વિકાસની પ્રયોગશાળા) : ડૉ. મકરન્દ મહેતા :** પ્રકાશક - અરુણોદય પ્રકાશન, ૨૦૨, હર્ષ કૉમ્પ્લેક્સ, ખત્રી પોળ, પાડા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ (ભારત) : પ્રથમ આવૃત્તિ - ઑક્ટોબર, ૨૦૦૭ : પૃષ્ઠ - ૧૨+૧૫૬ = ૧૬૮ : મૂલ્ય રૂ. ૨૧૦ / $25 / £20




*‘સામાન્ય રીતે પ્રજાજનોને ઇતિહાસમાં બહુ રસ પડતો નથી પણ જો ઇતિહાસ દ્વારા મૂલ્યોનું જતન કેવી રીતે થાય તેનું નિરૂપણ સાહિત્યિક, આર્થિક અને સમાજને સાંકળીને રસપ્રદ રીતે લખાય તો તે પુસ્તક ભૂતકાળ અને વર્તમાનને જોડતી કડી બની રહી છે.’*

ડો. મકરન્દ મહેતાના પુસ્તક ‘ગુજરાતના ઘડવૈયા – સ્વવિકાસની પ્રયોગશાળા’નું વિમોચન અશોક ભટ્ટ અને લેખક ધીરૂભાઈ ઠાકરે કર્યું હતું. ડો. મહેતાએ જણાવ્યું કે, ઇતિહાસના પુસ્તક મુવિંગ હિસ્ટ્રી સમાન હોય છે. લોકોને હકીકતમાં રસ પડતો નથી પણ ભૂતકાળને વર્તમાન સાથે સંકલિત રીતે જોડવાથી તે લોકપ્રિય બની શકે છે. શેઠ હઠીસિંહ કેસરીસિંહના વિધવા હરકુંવર શેઠાણીએ અમદાવાદમાં ૧૮૫૦માં છોકરીઓ માટેની શાળા સ્થાપી હતી. ૧૮૫૬માં તેમણે સિવિલ હોસ્પિટલ શરૂ કરાવી હતી. પુસ્તકમાં ૧૩થી ૧૯મી સદી સુધીની વાત આવરી લેવામાં આવી છે. આગામી પુસ્તકમાં ૨૦મી સદીના સૈકાની માહિતી હશે.

અશોક ભટ્ટે જણાવ્યું કે, પુસ્તકમાં ૩૩ ઘડવૈયાની વાત લખીને લેખકે ઇતિહાસને જીવંત કર્યો છે. ગૂજરાતમાં ભૂકંપ આવ્યો ત્યારે અનેક લોકોએ અદભૂત સેવાકાર્યો કર્યા હતા પણ હવે આપણી પાસે ઝવેરચંદ મેઘાણી નથી તેથી તે લોકોની વાત કોણ લખશે તે પ્રશ્ન છે.

(સદ્દભાવ : “દિવ્ય ભાસ્કર”, ૨ મે ૨૦૦૮)

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું



‘કામદારો અને ઈજનેરોની વારસદાર પેઢીમાંનો હું એક છું,’ એમ ઑસ્ટ્રેલિયા ઠરીઠામ થયેલા કેરસી રૂસ્તમજી લખે છે. આ છબિ કેરસીભાઈએ કમ્પ્યૂટર કળા વાટે રંગીન બનાવીને મોકલી આપી છે. ‘જામ્બો પાઉલો, જામ્બો માઈકોલ’ [Jambo Paulo, Jambo Mykol] નામની જીવનકથાના લેખક, કેરસી રૂસ્તમજીનો જન્મ ૧૯૩૬માં કમ્પાલા ખાતે થયો હતો. બચપણ માવતર સંગાથે મ્વાન્ઝામાં કાઢ્યા કેડે, ૧૯૭૪ સુધી તેમણે કેન્યામાં વસવાટ કરેલો. તે પછી, ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થવા તે સ્થળાંતર કરી ગયા હતા.

વરસો પહેલાં, કાંઠા પ્રદેશથી, અંદરના પીઠપ્રદેશને સાંકળતી, રેલવે લાઈન બાંધવામાં આવેલી. તે પછી કિલીન્ડિનીથી નાયરોબી વચ્ચે, પહેલવહેલી વખત જે આગગાડી દોડાવવામાં આવેલી, તેનું આ ચિત્ર અહીં લઈએ છે. ટ્રેનના ઈન્જિન પાસે ફ્રામરોઝ દાદાલાંગરાણા નામે ઈન્જિન ડ્રાયવર ખડા દેખાય છે. ચોપાસ મુલકી અધિકારીઓ વગેરે ઊભા છે. કહે છે કે પાછળથી, ફ્રામરોઝભાઈએ અટક ફેરવીને ‘ડ્રાયવર’ કરી કાઢેલી. મોસાળ પક્ષે પાંચછ પેઢીએ વડીલ લાગતા, આ ફ્રામરોઝભાઈ વિશે કેરસીભાઈ પાસેથી પોરસાવતી કેટલીક વિગતો મળી આવી છે.

જહોન ગૉડેટ નામના એક સંશોધકે, થોડા સમય પહેલાં, ‘ધ આયર્ન સ્નૈક’ નામની એક ચોપડી પ્રગટ કરી છે. તેમાં ‘કેન્યા રેલવે કોરપોરેશન’, નાયરોબીના સદ્ભાવથી લેવાયેલી આ છબિ પણ લેવાઈ હોવાની વાત વાંચવા મળી છે. સાંસ્થાનિક સરકારને આ રેલવે લાઈનથી ફાયદો થયો હતો તેના કરતાં નાનામોટા ધંધાધાપાને તેમ જ સ્થાનિક જનજીવનને ભારે ફાયદો પહોંચ્યો હતો, તેમ આ ચોપડીનો ય સાદ રહ્યો છે. મૂળગત, ભદ્રાબહેન વડગામાનાં સદ્ભાવથી “ઓપિનિયન”ને જો કે આ છબિ મળી છે.

પૂર્વ આફ્રિકાની રેલવેનો પણ એક ભાતીગળ ઈતિહાસ છે. મોમ્બાસાની ગોદીમાં પ્રથમ પહેલાં બે ફૂટ પહોળા પાટા પર ગેજ ટ્રોલીનો વહેવાર શરૂ થયો હતો. ત્યાર બાદ, સેન્ટ્રલ આફ્રિકન રેલવે માટે જે પાટા નાંખવાનું કામ તદ્દન ખોરવાઈ ગયેલું તેના જ ૧૧ કિલોમિટર લંબાઈના પાટાઓનો લાભ મોમ્બાસા ટાપુને સારુ મેળવાયો હતો. સન ૧૮૯૬ના અરસામાં, મોમ્બાસાથી વિક્ટોરિયા સરોવર સુધીની રેલવે બાંધવાનો બીજો પ્રયાસ હાથ ધરવામાં આવેલો. ૩૦ મે ૧૮૯૬ના દિવસે, ઠીક ૧૧૨ વર્ષ પહેલાં, તેની શુભ શરૂઆત થયેલી. જો કે જર્મન તાબા હેઠળના ટાંગાનિકામાં, ટાંગા બંદરેથી, મે ૧૮૯૩ના અરસામાં આવો એક પ્રયાસ થયેલો. ચાળીસેક માઈલ લાંબી લાઈન પડી ન પડી અને આ જર્મન ઈજનેર પેઢી ફાડચામાં ફેંકાઈ ગઈ. જો કે આ લાઈનને, છેવટે, મોશી લગી પહોંચતા ૧૯૧૨ સુધીનો સમય લાગેલો.

આ છબિમાં દર્શાવાયું છે તે આગગાડીની ખેપ તો વોઈ સુધીની જ હતી. મોમ્બાસાથી શરૂ થયેલી આ રેલવેને તારુના સપાટ મેદાનમાંથી પસાર થવું પડેલું અને ૧૮૯૮ સુધીમાં તો તે ત્સાવો નદી વિસ્તારમાં પહોંચી ગયેલી. યાદ આવે છે, ભલા, પેલું પ્રખ્યાત પુસ્તક – કર્નલ જે. એચ. પેટરસનકૃત ‘ધ મેન-ઈટર્સ ઑવ્ ત્સાવો’ ? પહેલાં તો આ નદી પરે લાકડાનો એક પૂલ બાંધવો પડેલો. તે પરે પાટા નાંખવામાં આવેલા. વળી, બે માણસ ખાઉ સિંહ કામદારોને હંફાવતા રહ્યા અને તેને કારણે, કહે છે કે, આ કામ સાતેક મહિના ખોરંભે ચડી ગયેલું ! કુડીબંધ આફ્રિકી તથા એશિયાઈ કામદારોને તે જોડી ઓહિંયા કરી ગયેલી ! શિકાગોના ‘ફીલ્ડ મ્યુઝિયમ’માં, આ બન્ને સિંહના મૃત શરીરને દ્રવ્ય ભરીને પ્રદર્શિત કરાયેલા આજે રાખવામાં આવ્યા છે. વોઈ પાસે એક અંગ્રેજ અધિકારીને પણ સિંહે મારી નાંખ્યાની વાત મળે છે. તેમ કીમા સ્ટેશન પાસે એક પોલીસ અધિકારીને પણ સિંહે પતાવી દીધાની નોંધ વાંચવા મળી છે.

સન ૧૮૯૯ સુધીમાં, પાંચસો માઈલનો રેલ પટો તૈયાર થઈ ગયેલો. આથી મેદાનમાંથી બહાર નીકળી જઈ, કેન્યાના ઉચ્ચ પ્રદેશ વિસ્તારમાં તેને લઈ જવામાં આવેલી. મસાઈ કોમના જાણીતા નાયરોબી ગામ સુધી પણ તે પહોંચી અને પછી તેને આગળ અને આગળ લઈ જવામાં આવેલી. આ આખી રોચક કથા ક્યારેક વાંચવા, સાંભળવા, માણવા સમી છે.

# ગુજરાતી ડાયસ્‌પોરા પત્રકારત્વના સંદર્ભમાં ઈંગ્લૅન્ડસ્થિત વિચારપત્ર "ઓપિનિયન" : એક અધ્યયન

○ આશા વિહોલ

## પ્રકરણ - ૩

## વિચારપત્રોનો ઈતિહાસ : એક નજર

### ૩.૧ વિચારપત્રની વ્યાખ્યાઓ :

### (૧) વિચારપત્રો : વ્યાખ્યા અને સમજણ

આજનો યુગ એ માહિતી-વિસ્ફોટનો યુગ છે. આજના અતિ આધુનિક, ઝડપી અને ટેક્નૉલોજીના યુગમાં વિશ્વના દેશો બે ભાગમાં વહેંચાઈ ગયા છે. વિકસિત દેશો જેઓ ટેક્નૉલોજી અને આર્થિક રીતે સમૃદ્ધ છે તેઓ માહિતીપ્રચુર સમાજ ધરાવે છે, એટલે કે માહિતીપ્રધાન, માહિતીપ્રદાન કરતા, માહિતી-વિસ્તરણ કરતા દેશો : જ્યારે સામે છેડે છે, વિકાસશીલ કે અલ્પવિકસિત દેશો એટલે કે ત્રીજા વિશ્વના દેશો જેઓ વિકાસ, ટેક્નૉલોજી અને માહિતી એમ બધી જ બાબતમાં પાછળ છે એટલે કે પછાત છે. વિકસિત દેશો આ વિકાસશીલ દેશોનું દરેક બાબતમાં શોષણ કરી રહ્યા છે. આ દેશો ખોટી માહિતીનો પ્રચાર કરીને પણ વિકાસશીલ દેશોનું શોષણ કરે છે.

આ માહિતીના યુદ્ધનો સમય છે. માહિતી મળી જાય છે. યુદ્ધનું પરિણામ પણ આવી જાય છે. પરંતુ, આ પ્રકારની માહિતી જેને સમાચાર માધ્યમો 'બ્રેકિંગ ન્યૂસ' કે 'એક્સક્લુસિવ ન્યૂસ' કહે છે તે બીજી જ ક્ષણે વાસી થઈ જાય છે. આધુનિક ટેક્નૉલોજીના આ યુગમાં સમાચારપત્રો અને વીજાણુ માધ્યમો વચ્ચે ઈન્ટરનેટી સમાચારપત્રો, નેટ-ચૅનલો, મોબાઈલ પત્રો, કે મોબાઈલ ચૅનલો હવે કંઈ નવી વાત નથી. આજે દર ત્રીજી વ્યક્તિ ઈન્ટરનેટ પર પોતાનું ખુદનું સમાચાર પત્ર કે સામયિક ચલાવી શકે છે. એટલે આજે માધ્યમો એ આપણી જરૂરિયાત પણ છે અને આપણી તાકાત પણ છે. સમૂહ માધ્યમો દ્વારા વ્યક્તિ પોતાની વાત સમાજ સમક્ષ રજૂ કરી શકે છે. સમૂહ માધ્યમોનાં સ્વરૂપ જેવાં વર્તમાનપત્રો, વીજાણુ માધ્યમો ક્ષણજીવી પુરવાર થઈ રહ્યાં છે. આ સમયની મર્યાદાથી બંધાયેલાં માધ્યમો સામે માનવી અને સમાજ માટે દીવાદાંડી પુરવાર થતાં વિચારપત્રો છે. આ વિચારપત્રોની સંખ્યા વર્તમાનપત્રો સામે ખૂબ ઓછી છે છતાં ય એમનું કાર્ય સમાજમાં સનસનાટી ફેલાવવાને બદલે વિચારોને ઉત્તેજવાનું અને વિચાર-વલોણું પ્રગટાવવાનું છે. સમાજમાં વૈચારિક ક્રાંતિ લાવવાનું કામ આ ટમટમિયા તારલા જેવાં વિચારપત્રો જ કરે છે.

સામાન્ય ખ્યાલ એવો છે કે, સમાચારપત્ર એટલે દિન-પ્રતિદિન સમાજમાં ઘટતી ઘટનાઓનું પ્રતિબિંબ ઝીલે અને તેની પર ક્રિયા-પ્રતિક્રિયા આપે અને પોતાના વાચકો માટે માહિતી પીરસે તે. પરંતુ આ વિચારપત્રો એટલે શું ? વિચારપત્રોની લાક્ષણિકતાઓ શી હોઈ શકે ? વિચારપત્રોનાં લક્ષણો શાં ? વિચારપત્રોને 'ટમટમતા તારલા' અને સમાચારપત્રોને **'માહિતીનો ધોધ'** વરસાવતા નિરંકુશ નાયગ્રા ધોધ કેમ કહે છે ? વિચારપત્રોનો સમાજ અને વ્યક્તિના ઘડતરમાં શો ફાળો છે ? આ અને આવા અનેક સવાલોના જવાબ આપણને વિચારપત્રોની વ્યાખ્યા સમજ્યા પછી મળી શકે છે ?

*પત્રકારત્વની અનુપારંગત (એમ.ફિલ.)ની પદવી માટેના અભ્યાસક્રમના ભાગરૂપ કરવામાં આવેલો સંશોધનનિબંધ; વર્ષ : ૨૦૦૫ - ૨૦૦૭*

*સંશોધનકર્તા – **આશા વિહોલ** વિદ્યાર્થિની અનુપારંગત (પત્રકારત્વ)*

*માર્ગદર્શક – **અશ્વિન ચૌહાણ**, વ્યાખ્યાતા*

*પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪*

### (૨) વિચારપત્ર : કેટલીક વ્યાખ્યાઓ

એન્સાઈક્લોપીડિયા ઑવ્ લાઈબ્રેરી સાયન્સની વ્યાખ્યા જણાવે છે કે, 'સામયિક એટલે નિશ્ચિત અથવા નિયમિત સમયાંતરે અનુક્રમિક સંખ્યામાં પ્રકાશિત થતું હોય તેવું પ્રકાશન.' – જ્યારે એ જ પ્રમાણે 'વેબ્સ્ટર્સ ન્યૂ ડિક્શનરી'ના મતે

'A publication, usually with a paperback and sometimes illustrated that appears at regular intervals and contains stories, articles, etc. by various writers and usually advertisements.'

- (વેબ્સ્ટર્સ ન્યૂ ડિક્શનેરી, ૧૨મી આવૃત્તિ, પૃ. ૮૫૦)

'This term is usually applied to periodical publication dealing with general or particular subject literarly, artistic, social, professional, scientific, etc.'

- (એવરીમેન્સ એન્સાયકલોપીડિયા, વૉલ્યૂમ-૮, પૃ. ૧૩૬)

વિચારપત્રોનું માનવજીવનમાં કેટલું મહત્ત્વનું સ્થાન છે તે આપણે જાણીતા લેખક, પત્રકાર એવા વાડીલાલ ડગલીના શબ્દોમાં જ જોઈએ :

'હું ભણ્યો અમેરિકન યુનિવર્સિટીમાં પણ ખરું ભણતર ચાલે છે બ્રિટનનાં સાપ્તાહિક વિચારપત્રો વાંચીને.'

### (૩) વિચારપત્ર એટલે ...

જે સામયિક પાછળ એક પ્રેરક અને સબળ વિચારધારા લઈને, વર્ષોથી ધૂણી ધખાવીને તેના જ્યોતિર્ધર તપસ્વી જેવા તંત્રી અડીખમ સ્વરૂપે બેઠા હોય તે સામયિકને વિચારપત્ર કહે છે.

બીજી રીતે કહીએ તો સમાજમાં સમાજની ઉન્નતિ, સમાજના ઉત્થાન અને વ્યક્તિના કલ્યાણની ભાવનાથી પ્રેરાઈ કોઈ એક સમર્પિત વ્યક્તિ તેના વિચારો એક માધ્યમ દ્વારા સમાજના અન્ય લોકો સાથે વહેંચે છે, એક સરખી વિચારસરણી ધરાવતા લોકો વચ્ચે એક સેતુ રચાય છે, વિચારોની આપ-લે થાય છે. વિચાર-વિનિમય રચાય છે, આ માધ્યમ દ્વારા વ્યક્તિઓ એક મનનીય, ચિંતનીય મુદ્દા પર પોતાના વિચારોનો વિનિમય કરે છે, વિચાર-વિમર્શ ચાલે છે અને આ વિચાર-વલોણું સતત ઘૂમતું રહે છે, જેમાંથી એક નિષ્કર્ષરૂપ વિચાર નિષ્પન્ન થાય છે, આ શક્તિશાળી વિચાર આ માધ્યમના તમામ વાચકોને સાંકળીને સમાજમાં એક નવી સમજ ઊભી કરે છે. આ સમગ્ર પ્રક્રિયા ઘણી લાંબી, જટિલ અને થકવી નાખનારી હોય છે, પરંતુ તેનાથી ભલે અલ્પ સંખ્યામાં પણ સમાજને એક બૌદ્ધિક વર્ગ મળે છે. આ વિચાર-વલોણાની પ્રક્રિયા સમાજમાં સતત ચાલુ રાખી વિચારોની મશાલને જલતી રાખનાર સામયિક એટલે જ વિચારપત્ર.

### (૪) વિચારપત્રોનું લક્ષ્ય / ઉદ્દેશ ...

સમાજમાં વિચાર-વલોણું કરતાં, વૈચારિક ક્રાંતિ જગાવતાં આ વિચારપત્રો ભલે સમાચારપત્રોની સંખ્યાની સરખામણીમાં ગ્રાહક અને પ્રત-સંખ્યાઓનો ફેલાવો વધારી કે જાહેરખબરો છાપી આર્થિક કમાણી કે ઉપાર્જન નહીં પરંતુ **સામાજિક જાગૃતિ અને ચૈતસિક ક્રાંતિનો છે.** સમાજની વિવિધ સમસામયિક સમસ્યાઓ, ગંભીર રાજકીય મુદ્દાઓ, આર્થિક કટોકટીના પ્રશ્નો કે મૂલ્યહ્રાસના મુદ્દાઓ, આર્થિક પર સર્વગ્રાહી તલસ્પર્શી અભ્યાસ રજૂ કરી તેના વાચકો સમક્ષ સાચી પરિસ્થિતિનો ચિતાર રજૂ કરવાનો છે.

તેના અભ્યાસી, પ્રબુદ્ધ અને નિષ્ણાત લેખકો કે તજજ્ઞો તેમના લેખો દ્વારા સમાજ સમક્ષ વિચારોનું વાવાઝોડું ખડું કરે છે. તેઓના લેખો એટલા ગહન, તલસ્પર્શી અને અધ્યનશીલ હોય છે કે તે સમાજના નિષ્ક્રિય બુદ્ધિજીવી વર્ગને સ્પર્શ્યા વગર, તેમના મનમાં ખળભળાટ જગાવ્યા વગર રહેતા નથી. પરિણામે આ વૈચારિક ક્રાંતિ જ સામાજિક પરિવર્તનની પરિવાહક બને છે.

આમ, સંખ્યામાં અતિ અલ્પ હોવા છતાં ય વિચારપત્રોની માનસિક તાકાત અન્ય સમૂહ માધ્યમોની શારીરિક તાકાત કરતાં અનેક

ગણી ચડિયાતી પુરવાર થાય છે. આ અલ્પ વિચારપત્રો જ સામાજિક લોકચેતના પ્રગટાવવાનું, સર્જનશીલતા ખીલવવાનું, વિચારધારાને તટસ્થ સ્વરૂપે પ્રગટાવવાનું, નિરપેક્ષ ભાવે પૃથક્કરણ કરીને સાચા સ્વરૂપે રજૂ કરવાનું બળ પૂરું પાડે છે.

લોકશાહીને સાચા સ્વરૂપે પાંગરવા દેવી હોય, સમાજના દરેક વર્ગનો ઉત્કર્ષ કરવો હોય અને મનુષ્યને ચેતનાથી ધબકતો રાખવો હોય તો નિર્ભીક, પ્રામાણિક, તટસ્થ, સત્ય સંશોધક વિચારપત્રોને જે તે સમાજે તેના સમય-કાળમાં ફૂલવા-ફાલવા દેવાં જોઈએ.

## ૩.૨ ગુજરાતી ભાષામાં પ્રકાશિત વિચારપત્રોનો ઈતિહાસ

વિચારપત્રોનો ઈતિહાસ પણ માનવ-ઈતિહાસ જેટલો અત્યન્ત જૂનો અને રસિક છે. તેના જન્મદાતાઓને વિવિધ સમયકાળમાં સમાજના રૂઢિવાદીઓના ગમા-અણગમાનો સામનો આજના સમય જેટલો જ કરવો પડ્યો છે. છતાં ય, આ એકલવીરોએ 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ ...' કે 'કોઈ તારી સાથે આવે કે ન આવે, એકલો જાને રે ... એકલો જાને રે'નાં ગીતોની પંક્તિઓને હૃદયસ્થ કરી પોતાનો સેવાયજ્ઞ સતત પ્રજ્વલિત રાખ્યો છે. સમયે સમયે ઈતિહાસે કરવટ બદલી છે અને સમાજ અને વ્યક્તિની જરૂરિયાત, માંગ, વિચારસરણી બદલાઈ છે તે પ્રમાણે યુગે યુગે વિચારપત્રોએ પણ સ્વરૂપ બદલીને સમાજમાં વૈચારિક ક્રાંતિની મશાલ પ્રજ્વલિત રાખી છે.

સૌ પ્રથમ વિચારપત્ર ઈ.સ. ૧૮૫૦માં 'બુદ્ધિપ્રકાશ મંડળ' દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું. આ સામયિકનું નામ "બુદ્ધિપ્રકાશ" હતું. શરૂઆતમાં આ સામયિક એક કે દોઢ વર્ષ જ ચાલ્યું હતું. ઈ.સ. ૧૮૫૫માં અન્ય એક સંનિષ્ઠ કાર્યકર કરસનદાસ મૂળજીએ "સત્યપ્રકાશ" નામનું સામયિક કાઢ્યું હતું. ઈ.સ. ૧૮૬૨માં નવલરામે "ગુજરાત શાળાપત્ર", ઈ.સ. ૧૮૬૪માં વીર નર્મદે સમાજનાં કરતૂતો બહાર પાડતું "ડાંડિયો" શરૂ કર્યું. "ડાંડિયો" ખરેખર ડાંડિયો બન્યું. એણે કોઈની શેહ-શરમ વગર સમાજનાં વિવિધ ક્ષેત્રોનાં કૌભાંડોની આલોચના કરી. ઈ.સ. ૧૮૭૧માં ભોળાનાથ દીવેટિયા અને મહિપતરામ નીલકંઠે "જ્ઞાનસુધા" નામનું સામયિક બહાર પાડ્યું હતું. ઈ.સ. ૧૮૭૮માં ઈચ્છારામ દેસાઈએ "સ્વતંત્રતા" નામનું સામયિક પ્રકાશિત કર્યું. ઈ.સ. ૧૮૮૦માં "સ્વતંત્રતા" બંધ થયું. ઈ.સ. 'આર્યજ્ઞાનવર્ધક સભા'એ "આર્યજ્ઞાનવર્ધક" નામનું સામયિક શરૂ કર્યું હતું. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ ૧૮૮૫માં "પ્રિયંવદા" નામનું સ્ત્રી-સામયિક બહાર પાડ્યું હતું. તે જ રીતે કેખુશરૂ કાબરાજીએ ઈ.સ. ૧૮૮૭માં "સ્ત્રીબોધ" નામનું સામયિક શરૂ કર્યું હતું. ઈ.સ. ૧૮૯૦માં મણિલાલે "સુદર્શન", ઈ.સ. ૧૮૯૨માં રમણભાઈ નીલકંઠે "જ્ઞાનસુધા" સામયિક પ્રકાશિત કર્યું હતું. ઈ.સ. ૧૮૯૬માં "સમાલોચક" નામનું ત્રિમાસિક પણ પ્રસિદ્ધ થયું હતું.

ઈ.સ. ૧૯૦૨માં આનંદશંકર ધ્રુવે "વસંત" નામનું સામયિક શરૂ કર્યું હતું. ઈ.સ. ૧૯૧૩માં હરગોવિંદદાસ કાંટાવાળાએ "સાહિત્ય" શરૂ કરેલું, જ્યારે ભારત બહાર દક્ષિણ આફ્રિકાના ડરબન સ્થિત ફિનિક્સ આશ્રમના પ્રેસમાંથી ગાંધીજીએ સૌ પ્રથમ ડાયસ્પોરા ગુજરાતી વિચારપત્રોનું વડેરું ગણાતા "ઈન્ડિયન ઓપીનિયન"ની શરૂઆત કરી. "ઈન્ડિયન ઓપીનિયન" દક્ષિણ આફ્રિકાના ગુજરાતીઓનાં પ્રશ્નો, સમસ્યાઓ અને તેમની રજૂઆતોનું સબળ માધ્યમ બન્યું. આ અસરકારક શસ્ત્ર દ્વારા જ ગાંધીજીએ વિદેશસ્થિત ગુજરાતીઓને તેમના હકો અંગે સજાગ કર્યા અને એકજૂથ કર્યા. આમ, ગુજરાતી ડાયસ્પોરિક પત્રકારત્વમાં "ઈન્ડિયન ઓપીનિયન" મુઠ્ઠી ઊંચેરું સ્થાન ધરાવે છે. ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજીએ ભારતમાં આવી, ઈ.સ. ૧૯૧૯માં "નવજીવન" સાપ્તાહિક વિચારપત્ર શરૂ કર્યું. ઈ.સ. ૧૯૧૬માં હાજી મહમંદ અલારખિયા શિવજીએ "વીસમી સદી" નામનું સામયિક શરૂ કર્યું. "વીસમી સદી" તેની રીતે અદ્વિતીય હતું જે સચિત્ર હતું. તેનું મુખપૃષ્ઠ ભાતભાતના રંગીન ચિત્રો તથા શણગારેલાં શીર્ષકો અને સાહિત્ય અને કળાની ઉત્તમ સામગ્રી પીરસતું હોવાથી અત્યંત લોકપ્રિય બન્યું હતું. પરંતુ હાજી મહમંદના મૃત્યુ પછી તે બંધ થઈ ગયું. (લે. રસિક ઝવેરી, 'અરધી સદીની વાચનયાત્રા', ભાગ-૨, પૃ. ૬૨૨.) મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા "પ્રબુદ્ધ જૈન" ઈ.સ. ૧૯૨૯માં શરૂ કર્યું હતું. જેનું નામ ઈ.સ. ૧૯૫૧માં "પ્રબુદ્ધ જીવન" રાખવામાં આવ્યું હતું. જે હજુ પણ ચાલુ છે. ('અરધી સદીની વાચનયાત્રા', ભાગ-૩, પૃ. ૩૫૫.) ગુજરાતી ભાષાના સમર્થ લેખક કનૈયાલાલ મુનશીએ ઈ.સ. ૧૯૨૨માં "ગુજરાત" શરૂ કર્યું. ચાંપશીભાઈ ઉદ્દેશીએ પણ ઈ.સ. ૧૯૨૨માં "નવચેતન" શરૂ કર્યું. ઈ.સ. ૧૯૨૩માં "રંગભૂમિ" (ત્રિમાસિક), "પુરાતત્ત્વ" ત્રિમાસિક) શરૂ થયાં. જયકૃષ્ણ વર્માએ "ગુણસુંદરી" શરૂ કર્યું. ઈ.સ. ૧૯૨૪માં ગોકુળદાસ રાયચુરાએ "શારદા", "માસિકા", "સુવર્ણમાળા" વગેરે શરૂ કર્યાં. ઈ.સ. ૧૯૨૩માં જ બચુભાઈ રાવતે "કુમાર" ફરી શરૂ કર્યું. જ્યારે ઈ.સ. ૧૯૨૩માં વિજયરાય વૈદ્યે "કૌમુદી" શરૂ કર્યું. ઈ.સ. ૧૯૨૬માં રામનારાયણ પાઠકે "પ્રસ્થાન", જ્યારે ઈ.સ. ૧૯૩૦માં ઈન્દુલાલ ગાંધીએ "ઊર્મિ" માસિક શરૂ કર્યું હતું.

ઈ.સ. ૧૯૪૦માં "નવરચના" શરૂ થયું જે પછી "ઊર્મિનવરચના" બન્યું. ઈ.સ. ૧૯૩૬માં ફાર્બસ ગુજરાતી સભાએ "ફાર્બસ ત્રિમાસિક", ઈ.સ. ૧૯૩૯માં જયંતી દલાલે "રેખા" સામયિક શરૂ કર્યું. સુરેશ જોષીએ ઈ.સ. ૧૯૪૩માં "ફાલ્ગુની" શરૂ કર્યું. ઈ.સ. ૧૯૪૪માં મોહનલાલ મહેતા અને કાન્તિ પરીખે "સોપાન" તથા "પ્રતિમા" શરૂ કર્યાં. આમ, વિચારપત્રોનો ઈતિહાસ અને તવારીખ અત્યંત રસપ્રદ છે. તે વિચારપત્રો તેમના સર્જકોની સંઘર્ષયાત્રાનું પ્રતિબિંબ ઝીલે છે. ઈ.સ. ૧૯૪૫માં ઉમાશંકર જોશીએ "સંસ્કૃતિ" માસિક શરૂ કર્યું. તે ઉપરાંત સુરેશ જોષીએ ૧૯૪૮માં "વાણી", ઈ.સ. ૧૯૫૪માં "મનીષા" અને ઈ.સ. ૧૯૫૯માં "ક્ષિતિજ" તેમ જ ઈ.સ. ૧૯૬૯માં "ઊહાપોહ" અને ઈ.સ. ૧૯૭૭માં "એતદ્" શરૂ કર્યાં. ઈ.સ. ૧૯૫૦માં મહેન્દ્ર મેઘાણીએ "મિલાપ" શરૂ કર્યું જે ઈ.સ. ૧૯૭૮માં બંધ થયું. ઈ.સ. ૧૯૫૩માં સર્વોદય મંડળ દ્વારા સૌથી લોકપ્રિય વિચારપત્ર "ભૂમિપુત્ર"નું સર્જન શરૂ કર્યું. ઈ.સ. ૧૯૫૭માં "કવિલોક" શરૂ થયું. ઈ.સ. ૧૯૬૦માં "પરબ" અને "પથિક" શરૂ થયાં. જ્યારે ઈ.સ. ૧૯૬૩માં ચુનીલાલ મડિયાનું "રુચિ" સામયિક શરૂ થયું. ઈ.સ. ૧૯૬૪માં યશવંત દોશીનું "ગ્રંથ" માસિક શરૂ થયું જ્યારે ઈ.સ. ૧૯૬૮માં પ્રબોધ ચોક્સીના તંત્રીસ્થાને "નિરીક્ષક" નામનું લોકપ્રિય વિચારપત્ર શરૂ થયું.

## ૩.૩ વર્તમાન સમયમાં ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં અગ્રગણ્ય વિચારપત્રો : એક પરિચય :

### (૧) "કુમાર"

ઈ.સ. ૧૯૨૩માં ભાવનગરના ઉપેન્દ્ર ભટ્ટ અને અનંત પંડ્યાએ કવિતા અને કલાનું હસ્તલિખિત સામયિક "કુમાર" શરૂ કર્યું. રવિશંકર રાવળને તે ખૂબ ગમી ગયું. તેથી, તેમણે ઈ.સ. ૧૯૨૪માં "કુમાર"ને મુદ્રિત સ્વરૂપ મળ્યું. આમ, તેના સંસ્થાપક અને આદ્યતંત્રી રવિશંકર રાવળના હસ્તે ઈ.સ. ૧૯૨૪માં તેનો પ્રથમ અંક પ્રગટ થયો હતો. ઈ.સ. ૧૯૨૪થી ૧૯૪૩ સુધી રાવળે તેનું સુકાન સંભાળ્યું હતું. ઈ.સ. ૧૯૪૩માં બચુભાઈ રાવતે "કુમાર"ને સંભાળ્યું અને તેને પ્રાઈવેટ લિમિટેડ કંપનીનું સ્વરૂપ આપ્યું. તેમાં સર્વકાલીન મૂલ્યોવાળી સમસામયિક ઘટનાઓને સ્થાન મળ્યું. ઈ.સ. ૧૯૮૭માં "કુમાર" બંધ થયું. ઈ.સ. ૧૯૯૦માં ફરી શરૂ થયું. વર્તમાન તંત્રી ધીરુભાઈ પરીખની રાહબરીમાં "કુમાર" ફરી એક વાર સ્થિર થઈ રહ્યું છે. હાલમાં તે ૩,૫૦૦ ગ્રાહકો ધરાવે છે.

- "નિરીક્ષક",

તા. ૧.૮.૨૦૦૦, પૃ. ૧૬

### (૨) "ભૂમિપુત્ર"

"ભૂમિપુત્ર" વિનોબાના 'ભૂદાન આંદોલન'માંથી જન્મેલું વિચારપત્ર છે. તા. ૧૧.૯.૧૯૫૩ના દિવસે "ભૂમિપુત્ર"નો પ્રથમ અંક પ્રગટ થયો હતો. તે પહેલાં જ તેના ૨૦૦૦ આગોતરા ગ્રાહકો નોંધાયા હતા. વિશ્વના પત્રકારત્વના ઈતિહાસમાં આ એક વિરલ ઘટના છે. 'ગુજરાત સર્વોદય મંડળ'ની યજ્ઞ પ્રકાશન સમિતિ દ્વારા "ભૂમિપુત્ર" પ્રકાશિત થયું હતું. "ભૂમિપુત્ર"નો મુખ્ય હેતુ સર્વોદયની વિભાવનાને જુદા જુદા સ્વરૂપે રજૂ કરતા રહેવાનો છે. "ભૂમિપુત્ર"નો જન્મ વિચારની ભૂખમાંથી થયો છે. "ભૂમિપુત્ર"ના 'વાચકમિલન' સભા અંતર્ગત "ભૂમિપુત્ર" વિશેની ચર્ચાસભામાં કર્મશીલ લેખક ફાધર વિલિયમે કહ્યું હતું કે, 'તેમના શિક્ષણકાર્ય દરમિયાન વ્યક્તિઘડતર અને ચારિત્ર્યઘડતર વિશેનાં વ્યાખ્યાનો માટેનું વિદ્યાર્થીઓને પીરસવાનું વૈચારિક ભાથું તેમને

"ભૂમિપુત્ર"માંથી મળતું હતું … …" "ભૂમિપુત્ર"ના તંત્રીઓ વ્યવસાયિક પત્રકારો નહોતા. તે બધા જ સ્વયંસેવકો હતા. પરિણામે "ભૂમિપુત્ર" સોળે કલાએ ખીલી ઊઠ્યું હતું. "ભૂમિપુત્ર" પ્રશંસાભર્યા પત્રો કરતાં વિરોધ પ્રદર્શિત કરતા પ્રશ્નોને વધારે આવકારે છે. જાણીતાં સર્વોદય અને ભૂદાન ચળવળનાં સંનિષ્ઠ સેવક એવાં કાન્તાબહેન શાહ રોજના સો ગ્રાહક બનાવે પછી જ જમતાં. આ સમયે "ભૂમિપુત્ર"નું વાર્ષિક લવાજમ પાંચ રૂપિયા હતું. તે વર્ષે ગ્રાહક સંખ્યા ૨૮,૦૦૦ હતી. કટોકટી વખતે ૩૨,૦૦૦ ગ્રાહક-સંખ્યા હતી. ઈ.સ. ૧૯૭૫માં કટોકટી સમયે "ભૂમિપુત્ર"ની પ્રત પોતાની સાથે રાખવી એ પણ ગુનો ગણાતો હતો. આજે "ભૂમિપુત્ર"ની ૫,૬૨૫ પ્રત છપાય છે. કુદરતી આપત્તિ સમયે "ભૂમિપુત્ર" તેના વાચકો-ગ્રાહકો સમક્ષ ટહેલ નાખે છે અને જરૂરિયાતમંદોને મદદ પહોંચતી કરે છે.

- **અશ્વિન ચૌહાણ,**

**"નિરીક્ષક", તા. ૧.૭.૨૦૦૦, પૃ. ૧૮**

### (૩) "નિરીક્ષક"

ગુજરાતી ભાષામાં પ્રકાશિત ગણ્યાંગાંઠ્યાં વિચારપત્રોમાં "નિરીક્ષક" મોખરાનું સ્થાન ધરાવે છે. ઈ.સ. ૧૯૬૮થી ઉમાશંકર જોશી, ઈશ્વર પેટલીકર, યશવંત શુક્લ, પુરુષોત્તમ માવળંકર, પ્રબોધ ચોક્સીના તંત્રીપદે "નિરીક્ષક"નું અવતરણ થયું હતું. ઉદારમતવાદ "નિરીક્ષક"ની ગળથૂથીની વિશેષતા રહી છે.

વર્તમાન તંત્રી પ્રકાશ ન. શાહ પહેલા અંકથી "નિરીક્ષક" સાથે સંકળાયેલા રહ્યા છે. આ દરમિયાન "નિરીક્ષક" અનેક વાર બંધ-ચાલુ-બંધ-ચાલુ થતું રહ્યું. ત્યાર બાદ પ્રકાશ ન. શાહને તેના તંત્રી બનાવાયા. તેમનો "નિરીક્ષક" પ્રત્યેનો વ્યક્તિગત લગાવ આજ દિવસ સુધી રહ્યો છે.

"નિરીક્ષક"ની નીતિ રહી છે કે તંદુરસ્ત નાગરિક સમાજ હશે તો જ માનવસભ્યતાનો વિકાસ શક્ય બનશે. બાકી તો કૉંગ્રેસ / ભાજપ તો પ્રસંગપાત હડફેટે ચડતી રહેલી બાબતો છે. "નિરીક્ષક"ની મથામણ છેવટે તો માનવ-સંસ્કૃતિ અને માનવ-સભ્યતાની નિસબતમાંથી ઉદ્ભવતી જ ગડભાંજ છે. "નિરીક્ષક" સામાજિક નિસબત સાથે જોડાયેલું છે. આથી, ધણીને ધાકમાં રાખો પછી એ રાજ્યને નામે હોય કે સમાજને નામે કે બેઉનાં સહિયારાં હોય.

- **"નિરીક્ષક",**

**તા. ૧.૭.૨૦૦૦, પૃ. ૧૮**

### (૪) "નયામાર્ગ"

ગુજરાતી ભાષામાં પ્રકાશિત થતાં કેટલાંક અગ્રણી વિચારપત્રોમાં "નયા માર્ગ" એ મહત્ત્વનું નામ છે. "નયા માર્ગ" ઈ.સ. ૧૯૭૨માં ભીખુભાઈ વ્યાસના તંત્રીપદે શરૂ થયું હતું. પ્રારંભમાં "નયા માર્ગ" કૉંગ્રેસનું મુખપત્ર ગણાતું હતું. આમ છતાં ય, પાંચ વર્ષ પછી "નયા માર્ગ" બંધ થયું હતું. સનત મહેતા દ્વારા "નયા માર્ગ"નો પુનઃ પ્રારંભ થયો હતો. સનત મહેતાએ અઢી વર્ષ સુધી તેમની મહેનતથી "નયા માર્ગ"ને સતત ધબકતું રાખ્યું હતું. "નયા માર્ગ"ના શરૂઆતના દરેક અંકમાં ઈન્દિરા ગાંધીની તસવીરો છપાતી હતી. ઈ.સ. ૧૯૮૧માં ઈન્દુકુમાર જાનીના તંત્રીપદે "નયા માર્ગ" સામયિકે ફરી નવો માર્ગ કંડાર્યો.

આ દરમિયાન બે અગત્યની ઘટનાઓ ઘટી. ડિસેમ્બર, ઈ.સ. ૧૯૮૦માં જેતલપુરમાં શકરાભાઈ નામના દલિતને જીવતો સળગાવી દેવાયો અને ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૧માં અનામત આંદોલન છેડાયું. આ બંને ઘટનાઓએ "નયા માર્ગ"ને નવા માર્ગો પર ખેડાણ કરવા પ્રેરણા આપી. આ રીતે "નયા માર્ગ"માં વિશ્લેષણાત્મક લેખન અને પ્રકાશન શરૂ થયું. જેમાં દલિતો, આદિવાસીઓ, મહિલાઓ, બાળમજૂરો, જાતિભેદ … વગેરે મુદ્દાઓ કેન્દ્રમાં રહ્યા. દલિત કવિતાઓએ "નયા માર્ગ"ને વિશિષ્ટ ઓળખ આપી.

"નયા માર્ગ"નો ફેલાવો વધારવા માટે ઝીણાભાઈ દરજીએ આજીવન ગ્રાહકો નોંધવાનું સૂચન અમલી કર્યું. આજીવન લવાજમ ૩૦૦ રૂપિયા હતું. આજે પ્રતિ વર્ષે ૬૦૦ થી ૮૦૦ જેટલા વાચકો વાર્ષિક લવાજમ ભરીને સાથે સાથે ગ્રાહક પણ બને છે. "નયા માર્ગ"ની મુદ્રિત નકલ સંખ્યા ૩,૨૦૦ જેટલી છે, જેમાં ૧૦૦ જેટલી શુભેચ્છા નકલોનો સમાવેશ થાય છે.

- **"નિરીક્ષક", તા. ૧.૬.૨૦૦૦**

(આ પ્રકરણનો ઉત્તરાર્ધ અને અન્ય પ્રકરણો હવે પછી)

## મયૂરભાઈ શુક્લ : એક અંજલિ

મયૂરભાઈ તારીખ ૨૨.૪.૨૦૦૮ને દિવસે મરણ પામ્યા. તા. ૧૪.૪.૨૦૦૮ ને સોમવારે અમે સાથે હતા. તેમની પૌત્રી સીતાનું લગ્ન હતું. તે રામનવમીને દિવસે જ હોવું જોઈએ એવો તેમનો નિશ્ચય હતો ! ઘર આંગણે સુંદર શમિયાણો બાંધીને, સુરમ્ય શણગાર કર્યો હતો. મંગલાષ્ટક સાંભળીને મયૂરભાઈ ડોલી ઊઠ્યા હતા ! પોતે શાસ્ત્રીય સંગીતના જાણકાર હતા. તાનપૂરા સાથે ગાઈ શકતા. અમદાવાદમાં તેમના રહેઠાણ પાસે ઓમકારનાથ ઠાકુર (ખરી રીતે ઠાકર છે. ગુજરાતમાં ઠાકુર અટક નથી જણાતી. ઠાકુર હોય તે બ્રાહ્મણ ન હોઈ શકે ! ઉત્તર ભારતમાં ઘણો વખત રહ્યા હોવાથી તેમણે 'ઠાકુર' બનવાનું પસંદ કર્યું હતું !) ઊતરતા અને રિયાઝ કરતા ત્યારે મયૂરભાઈ કલાકો સુધી તેમની સામે બેસતા. લગ્નમાં મને પોતાની બાજુમાં જમવા બેસાર્યો અને ભાવથી પીરસતા હતા. તેમનો અભિપ્રાય અનુગ્ર રહેતો. શુક્લજી ૧૯૩૮માં ટાંગાન્યિકા ગયા હતા.

તેમના ઘરમાં શાસ્ત્રીય ગાયન અને વાદનનો સૂરરવ ગૂંજતો રહેતો. ચારે બાજુ ફૂલના છોડ હતા. તેઓ સાહિત્યના પણ એવા જ શોખીન હતા. અકાદમીના કાર્યક્રમોમાં હાજરી આપતા. ઘરે જતી વખતે મારી સાથે બસમાં હોય. પાનના પણ શોખીન. ચોપડી ખરીદતી વેળા બધા ગરીબ થઈ જાય છે ! તેમાં મયૂરભાઈ અપવાદ હતા. કોઈના ગ્રંથવિમોચન પછી વિપુલજી હાકલ કરે એટલે મયૂરભાઈ પુસ્તક ખરીદતા દેખાય ! મારા તરફ ભલી લાગણી દર્શાવતા ! કોઈનો દ્વેષ કરતા હોય એવી મારા ઉપર અસર પડી નથી. ટાંગાન્યિકા વિષે વધુ જાણવા માટે મકરંદ અને શીરીન મહેતાને મેં મયૂરભાઈને મળવાનું કહ્યું હતું. તેમની સાથે થયેલા વાર્તાલાપથી મહેતા દમ્પતીને સંતોષ થયો હતો. ૧૫.૪.૨૦૦૮ને દિને તેમણે ૯૪ પૂરાં કરીને ૯૫માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. શતાયુ થશે એવી આશા હતી જ. શાસ્ત્રવચન છે કે, સો આસપાસ પહોંચનાર અમર ગણાય છે. મયૂરભાઈની ખોટ અનેકને સાલશે.

બીજા એક મિત્ર સૂર્યકાંત ત્રિવેદી ૭૫મે વરસે અવસાન પામ્યા. બેંકમાં કામ કરતા. નિવૃત્તિ પછી કર્મકાન્ડ પણ કરતા. બોલવામાં ચતુર; મુદ્દાથી વાત કરે. અખન્ડ યાદદાસ્ત ધરાવતા. ઈલિંગ રૌડના મંદિરમાં સેવા આપતા. મારી નોંધને આધારે પહેલી વાર ભાગવત્સપ્તાહ કરવા બેઠા અને સફળ થયા હતા. અનેકને મારી ભલામણ કરતા. સાયપ્રસ ફરવા ગયા ત્યારે જેકેટના ખિસ્સામાં મારું કાર્ડ હતું. પત્નીને કહ્યું : 'હું અચાનક ઉપડી જાઉં તો સ્મશાનપાઠ વાંચવા રમણીકલાલ જ આવશે !' તેમની સ્મશાનયાત્રાને પરોઢિયે મને સ્વપ્ન આવ્યું હતું : સૂર્યકાંત ત્રિવેદી કોઈ મોટા યજ્ઞમાં મને નાળિયેરનું પાણી પીવાનો આગ્રહ કરતા હતા !

**– ૨.કા. ભટ્ટ**

[87 Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

# – ગુફતગૂ

### પત્ર પહેલો

૨૬ એપ્રિલના 'ઓપિનિયન'માં છેલ્લે પાને બહેન અવંતિકા ગુણવંતની વાર્તા 'માતાઃ કુંવારી કે પરણેલી', તમે, ૧૪૨મી- ફેબ્રુઆરી ૨૪, ૨૦૦૮ની 'સન્ડે ઈ-મહેફિલ' પરથી લઈ, પુનઃમુદ્રિત કરી. વળી, ત્યાં 'સ.મ' પ્રત્યે સદ્ભાવ પણ વ્યક્ત કરવું તમે ચૂક્યા નથી તે બદલ અમ સૌ વતી તમારો ખૂબ આભાર.

તમે અવંતિકાબહેનને અમદાવાદ "ઓપિનિયન"ની નકલ પણ મોકલી તે તેમને મળી છે. ફોન પર તેમના અવાજમાં રાજીપાનો રણકો સાંભળી મન બહુ રાજી થયું.

આ વાર્તા સૌને એટલી બધી ગમી કે તે "વિવેકપંથી"માં તો તે પ્રગટ થઈ; પણ બીજાં ત્રણેક સામયિકોએ તેને પુનઃ પ્રસિદ્ધ કરવાની ઈચ્છા જાહેર કરી છે. મારા મત મુજબ તેમાં જે રૅશનલ દૃષ્ટિબિંદુ અને અભિગમ કે એપ્રોચ છે તે જ કારણ હશે. પરંપરા-પ્રાપ્ત બધાં જ મૂલ્યો કે બધી જ માન્યતા શ્રેષ્ઠ છે અને સુખી જીવન જીવવામાં તે ઉપયોગી જ છે એવી ભ્રામક માન્યતામાંથી ઘણા છૂટકારો ઈચ્છે છે.

એવી જ બીજી એક વાર્તા 'કમુબહેન' પરત્વે થયેલું. તે તમે તો જોઈ જ હશે.

સરસ. … ગમ્યું. … બહુ ગમ્યું. … પણ એક ચીજ ન ગમી તે વિશે હવે લખું ? માઠું તો નહીં લાગે ને ? તમે, 'ઊંઝાજોડણી'માં છપાયેલી તે વાર્તાને ફરી 'સાર્થ જોડણી'માં ફેરવી છાપી. બરાબર છે. એમાં કશું ખોટું નથી. કારણ કે મૂળે તો એ વાર્તા પુસ્તકમાં તો સાર્થમાં જ છે. અમે, જેમ દરેક સર્જકની પરવાનગી લઈએ તેમ, બહેનની પરવાનગી લઈ તેને ઊંઝામાં છાપેલી. તમારે તે માટે કંઈ અમારી પરવાનગી લેવાની જરૂર જ નથી. ભવિષ્યે પણ નહીં. તે પ્રશ્ન તો છે જ નહીં.

પણ તમારું ધ્યાન દોરવું મને જરૂરી લાગ્યું તે માત્ર એક જ મુદ્દે, – તે એ કે તેમ કરવામાં તમે ૧૦ (દસ) ભૂલો માત્ર 'ઈ-ઉ'માં જ કરી ! તમે ઈચ્છો તો તે કઈ કઈ ભૂલો છે તે હું વિગતે તમને દર્શાવી શકું. લખજો.

આ લખું છું તે પણ હું માત્ર બે કારણોસર લખી રહ્યો છું :

૧. તમારાં લખાણ-મુદ્રણમાં તમે એટલા તો ચોક્કસ હો છો કે, યુરપ-અમેરિકે જ્યાં જ્યાં "ઓપિનિયન" પહોંચે છે ત્યાં ત્યાં એની લિખાવટ-છપાઈ આદર્શ માનવામાં આવે છે - વિદેશથી પ્રગટતાં ઘણાં બધાં સામયિકોમાં. આ મારી વારંવારની પરદેશ મુલાકાતે મેં જાતે અનુભવેલી વાત છે. તો, તેવા વાચકોને એનો ખોટો આધાર ન મળે તે હેતુસર. અને,

૨. હવે પછી જો તમને આવી કઠણાઈ પડે, કે સમયની ખેંચ હોય તો, તમે તે લખાણ 'સાર્થ'માં ફેરવો પછી, ડૉક્યુમેન્ટ મને મોકલી શકો. તો હું એમાં સાર્થ પ્રમાણે 'ઈ-ઉ'ની એકે ભૂલ રહી જવા ન પામે તેની પૂરતી સંભાળ-સેવા આપી, બે જ કલાકમાં તે તમને પરત કરીશ. આટલું લખ્યું તે તમારી ભૂલો દર્શાવવા હરગીજ નહીં; માત્ર ભાષાની શુદ્ધ લિખાવટના હેતુથી જ તમને અત્યંત હેતથી લખું છું.

- ઉત્તમ ગજ્જર

તમારો કાગળ મેળવી રાજીપો થયો. આ આખો પત્ર "ઓપિનિયન"માં લેવાનું મન છે. જોડણીમાં મારે હજુ ભૂલો થાય છે. જો કે પહેલાં જેટલી તો નહીં જ. કદાચ ગુજરાતી ભાષા-સાહિત્યનો શાળા કૉલેજમાંનો અભ્યાસ નથી તે એનું એક કારણ હોય ! કદાચ મારી દોટાદોટી કે બેદરકારી પણ હોય. મૂળગત આ સારી નિશાની નથી. ક્ષમા માગી લઉં છું. આ રીતે મારું ધ્યાન દોરવા માટે તમારો ઋણી છું. મીઠું લાગ્યું છે. હવે વધુ કાળજી લેવાની રાખીશ. ગુજરાતી સેવતો રહ્યો છું, દરરોજ નવું પામું છું અને હજુ મારે ગિરનાર શું બરડો ય આંબવો બાકી છે.

- વિપુલ કલ્યાણી

### પત્ર બીજો

તમારી દરિયાદિલીનો પુરાવો મળ્યો. એ ખુલ્લા મનની ઉદારતાને સલામ … !

પણ ભાઈ, આમાં છાપવા જેવું શું છે ? આ તો આપણી વચ્ચેની પ્યારભરી વાત માત્ર છે ! આપણ સૌ ભાષાના પહેરેગીર ! વફાદાર સેવક. 'સાર્થ'માં જ મેં તો પાંત્રીસ વરસ કાઢ્યાં ! ત્યાંયે પૂરતી ખબરદારી રાખી. પછી ધૂળ પર થતું લીંપણ જોયું ને 'ઊંઝે' જોડણી પરિષદ ભરી કસરત કરી. તમે તેના સાક્ષી છો. તમે પૂરા બન્ને દિવસ હાજર જ નહીં; એક સભાના તો તમે અધ્યક્ષ હતા. ત્યાં 'એક જ ઈ-ઉ'નો ઠરાવ થયો.

બસ, આજની ઘડીને કાલનો દા'ડો, 'ઊંઝા' જ 'ઊંઝા' ! પાછું વળી જોયું નથી. અહીં પણ ચૂસ્ત સૈનિક ! મારા અનેક સ્નેહી મિત્રો, અનેક પ્રયોગ કરે છે 'ઊંઝાજોડણી'માં પણ. કોઈએ હ્રસ્વ 'ઈ' અને દીર્ઘ 'ઊ' જ કાઢવાનો હતો, તેની સાથે 'ષ' પણ કાઢી નાખ્યો ! કોઈએ 'ઋ' કાઢી નાખ્યો. કોઈએ બન્ને કાઢયા. હું એનો જરા ય વિરોધી નથી.

આવા સમજપૂર્વકના અને વ્યક્તિગત ધોરણે પ્રયોગો તો થતા જ રહેવા જોઈએ. તો જ સમજી શકાય કે સાચું શું છે. લાભકારી શું છે. લોકો અપનાવે એવું શું છે. પણ ભાઈ ઈન્દુકુમાર જાનીનું ને મારું મન માન્યું નહીં. તે ય અમારા આ શિસ્તબદ્ધ સૈનિકના સ્વભાવને કારણે. અમે બેએ આવો એકે પ્રયોગ કર્યો નથી. "નયા માર્ગ"ની અને "સન્ડે ઈ-મહેફિલ"ની જોડણી એટલે 'ઊંઝે' ઠરાવાયેલી માત્ર એક જ ફેરફારવાળી જોડણી. 'દુઃખ'માં કે 'નિઃસ્વાર્થ' શબ્દની વચ્ચે વગર લેવેદેવે અટવાતાં ઉભ્ભાં બે મીંડાંની અદબ પણ અમે જાળવીએ. કારણ કે, 'ઊંઝે' વિસર્ગનાં આ ટપકાં કાઢી નાખવાનું ઠરાવાયું નથી. બાકી, અમારી જોડણી અદ્દલ 'સાર્થ' જ છે. સો ટકા 'સાર્થ' ! માત્ર હ્રસ્વ 'ઇ' અને દીર્ઘ 'ઊ'– ને જ દેશવટો !

મારી ભૂલ નહીં થતી હશે એવું નથી. ને જો કોઈ બતાડે તો દિલથી ઉપકાર માની, લમણાંઝીંક કરીનેય સાચી વાત સુધી પૂગીએ.

તમેયે રતિભાઈની જેમ ગુજરાતીનું શિક્ષણ પામ્યા નહીં હોવા છતાં, તમારી ખણખોદ, સંભાળ અને સાચી વાત સુધી પહોંચવાનો તમારો પુરુષાર્થ જ વંદનીય છે.

- ઉત્તમ ગજ્જર

e-mail: uttamgajjar@hotmail.com

## એક દુઃખદ અનુભવ … !

માર્ચના પહેલા અઠવાડિયા દરમિયાન, પાવન થવાના લાગણીભાવ સાથે, રામ જન્મભૂમિના દર્શનાર્થે મારાં પત્ની ઈન્દિરા અને હું ગયાં હતાં. અફસોસ, જો કે ખૂબ જ ખેદ થયો !

રામ મંદિરમાં હતા કે સિંહની જેમ રાણીબાગમાં કોઈ એકાદ પાંજરામાં કેદ હતા ? રામજી મંદિરની શાંત અને શીતળ ગોદમાં નહીં પણ અંધારા કારાવાસમાં બિરાજેલા ! ભક્તોની પણ એ જ હાલત હતી. તેઓ પણ સળિયાઓ પાછળ જ ઊભા રહી, માંડ માંડ દર્શન કરી શકતા હતા !! એકદા માઈલ સળિયાઓની ગૂંચવાયેલી ગલીઓમાંથી પસાર થતો હરેક દર્શનાર્થી પોતાને ખુદને એક ગુનેગાર સમજી જેમ બને તેમ જલદી છૂટવાના પ્રયત્નમાં વધુ તત્પર હોય,તેમ વર્તાતું હતું.

આ પરિસ્થિતિના નિર્માણની જવાબદારી કોની ? આમ ભક્તોની કે પછી ઠેકેદારોની ? કોણ કહેશે, ભલા ?

રામજીના દર્શન થવાને બદલે લશ્કરના જવાનો તથા સિપાહી ટૂકડીના દર્શન, ના છૂટકે પણ, કરવા ભક્તો મજબૂર હતા. ભક્તો, ચોર, લૂંટારા કે પછી આંતકવાદીઓ હોય એવું લાગતું હતું ! ત્યારે રામજી બેવસ અને લાચારા લાગ્યા. રામ - મંદિરને બદલે ચારે તરફ રેતાળ અને પથરાળ જમીન હતી !

કમનસીબે, જેમણે પ્રેમ અને ભકિતની વચ્ચે નફરતના સળિયાઓ ખૂંપ્યા છે, તેઓ વાતાનુકૂલ ઓરડાઓમાં પગ પર પગ ચડાવી, મોજશોખ કરતા રહી, આરામ ભોગવી રહ્યા છે ! કશુંક નવું નિર્માણ કરવાનું બહુ જ મુશ્કેલ છે. મોટી મોટી ઈમારતોનો ધ્વંશ કરવો બહુ જ આસાન છે. પૂર્વજોએ આપેલી અણમોલ જાગીર તોડવાને બદલે એ જાગીરમાં કંઈ નવું નિર્માણ કરી તેને વધારવાનું કેમ કોઈને સૂજતું નથી ? જો આ ગુનેગારોને તેમનું કારાવાસ નામે 'અસલી રહેઠાણ' નહીં બતાવવામાં આવે તો ઈશ્વરના દર્શન, અલ્લાહની ઈબાદત કરવાનું, મંદિર મસ્જિદમાં નામુમકિન બની જવાનું છે. ગુરુદ્વારાઓ આંતક ફેલાવનારનો અડ્ડો બનીને રહી જશે. હિન્દુ-મુસ્લિમ-શીખ-ઈસાઈની ઓળખાણોને મજબૂત કરવામાં, સાચી ઓળખ, માનવીની ઓળખ રાખવાનું આપણે હવે ભૂલી ગયા છીએ. અને એટલે જ આપણે ઈશ્વર - અલ્લાહને ભૂલી શયતાનના ગુલામ થતા જઈએ છીએ.

મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ગિરિજાઘર વગેરે અનેક સ્થળોએ ફેલાઈ રહેલી ગંદકી દૂર કરવાને બદલે ધર્મઝનૂની નેતાઓ અને સંતો નફરતની બદબૂ ફેલાવવામાં વધુ આનંદ મેળવી શું હાંસલ કરવા માગે છે ? કોણ જાણે ? આપણા પૂર્વજોની ભૂલોની સજા આજનો આમ આદમી ક્યાં સુધી ભોગવતો રહેશે ? સદીઓ પહેલાં ? નફરતનાં વાવેલાં બીનો પાક હજુ સુધી સડતો કેમ નથી ? તેનો નાશ કેમ થતો નથી ? એ પાક ખાઈ ખાઈને દુનિયા આખી નફરતની ભયંકર બીમારી, વગર કારણે, ભોગવી રહી છે !

આ અનુભવ થયા પછી, એમ થાય છે કે પ્રભુના દર્શન મંદિર - મસ્જિદ - ગિરિજાઘર - ગુરુદ્વારામાં કરવાને બદલે એક આદમીના દર્શન કરવા એ વધારે સારું. મને અને સૌને પરમકૃપાળું પરમાત્મા સદ્‌બુદ્ધિ આપે એ જ અંતઃકરણપૂર્વકની પ્રાર્થનાઓ.

– યતિશ મહેતા

[516/517, Parekh Market, 39, J.S.S. Road, Opera House, MUMBAI - 400 004, India]

# એતાનશ્રી –

## સ-રસ વિહંગાવલોકન

○ ૨૬ માર્ચ ૨૦૦૮ના અંકમાં 'ફર્યો તારી સાથે ... 'માં ગુજરાતી વસાહતી સમાજનું સ-રસ વિહંગાવલોકન જોયું. તેમાંની નામાવલિ પણ આનંદજનક નીવડી. – ઘણાખરાંને રૂબરૂ અનેક વાર હળવાનું મળવાનું સદ્‌ભાગ્ય પણ સાંપડ્યું છે તેથી સવિશેષ.

કેટલાંકનો મિતાક્ષરી પરિચય આપ્યો તે તમારી કલમને જેબ આપે તેવો હતો. રમણભાઈ, હીરજીભાઈ, ગોવિંદભાઈ, મનસુખભાઈ, બળવંતભાઈ, ભદ્રાબહેન, નિરંજનાબહેન, ચંદુભાઈ, વનુભાઈ, ... ... બેચારપાંચ લીટીઓમાં તમે જીવન્ત રેખાચિત્રો દોરી નાંખ્યા છે. ... આ બધામાં હું પણ ઝપટે ચડી ગયો છુ ! તેનો ય આનંદ છે.

હમણાં કો તમારો લેખનયુગ પૂરવેગમાં છે. ... તો વરસો અનરાધાર !

- જગદીશ દવે

[93A, Harrow View, HARROW, Middlesex HA1 4SZ, U.K.]

## 'પ્રેમ તારાં છે હજાર ધામ'

○ એપ્રિલ '૦૮નો "ઓપિનિયન"નો અંક મળ્યો. આભાર. તમારું નામ તો વરસોથી વાંચતી હતી - જાણતી હતી. "ઓપિનિયન"ને પણ જાણતી હતી એટલે તમારી સાહિત્યપ્રવૃત્તિ, સાહિત્યનિષ્ઠા, સાહિત્યસમર્પણભાવના વિશે પૂરો ખ્યાલ હતો.

મુરબ્બી જયન્તભાઈ તમારા વિશે અનેક વાતો કરતા, એમની હયાતીમાં. એમને ત્યાં તમે આવવાના હતા ત્યારે મને આમંત્રણ આપેલું. કહે : 'પરિચય કરવા જેવો મિત્ર છે.'

તેઓ હતા ત્યાં સુધી મળવાનું બન્યું નહીં ને આજે મારા હાથમાં "ઓપિનિયન" છે. એમાં 'માતા - કુંવારી કે પરણેલી' લખાણ છે. ત્યારે મનમાં જયન્તભાઈ સાથે તમારા વિશેની થયેલી વાતો તાજી થાય છે.

પરિષદના પ્રમુખની ચૂંટણીમાં ઊભા રહ્યા - તમારા કહેવાથી. અને પછી તો તમારા સાથે જે વાત થાય એ મમળાવ્યા કરે અને એમ તમારો વિશેષ પરિચય થાય. એમાં થોડી આત્મિયતા ઊમેરાય.

એમ.એ.માં જયન્તભાઈ ને હું સાથે હતાં. ઊમાશંકરભાઈ, યશવંતભાઈ, નગીનદાસનાં અમે વિદ્યાર્થીઓ તેથી ક્ષિતિજો વિસ્તરેલી હોય જ. હા, જયન્તભાઈ જેવી વિદ્વતા કે વિશદ દૃષ્ટિ મારામાં નહીં. પણ કંઈક સમાન તો ખરું જ. તેથી વાતો કરવાની મઝા આવતી. વાતો લાંબી ચાલતી.

તમને 'એની' ગમી છે, જાણીને ખરેખર મને સારું લાગ્યું. આવી સાચુકલી બાઈ, આવું પારદર્શક વ્યક્તિત્વ, એની જીવનદૃષ્ટિ "ઓપિનિયન"ના વાચકોને પણ એનો પરિચય તમે કરાવ્યો. એ માટે ખરેખર આભાર.

'પ્રેમ તારાં છે હજાર ધામ' પુસ્તક (જેમાં 'એની' વિશેનું લખાણ) પ્રકાશિત થયું પછી આવો જબરજસ્ત પ્રતિભાવ જો મળ્યો હોય તો ઉત્તમભાઈ તરફથી, "વિવેકપંથી", ગુલાબ ભેડા અને તમારા તરફથી. માત્ર ચીલા પર જ સમાજને ચલાવવો નથી, એને નવો પંથ બતાવવો છે, નવી દૃષ્ટિ આપવી છે. એ ધ્યેય પ્રત્યે તમારી પ્રતિબદ્ધતા અને સજાગતા ખરેખર પ્રશંસનીય છે.

સમય બદલાય છે, આપણે બદલાઈએ છીએ પણ આપણાં એ પરિવર્તન ઉર્ધ્વગામી હોય એ આપણે સૌ ઈચ્છીએ છીએ. અને તમારા જેવા તંત્રીઓ એમાં ઘણો મોટો લીડિંગ રૉલ ભજવી શકે. સમાજને જાગૃત કરવાનું, એને જાગતો રાખવાનું કામ 'કલમ'નું છે. આ ગાઈબજાવીને કહેવું છે. પણ એ કલમમાં પ્રાણ પૂરવાનું કામ જવાબદાર મૌલિક દૃષ્ટિવાળા જ કરી શકે.

આપણો ગુજરાતી સમાજ અને સાહિત્ય નસીબદાર છે કે એને 'જાગતા રહે' એવા તંત્રીઓ મળ્યા છે. ૨૬ માર્ચ ૨૦૧૦ના દિવસે "ઓપિનિયન" સમેટી લેવાની એ જાહેરતા વાંચી, પણ અંદરથી અવાજ સંભળાય છે : "ઓપિનિયન" નહીં સમેટાય, એ ચિરંજીવ રહેવા સર્જાયું છે. મારી અનેકાનેક શુભેચ્છાઓ.

- અવંતિકા ગુણવંત

['Sashwat', opp. Jain Upashray, Near Opera Society, Paldi, AHMEDABAD - 380 007, India]

## નૉસ્ટાલજિયા નામે પ્રદેશની જાણે કે યાત્રા

○ થોડા દિવસ પહેલાં મયૂરભાઈ શુક્લનો પત્ર હતો. તેમની તબિયત નાદુરસ્ત રહ્યા કરે છે. બીજાની મદદ વગર ચાલવામાં તકલીફ પડે છે. ઉમ્મર થતાં આવું કંઈ ને કંઈ સામે આવી ઊભું રહે છે ! ઉપાય શો ? ફક્ત શાંતિથી સહન કરવા સિવાય બીજું શું થઈ શકે ? માર્ચ અંકમાં ધીરજલાલ લવીંગિયા વિષે લખાણ વાંચ્યું. મને યાદ છે ત્યાં સુધી તેઓ ઉત્તમ - કિંમતી ઘડિયાળનો ધંધો કરતા અને રેઈનબૉ હોટેલ નીચે તેમની દુકાન હતી. જટુભાઈ પંડ્યાની મોટી વીસીની નજીક તેમની દુકાન હતી. બેચાર વાર મળ્યાનું યાદ છે. આનંદી ને મદદગાર માણસ !

તમારો લેખ 'ફર્યો તારી સાથે ...'માં દારેસલામવાસી હીરજીભાઈ શાહ વિશે વાંચ્યું. તેમને સારી રીતે ઓળખું. હિંદુ વોલન્ટિયર કોરના એક વખતના પ્રમુખ પણ ખરા. સામાજિક પ્રવૃત્તિમાં ખૂબ ભાગ ત્યાં લેતા. શિશુ કુંજ પ્રવૃત્તિમં પણ. મને સારી રીતે ઓળખે. જયંતભાઈ ઠાકર 'જય મંગલ', વાંકાનેરના મૂળે. દેશથી પરિચય. વાંકાનેર મારા સસરાનું ગામ. મારા મિત્ર સ્વ. પ્રવીણ ભટ્ટના તેઓ મિત્ર અને તે કારણે મારા પણ મિત્ર જેવા. ઘણીવાર મળવાનું થયું છે. યુનાઈટેડ કિંગ્ડમ આવ્યા પછી કોકવાર મળી જતા. ઘેર લેસ્ટર આવેલા ત્યારે સાથે જમેલા. ગઝલકાર, કવિ, પત્રકાર – બધું ! મળો તો તેની વાતો ખૂટે નહીં ! અને આપણે પણ આનંદ આનંદ ! માનું છું કે તેમની તબિયત ઘણા સમયથી નાદુરસ્ત રહે છે. બહાર ઓછું નીકળે છે. આમ તમારો લેખ ખૂબ ગમ્યો. જૂના જોગીઓને સ્નેહભર્યા યાદ કર્યા તે. બીજાને ઓળખું, પરંતુ લેખક કવિને નાતે.

કિલીમાન્જારો આરોહણ - પ્રવાસલેખ, મેઘનાદ દેસાઈ વિશે લેખ, "ઓપિનિયન" - એક અધ્યયન વગેરે વાંચવાની ખરેખર મજા આવી. મોશી - અરુશા યાદ આવતા, અમારા જૂના જોગી મનુભાઈ પારેખ - ગાયક ને સંગીતકાર યાદ આવે. તેઓ ત્યાં પોલીસ ઈન્સ્પેક્ટર હતા ને બદલી થતાં દારેસલામ આવ્યા. પરિચય થયો. તેમણે જે 'વણઝારા' સંગીતરૂપક તૈયાર કર્યું તેમાં મેં ગીતો લખ્યા ને ગાયક તરીકે ગાયું પણ. કદાચ તમને પરિચય હોય ! આ સંગીતરૂપક 'કેન્યા બ્રોડકાસ્ટીંગ' અને 'ટાન્ઝાનિયા બ્રોડકાસ્ટીંગ' પરથી પણ રજૂ થયેલું. અમે સાત ગાયકો હતાં. તેમાં ત્રણ બહેનો હતી.

એપ્રિલ અંકમાં, 'છેડ મનકા સિતાર' લેખ ગમ્યો છે.'માતા કુંવારી કે પરણેલી' વાંચી ગયો. અવંતિકા ગુણવંત ખૂબ જાણીતાં માનીતાં લેખિકા છે. હમણાં હમણાં તેઓનાં લેખો, પ્રસંગો, અમેરિકાના જીવન વિશે વાંચવા મળ્યાં છે. ભાષાની શૈલી પ્રવાહી છે, સાથે વહેવું ગમે તેવી.

"ટાંગાનિકા ઓપિનિયન"નાં તંત્રી તરીકે ત્રિભોવનદાસ શેઠ અમારા જાણીતા વડીલ. તેમના મોટા પુત્ર અમુભાઈ હાલ કેનેડા છે. બે પુત્રો - વિનુભાઈ, રતુભાઈ યુનાઈટેડ કિંગ્ડમમાં ગુજરી ગયા. એક હમણાં હમણાં દારેસલામમાં અવસાન પામ્યા. વિનુભાઈ મારા મિત્ર. તેમનાં પત્ની શકુન્તલાબહેન મારાં પત્નીનાં મિત્ર. શકુન્તલાબહેન સામાજિક કાર્યકર. લંડન તરફ વૃદ્ધોને સેવા આપે છે. મારા સસરા જે. એમ. શેઠ, વાંકાનેરનિવાસી, કસ્ટમ્સમાં હતા. છેલ્લે દારેસલામમાં કલેકટર જેવા પદ પર હતા. તે ટી.બી. શેઠના ખૂબ નિકટ.

- પ્રવીણ કે. મહેતા

[Apartment A 318, 10000-45th Avenue North, PLYMOUTH MN 55442, U.S.A.]

# મીમી ની કિટુ ગાની ?

○ ઈન્દુભાઈ જી. દવે

(૩૧)

## સાબ ! મારા મેપલાને કંઈક ગિનાન આલો

લીંબડીમાં રચનાત્મક પ્રવૃત્તિઓ કરવા સર્વોદય સંઘની ૧૯૪૯માં સ્થાપના કર્યા પછી, તેના ભાગ રૂપે, હું હરિજનવાસમાં રાત્રે પ્રૌઢશિક્ષણ વર્ગો ચલાવતો. ગામને છેવાડે ભલગામડાંના રસ્તે આવેલો વાસ ઘણો સુઘડ હતો. આંગણાં લીંપેલાં. તુલસી ક્યારો અને બોગનવેલનાં રંગબેરંગી પુષ્પોથી શોભતાં. તેના નાના ચોરામાં બેસી રાત્રે ગુજરાતી શીખવતો. વૃદ્ધ સ્ત્રી અને પુરુષો આવતાં. તેમના સંકોચનો કોઈ પાર ન હતો. શરમાતાં શરમાતાં કક્કો ઘૂંટતાં.

એક રાતે વર્ગ પૂરો થયા પછી હું ઊઠવા જતો હતો ત્યાં એક હરિજન મારી પાસે આવ્યો. કહે, 'સાબ ! મારા મેપલાને કંઈક ગિનાન આલો. સાવ રખડુ થઈ ગ્યો સે.' મેં મેપલાને પાસે બોલાવ્યો. પૂછ્યું, 'તારી બા ક્યાં છે ?' મને તે તેનાં ઘર સુધી દોરી ગયો. ત્યારે તેની ઉંમર દસ વરસની. મેં મેપલાને ખભે હાથ રાખી એની મા પાસે પીવા પાણી માંગ્યું. એને સંકોચ થયો. ઉજળિયાત બ્રાહ્મણ ઢેઢનાં ઘરનું પાણી પીએ ? હું તેનો સંકોચ સમજી ગયો. મેં કહ્યું, 'આ મેપલો મારો નાનો ભાઈ છે. ભાઈનાં ઘરનું પાણી પીવામાં શું વાંધો ?' ચળકતા લોટામાં પાણી આવ્યું,. મેં હસતા હસતા પીધું. મેપલાનાં મોં પરના હાવભાવ જોતો જાઉં. મારે તેનામાં વિશ્વાસ પેદા કરવો હતો કે કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. હું નથી માનતો કે તે મારી ભાવના સમજી શક્યો હોય, પણ મારા પ્રત્યે તેને લાગણી બંધાણી હશે એવું લાગ્યું. પછી તો હું જ્યાં જતો, જે કાંઈ પ્રવૃત્તિ કરતો, હું તેને મારી સાથે રાખતો. મેપલો તેની બા સાથે શેરી વાળવા જતો ખરો પણ તેના વાસમાં 'ભણેલા મેપલા'ની સાખ બંધાણી. હું જ્યારે લીંબડી નગરપાલિકાનો કાઉન્સિલર ચૂંટાયો ત્યારે તેને સારી નોકરી અપાવી. શેરી વાળવાને બદલે ઓફિસમાં પટાવાળાનું કામ મળ્યું.

આ વાતને વર્ષો વીતી ગયા. લીંબડીથી માંગરોળ, માંગરોળથી વઢવાણ અને વઢવાણથી દારેસલામ (પૂર્વ આફ્રિકા) હું પહોંચી ગયો. ૧૯૬૦માં આફ્રિકાથી પહેલી વાર ભારત રજા ભોગવવા આવ્યો. લીંબડી પહોંચ્યો. ઘરમાં જનોઈ અને લગ્નનો સંયુક્ત પ્રસંગ થનાર હતો. લીંબડીના મારા જૂના સાથીઓ મુંબઈ જઈ ધંધામાં સ્થિર થયેલા. તેઓ પણ આ શુભ પ્રસંગે આવ્યા. બટુકનો બળવો દોડવાનો હતો. ઢોલી આવ્યો. મારા મિત્ર નવીનભાઈએ અને સુબોધભાઈએ તેની પાસેથી ઢોલ લઈ જાતે વગાડવા માંડ્યો. ઢોલી ખૂણામાં બેઠો બેઠો રડે. કોઈએ મારું ધ્યાન દોર્યું. મને થયું કે તેનો ઢોલ લઈ લીધો એટલે રડતો હતો. મેં ઢોલ પાછો મેળવી તેને આપવા માંડ્યો. તે ઊભો થઈ મારા પગમાં પડ્યો. ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડવા માંડ્યો. માથે કાળી ટોપી, ફાટેલું પહેરણ, પંચિયું, ઉઘાડા પગ. છાનો રહે નહીં. મેં તેના બાવડા ઝાલી બેઠો કર્યો. રડતા રડતા મને કહે, 'સાબ ! મને માફ કરો.' હું કાંઈ સમજ્યો નહીં. મેં પૂછ્યું, 'શેની માફી માગે છે ?' તો કહે, 'સાબ ! મને ઓળખ્યો નઈ ? હું મેપલો ! તમારો વિદ્યાર્થી.' હું તેની સામે તાકી રહ્યો. ડાચું બેસી ગયેલું. દાઢી વધી ગયેલી. સૂકલકડી શરીર. આંખના ડોળા ફરતી કાળી ઝાંય. મારાથી બોલી જવાયું, 'અરે ! તારી આવી દશા ? તને શું થયું છે ? તું તો નોકરી કરતો હતો ને !' એણે આંખો લૂછી. જરા સ્વસ્થ થઈ મને કહે, 'હા, સાબ ! પણ હું અકરમી. દારૂની લતે ચડી ગયો. તમે આપેલું ભણતર બોળ્યું. નોકરી ગઈ, કાઢી મૂક્યો. ખુવાર થઈ ગયો. હવે ઢોલ પીટું છું ને શેરીઓ વાળું છું.' હું સ્તબ્ધ થઈ ગયો.

બીજે દિવસે હું તેના ઘરે હરિજનવાસમાં ગયો. તેના બાપ ગૂજરી ગયેલા. તેની મા વૃદ્ધ થયેલી. કેડેથી વાંકી વળી ગયેલી. મેં પાણી માંગ્યું. મા કહે, 'માસ્તરસાબ ! અમ પાપીના ઘરનું પાણી પીસો મા. આ નખોદિયો. કપાતર પાક્યો. ઈનો ભરોસો રાખસો મા.' મેં આગ્રહપૂર્વક પાણી માગ્યું અને પીધું. એક લોટો મેપલાને આપીને કહ્યું, જા, તારું મોઢું ધોઈ આવ. પછી મારી સામે બેસ.' તે બેઠો. મેં કહ્યું, 'મેપલા ! તારે કાંઈ કહેવું છે ?' મેપલો કહે, 'મને લતમાંથી છોડાવો. મારે પાછું ભણવું છે, તમારો સાથ હોય તો.' મેં કહ્યું, 'જો મેપલા ! કોઈ કોઈને છોડાવતું નથી. જાતે છૂટવું પડે છે. અને મારા સાથની વાત કરે છે ! હું બહુ છેટો છું, છેક આફ્રિકામાં. સાથ તો બધા આપે, **પણ ઊડવાનું તો પોતાની જ પાંખે**. તારું મન મકકમ કર.' વચ્ચે તેની મા ઘૂરકી, 'ઈ રોયો કોઈનું નઈ માને. લક્ષ્મીએ દાટ વાળ્યો. નાહકના તમ તમારો ટેમ બગાડો સો !' મેં કહ્યું, 'મેપલા ! આ બુઢ્ઢી મા સામે તો જો. એણે તારા માટે કેવાં અરમાન રાખ્યાં હશે ? શીદને એનું ઘડપણ બગાડશ ?' તે ઘડીભર મૂંગો રહ્યો. ઊભો થઈ મારા પગમાં પડ્યો. પછી એની માના પગમાં પડી રોતા રોતા બોલ્યો, 'માડી ! હવેથી તારો આ મેપલો, દારૂને હાથ અડાડસે નહીં. અડાડું તો આ માસ્તરસાબના સોગન. હું ફાટી પડું.'

૧૯૭૦ના અરસામાં આફ્રિકાથી ફરી ભારત જવાનું થયું. આ વખતે હું સીધો ઈન્દોર ગયો. મારા ભાઈઓ ત્યાં ધંધામાં સ્થિર થયેલા. ઈન્દોરથી લીંબડીની મુલાકાતે આવ્યો. સ્ટેશને ઉતરી નગરપાલિકાની બસમાં બેઠો. ગામ ભણી બસ ચાલી. કંડક્ટર આવ્યો. મને ટિકિટ આપી. મેં પૈસા આપવા માંડ્યા. મેં સામું નહીં જોયેલું. હાથમાં પૈસા એમના એમ રહ્યા. પાછો વળીને જોઉં તો કંડક્ટર હસતો હતો. કહે, 'અરે સાબ ! તમારા પૈસા તે લેવાના હોય ? હું મેપલો.' અરે વાહ ! ખાખી વરદીમાં, મોઢું ક્લીન શેવ્ડ. અપ ટુ ડેટ. એને જોઈ હું રાજી થયો. ઊભો થઈ તેને ભેટ્યો. મેં કહ્યું, 'તું તો કંડક્ટર બન ગયો !' કહે, 'હા સાહેબ ! મેં મેટ્રિક કરી. નોકરીએ લાગ્યો. હવે કંડક્ટર યુનિયનનો સેક્રેટરી પણ છું.' તેની આંખમાં હરખનાં આંસુ હતાં. બીજે દિવસે હું તેના ઘરે ગયો. હરિજનવાસમાં તેની મા ખાટલે બેઠેલી. પાસે નાની વહુ દાણા વીણતી હતી. માએ ઊઠી મારા મીઠડાં લીધાં. વગર માગ્યે ચળકતા લોટામાં પાણી આપ્યું. વહુને કહે, 'જો બેટા ! આ માસ્તરસાબ, મેપલાના ગરુ સે. પાયલાગણ કરો.' વહુ ઊઠી. મને પગે લાગી. મેં આશીર્વાદ આપ્યા. મેપલો શરમાતો શરમાતો બેસી રહ્યો. અભણ અને અજ્ઞાની લોકોનાં અંતરમાંથી ઊંડેથી ઊઠેલી શુભ લાગણીઓ એ જીવનનું ભાથું બની ગઈ.

●

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

જ નહોતો; છતાં કાર્ડ આડું-અવળું મૂકાઈ જાય, ભૂલથી પસ્તીમાં જતું રહે, આવી આવી શક્યતાઓના વિચારો આવવા લાગ્યા. ચિંતાએ ધીમે ધીમે ઘેરું સ્વરૂપ પકડ્યું. એવા વિચારો પણ આવવા માંડ્યા કે ચિંતાને કારણે બ્લડ પ્રેશર વધશે અને બ્લડ પ્રેશર વધશે તો કાં તો હાર્ટઍટૅક આવશે કાં તો પેરાલિસીસ થઈ જશે... આવા વિચારો પછી મને લાગ્યું કે, આવા વિચારો જોર પકડશે તો હાર્ટઍટૅક કે પેરાલિસીસ નહીં થાય તોય હું ગાંડો તો જરૂર થઈ જઈશ. એના કરતાં કાર્ડ બિલકુલ સલામત રહે એવો ઉપાય શોધવામાં જ ડહાપણ છે, એમ મને લાગ્યું. મેં બૅન્કના મૅનેજર (કાર્ડ આપનાર સિવાયની બૅન્કના) એવા મારા એક મિત્રને એમની બૅન્કમાં વરસ માટે લૉકર ભાડે આપવા વિનંતી કરી. મૅનેજર મિત્રને ભારે નવાઈ લાગી. લૉકરમાં મૂકવા માટે મારી પાસે એવું કશું છે નહીં એ મિત્ર જાણતા હતા; પણ મૅનેજર તરીકે ક્લાયન્ટને લૉકરમાં શું મૂકવું છે એમ પૂછાય નહીં, એટલે એમણે મને કશું પૂછ્યું નહીં અને મને લૉકરની સુવિધા કરી આપી.

◆◆◆

મારું ક્રેડિટ કાર્ડ હવે લૉકરમાં સલામત છે. ક્રેડિટ કાર્ડ મફતમાં મળ્યું છે; પણ એને સલામત રાખવા માટે હું હાલ લૉકરનું ભાડું ભરી રહ્યો છું.

[F/67, Ratilal Park, Darpan Paanch Rasta, S.R. Maarg, AHMEDABAD - 380 014, India]

*(સદ્દભાવ : 'સન્ડે ઈ-મહેફીલ', વર્ષ : ત્રીજું, અંક : 152 - May 4, 2008 ; 'વિજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર)*

*માનવજાત માટે તમે કોઈક વિજય મેળવો,*
*તે પહેલાં મરવામાં લ્યાનત અનુભવજો.*

# ક્રેડિટ કાર્ડ

○ રતિલાલ બોરીસાગર

એક દિવસ ડોરબેલ વાગી. મેં મંગલ મંદિર ખોલ્યું ને જોયું તો 'દ્વાર ઊભો શિશુ ભોળો.' જો કે શિશુ તો ન કહેવાય, અઢાર-વીસ વરસનો યુવાન હતો; પણ એનો ચહેરો શિશુ જેવો માસૂમ હતો. મેં એને આવકાર્યો, બેસાડ્યો, પાણી આપ્યું અને પછી આવવાનું પ્રયોજન પૂછ્યું. યુવાને એક રાષ્ટ્રીયકૃત બૅન્કનું નામ આપી મને પૂછ્યું, 'અંકલ ! આ બૅન્કમાં તમારું પી. પી. એફ. એકાઉન્ટ છે ?'

'હા,' મેં કહ્યું.

'એમાં લાખ રૂપિયાનું બૅલેન્સ છે ?'

'હા,' મેં કહ્યું. મેં 'હા' કહી - એમાં સત્ય જરૂર હતું, પણ હરીશ્ચંદ્રનું સત્ય નહોતું; યુધિષ્ઠિરનું સત્ય હતું. ઈન્કમટૅક્સમાં રાહત મળે એ હેતુથી એક મિત્ર પાસેથી દર વર્ષે પંદર-વીસ હજાર રૂપિયા લઈ, પી.પી.એફ.ના મારા નામના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. મુદત પૂરી થયે આ પૂરેપૂરી રકમ મિત્રને આપી દેવાની હતી - વ્યાજ સહિત. મેં તો કેવળ સાક્ષીભાવે રકમ જમા કરાવી હતી ને મુદત પૂરી થયે સાક્ષીભાવે પૈસા લેવાના હતા. 'બેફામ'ના, મરણ વિશેના પેલા શેર - 'અવસર મારો હતો ને મારી હાજરી નહોતી' - ની જેમ પૈસા મારે નામે હતા; પણ મારી માલિકીના નહોતા.

'બૅન્ક તરફથી તમને 'ક્રેડિટ કાર્ડ' મળી શકે તેમ છે.' યુવાને કહ્યું.

'ક્રેડિટ કાર્ડની ફી કેટલી?'

'મફત, તદ્દન મફત ! એક વરસ સુધી.'

'વરસ પછી?'

'વરસ પછી તમારી ઈચ્છા હોય તો નક્કી કરેલી ફી ભરી, કાર્ડ ચાલુ રાખી શકો છો. ઈચ્છા ન હોય તો બંધ કરી શકો છો; પણ વરસ સુધી તો કશી ફી નહીં. સાવ ફ્રી.'

'તમારી અને તમારી બૅન્કની મારા માટેની લાગણી બદલ હું આભારી છું; પણ મારે ક્રેડિટ કાર્ડની જરૂર નથી.'

'પણ અંકલ, કાર્ડ તદ્દન મફત મળે છે ! કાર્ડ પર તમને તાત્કાલિક ત્રીસ હજારની લોન મળી શકશે. એ. ટી. એમ.ની પણ સગવડ છે.' આ એ. ટી. એમ. એટલે શું એ હું સમજી શક્યો નહીં; પણ આપણા જ્ઞાનનું પ્રદર્શન કરવાનો આપણામાં જેટલો અને જેવો ઉત્સાહ હોય છે, તેટલો અને તેવો અજ્ઞાનનો એકરાર કરવાનો નથી હોતો. એટલે એ. ટી. એમ. એ ત્રણ અક્ષરો દ્વારા શું સૂચવાય છે એ મેં પૂછ્યું નહીં.

'તમારી વાત બરાબર છે.' મેં કહ્યું, "ક્રેડિટ કાર્ડના ઘણા લાભ હશે; પણ હવે મારે એનો ખપ નથી. નોકરીમાંથી નિવૃત્ત થયો તેની સાથે લોન લેવામાંથી પણ નિવૃત્ત થઈ ગયો છું.'

"બટ અંકલ, યુ નો, આમાં કાર્ડની સાથે આઠ લાખ રૂપિયાનો વીમો પણ બૅન્ક ઉતરાવશે અને એનું પ્રિમિયમ પણ બૅન્ક ભરશે. ધારો કે કાલે કંઈ થઈ જાય તો કશું ન મળે; પણ ક્રેડિટ કાર્ડ મળ્યા પછી, ધારો કે અંકલ, તમે સડન્લી ઑફ થઈ જાવ તો આઠ લાખ રૂપિયા મળે !'

'સ્વર્ગમાં ?'

'ના, અહીં જ, તમારા ઘરના સભ્યોને આઠ લાખ રૂપિયા મળે.' કોઈ સંત મહાત્માની જેમ આ યુવાન મને જીવનની ક્ષણભંગુરતાનો ખ્યાલ આપી રહ્યો હતો અને આ ક્ષણભંગુરતાનો પૉઝિટિવ ઉપયોગ કરવા સમજાવી રહ્યો હતો. આમ છતાં, કાર્ડ લેવાનો મારો ઉત્સાહ વધ્યો નહીં. પરંતુ અત્યાર સુધી યુવાન સાથેનો મારો સંવાદ તટસ્થપણે સાંભળી રહેલા મારા ઘરના સભ્યો આઠ લાખ રૂપિયાના વીમાની વાત સાંભળી, એકદમ ઉત્સાહમાં આવી ગયા. "કાર્ડ મફત મળે છે તો લઈ લો ને !" એવો અભિપ્રાય સર્વાનુમતે વ્યક્ત થયો. મને થયું : 'જીવતાં તો આ લોકોને કશા કામમાં ન આવ્યો; પણ મરીને કામમાં આવી શકાતું હોય તો પણ કશું ખોટું નહીં.' એમ વિચારી મેં કાર્ડ માટે સંમતિ આપી. "થેન્ક યુ અંકલ ! આવતી કાલે મારા એક સાહેબ આવશે અને ફૉર્મ ભરાવી જશે" કહી, યુવાન વિદાય થયો.

◆◆◆

આમ જુઓ તો, મારું આજ સુધીનું જીવન ક્રેડિટ પર સઘળી જીવનજરૂરિયાતો લેવામાં જ વીત્યું છે. જ્યાં જ્યાં નોકરી કરી છે, ત્યાં ત્યાં જે જે લોનો ઉપલબ્ધ હતી, તે તે લોનો મેં હંમેશાં લીધી છે. એક લોન ભરવા બીજી લોન અને બીજી ભરવા ત્રીજી લોન - એમ લોનની શૃંખલા મારા જીવનમાં રચાતી રહી છે. મારા પગારપત્રકમાં લોન અંગેનાં જેટલાં ખાનાં હોય તે સઘળાં હંમેશાં ભરાયેલાં રહેતાં. નિવૃત્ત થયો ત્યારે મારા છેલ્લા પગારમાંથી ઑફિસમાંથી લીધેલી મકાનની લોનની રકમ એડજસ્ટ કરવામાં આવી હતી. પગારની રકમ ઉપરાંત થોડી રકમ ગાંઠની (અલબત્ત, ઉછીની લઈને) ઉમેરીને મેં ઑફિસની મકાનની લોન સરભર કરાવી હતી. ઑફિસની ક્રેડિટ કો-ઑપરેટિવ સોસાયટીમાંથી વધુમાં વધુ લોન લેવાનો રેકર્ડ મારે નામે નોંધાયો છે. આ રેકર્ડ, મારી નિવૃત્તિ પછી પણ, હજુ અકબંધ છે. જીવનજરૂરિયાતની બધી જ ચીજવસ્તુઓ આજીવન ઉધાર લીધી છે. સ્કૂટર, રેડિયો, ટૅલિવિઝન, ફર્નીચર, પુસ્તકો, પુસ્તકો રાખવા માટેના કબાટનું લાકડું, પેન્ટ-શર્ટ માટેનું મોંઘું કાપડ - બધાં જ ક્રેડિટ ઉપર. જીવનની સૌથી મહત્ત્વની બે બાબતો પણ ક્રેડિટ પર લીધેલા પૈસાથી જ સિદ્ધ કરી હતી. ઘર બંધાયું (લગ્નના અર્થમાં) તે પણ ક્રેડિટ પર લીધેલા પૈસામાંથી અને ઘર(મકાન) બંધાવ્યું તે પણ મિત્રોના પૈસામાંથી ને પછી ઑફિસની લોનમાંથી. મિત્રોની અને ઑફિસની લોનમાંથી બનેલો મારો ફ્લૅટ જે સોસાયટીમાં આવેલો છે તે ૯૬ ફ્લૅટની આખી સોસાયટી મારા નામની છે - 'રતિલાલ પાર્ક'. ચમત્કારો આજેયે બને છે !

ઉપરની યાદી હજી લંબાવી શકાય તેમ છે; પણ સૅમ્પલ માટે આટલું પર્યાપ્ત છે. આ બધું જ ક્રેડિટ પર મેળવવા મારે બૅન્કના કાર્ડની ક્યારેય જરૂર પડી નહોતી. અલબત્ત, એ વખતે જો બૅન્કનું ક્રેડિટ કાર્ડ મને મળ્યું હોત તો મારી પાસે કદાચ ફ્લૅટને બદલે આજે બંગલો હોત ને સ્કૂટરને બદલે ગાડી હોત ! જો કે, મને આવું કાર્ડ આપનાર બૅન્ક, આ જ કારણે, કદાચ આજે ન પણ હોત ! હવે જ્યારે નાણાંકીય વ્યવહારોમાંથી નિવૃત્ત થઈ ગયો છું ત્યારે બૅન્ક મને ક્રેડિટ કાર્ડ આપી રહી છે અને તે પણ તદ્દન મફત ! કવિએ નસીબ માટે કહ્યું છે - 'ન માગે દોડતું આવે, રહે એ દૂર માગે તો !' - એ કેટલું સાચું છે !

◆◆◆

બીજે દિવસે બૅન્કના ઑફિસર આવ્યા. કાર્ડ માટે મેં સંમતિ આપી તે બદલ એમણે મારો આભાર માન્યો. પછી મારા વિશેની વિગતો ફૉર્મમાં લખવા મને પ્રશ્નો પૂછ્યા. મેં ઉત્તરો આપ્યા. થોડાં ઉદાહરણો :

'અત્યારે તમારી આવક કેટલી ?'

'નિશ્ચિત કહી શકાય એવી કશી આવક નથી. વ્યાજની થોડી આવક છે; પણ સરકાર વ્યાજ ઘટાડી-ઘટાડીને એ વધુ થોડી બનાવી રહી છે. લેખક છું. લેખકોને ખૂબ પુરસ્કાર આપવો જોઈએ એમ માનું છું; પણ મળવો જોઈએ એટલો પુરસ્કાર મળતો નથી.'

'પેન્શન ?'

'હું જે નોકરી કરતો હતો, એમાં કામનું ટેન્શન ઘણું હતું; પણ એ નોકરી પેન્શનવાળી નહોતી.'

'ફોર વ્હીલર છે ?'

'ના. કારની લોન મળતી હતી; પણ પેટ્રોલ રોકડેથી લેવું પડે તેમ હતું, એટલે કાર લેવાનો વિચાર માંડી વાળેલો.'

'ટુ વ્હીલર છે ?'

'ઑફિસની લોન પર સ્કૂટર લીધેલું. ઘણાં વરસ વાપર્યું; પણ જૂનું થઈ ગયું એટલે કાઢી નાખ્યું. અત્યારે કાઈનેટીક ફેરવું છું - પણ એ મારી પુત્રવધૂની માલિકીનું છે. એની મંજૂરી મળે ત્યારે ફેરવું છું.'

આ માણસ લોન લેશે અથવા ક્રેડિટ કાર્ડ પર કોઈ ફાઈવ સ્ટાર હૉટલમાં નિવાસ કરશે તો બૅન્કની શી હાલત થશે એવી ચિંતા બૅન્કના આ અધિકારીને થઈ હોય એવું મારા જવાબો પછી વીલા પડી ગયેલા એમના ચહેરા પરથી મને લાગ્યું. આમ છતાં; કાર્ડ માટે હું પાત્ર હતો (ભલે, 'સુપાત્ર' ન હોઉં) એટલે એ કશું બોલ્યા નહીં. મારા વિશેની વિગતોવાળા ફૉર્મમાં મારી સહી કરાવી અને પછી 'થેન્ક યુ' કહી વિદાય થયા.

◆◆◆

બૅન્કનું ક્રેડિટ કાર્ડ મળ્યા પછી મેં છાપામાં વાંચ્યું કે, ક્રેડિટ કાર્ડનો નંબર કોઈ જાણી જાય તો એનો દુરુપયોગ થવા સંભવ છે. આ વાંચી હું ગભરાયો. આમ તો કાર્ડનો ઉપયોગ હું કરવાનો

(અનુસંધાન ૨૩ પાનાં પરે)

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 275 · ગ્રાહક : 187 · [20.05.2008]